

બારણા માટે લોખંડની જાળીનું ડિઝાઈન • કલ્પક: રવિશંકર રાવળ (કૉપીરાઈટ)


કુમાર

આવતી કાલનાં નાગરિકોનું પત્ર

વર્ષ ૧૬ અંક ૧૦ · ઑક્ટોબર ૧૯૩૯ · સળંગ અંક ૧૯૦ તંત્રી રવિશંકર રાવળ · સંપાદક બચુભાઈ રાવત

પરામર્શ

સમાજ શું, ધર્મ શું કે રાજકારણ શું, એ તમામ સામે બંડ ઉઠાવનાર ને એ સર્વની બહેતરી માટે મથનાર જ્વલંત સેવાભાવી શ્રી લખમીદાસ રવજી તેરસીની યાદ આપણાથી ન ભૂલાવી ઘટે. આ અંકમાંનું એમનું ચરિત્ર એમના કાર્યજીવનથી તમને વાકેફ કરવા બસ થશે. ❡ 'નવો અખતરો' શરૂ કર્યાં પછી આ અંકે તમે માણસની પરાર્થ અને સ્વાર્થવૃત્તિ વચ્ચેના તીવ્ર સંઘર્ષ સુધી આવી પહોંચશો. સુબોધ એની પોતાની બાજી રચવા હવે ઉદ્યુક્ત થાય છે. એની માનસિક અસ્થિરતા તમને અસ્વસ્થ બનાવવા સાથે થોડું આત્મદર્શન કરવા પ્રેરે તો યે નવાઇ નહિ. ❡ દુનિયાભરની ઊંડામાં ઊંડી 'સોનાની ખાણ' જોઇ આવ્યા પછી તેના પરનું સ્ફૂર્તિભર્યું ચિંતન શ્રી કાલેલકર આપણને આપે છે અને કહે છે, 'એ અમે જોઇ આવ્યા અને માણસ કેવો છે એ સમજી શક્યા.' ❡ 'નંદાદેવીનો શિરઃસ્પર્શ' માનવપ્રાણનું સામગાન આલાપવા સાથે આપણા સુપ્ત પ્રાણને થોડી પ્રચેતના પણ આપે છે, જ્યારે શ્રી 'વનેચર' આ વખતે પ્રકાશના પુત્ર સમા એક પ્રસન્નચેતા પક્ષિવિશેષની પિછાણ આપે છે. ફૂલના મધથી જીવનારો એટલે એનું નામ શક્કરખોરો. જેના અગાધ રૂપરાશિનું રહસ્ય હજુ અછતું રહ્યું છે એવા એ પંખીની ઓળખાણ જરૂર કરી લેજો. ❡ 'નવી નજરે' પુરસ્કારતા વાચકોનો તો એ વિભાગે આદર મેળવી જ લીધો છે, જીવનને અનુષંગી તથા એને સ્ફુરાયમાણ બનાવી શકે એવા પ્રશ્નોની એમાં આવતી છણાવટ તમને જીવન અને વ્યવહારમાં ઉપેક્ષા પામતા અનેક પ્રશ્નો ફરી હાથ પર લેવા લલચાવશે; જ્યારે નિયમિત વાંચનારાઓ માટે એ પછી 'જીવનનું પરોઢ', 'પંચતંત્રની વાર્તાઓ,' નાનામોટા વિવિધ વિભાગો વગેરે પડ્યાં જ છે.



મુદ્રક· બચુભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક- રવિશંકર રાવળ; કુમાર પ્રિન્ટરી કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ; વાર્ષિક રૂ. ૬, પ્રદેશના રૂ. ૬ા. પરદેશના ૧૨ શિ. છુટક ૯ા આના, મુંબાઇના ખાસ કૅન્વાસિંગ એજન્ટ અને જાહેરખબરના સોલ એજન્ટ શિશુસાહિત્ય ભંડાર પ્રિન્સેસ સ્ટ્રીટ; બીજા એજન્ટો; આર. આર. શેઠની કું. અને રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ



ફોટો • જગન્નાથ મહેતા

સરાણીઆને

સજવા તલવાર એવી માંડો સરાણીઆ!

વાયુ નચાવે જેવી સરવરીએ પોયણી,
નમણે મરોડ રૃહેતી નાચી સરાણીઆ!

મુરલીના નાદે પેલો ફણીધર ડોલતો,
એના રે દંશ શી, ન કાચી સરાણીઆ!

એકી નિપાતે તોડે શૈલોનાં શૃંગ એવા
વજ્જરની ચોટથી હો આંકી સરાણીઆ!


લીસી મશરૂ શી, ઠંડી મૃત્યુના હાથથી
જવારીના પાન શી હો બાંકી સરાણીઆ!

આભનાં તે ગાભ ચીરી ચમકંતી વીજળી
એની શત જીભથી યે તાતી સરાણીઆ!

મ્યાને ચીતરજો એને માતા કો લાલને
હરખે પોઢાડે હાલાં ગાતી સરાણીઆ!

બીજી સૌ વાત આજે છાંડો સરાણીઆ!
સજવા તલવાર એવી માંડો સરાણીઆ!

અશોક હર્ષ




મંડીનાં જોષી દંપતી

● મંડીની હાઈસ્કૂલના હેડમાસ્તર શ્રીયુત હરિશ્ચન્દ્ર જોષી ઉપર ડૉ. કઝિન્સે ચિઠ્ઠી આપી હતી. એક મજૂર લઈને તેમના ઘર તરફ ચાલી નીકળ્યો. મંડી પહાડોનું એક સુંદર શહેર છે; મંડી રાજ્યનું પાટનગર છે; ડામરની સડક ને વીજળીની રોશનીથી સ્વચ્છ લાગે છે. શ્રી જોષીનાં પત્ની શ્રીમતી તારાબેન જોષી પણ મંડીની કન્યા હાઈસ્કૂલનાં પ્રિન્સિપાલ છે. ઉભય પતિપત્ની યુ. પી.નાં મહારાષ્ટ્રીય છે. તેમનું ઘર મંડીમાં પેસવાના ઝૂલતા પુલ પાસે એક આગળપડતા ટેકરા ઉપર જ હતું. સુંદર ફૂલોની ક્યારીઓથી શોભતો તેમનો નાનકડો બગીચો મેં જતી વખતે જોએલો, પણ મને ખ્યાલ નહોતો કે ત્યાં મને આતિથ્ય, આદર અને સુંદર મૈત્રીનો અવસર મળશે. હું પહોંચ્યો તે વખતે શ્રીમતી તારાબેન જોષી બગીચામાં નદીના પટ સામે ખુરશી નાખી એકલાં કંઈક વાંચતાં હતાં. મેં નમસ્કાર કરી ડૉ. કઝિન્સની ચિઠ્ઠી તેમના હાથમાં મૂકી. તે તેમણે વાંચી અને પોતાના નોકરને બોલાવી મારો સામાન એક ખંડમાં મુકાવ્યો. મિ. જોષી ક્લબમાં ગયા હતા તે થોડી વારમાં આવશે એમ જણાવી મારા માટે ચા અને સ્નાનની ગોઠવણ કરી. મિ. જોષી આવ્યા તે પહેલાં હું કપડાં બદલી હળવો થઈ બહાર આવ્યો. મિ. જોષીએ સરળતાપૂર્વક મારી પિછાન કરી લીધી. તેમની બે નાની દીકરીઓ શીલા અને લીલા પણ આ સુશિક્ષિત દંપતીના સુમેળની લાડકીઓ જેવી હતી. સાદા અને કરકસરભર્યા સંસારમાં પણ જીવનની કેટલીક મજા તેમણે સાચવી હતી. પહાડોમાં વિજળી સુલભ થઈ છે. તેનો લાભ લઈ તેઓ રેડીઓ દ્વારા લાહોર, દિલ્હી, મુંબાઈ, કલકત્તા, વગેરે સાથે રોજનો સંબંધ બાંધી સંસ્કારનો આનંદ મેળવતાં હતાં. તેમણે પહેલાં જ દિલ્હી પર કાંટો મૂકી સંગીત ચાલુ કર્યું. જમવા માટે ટેબલ ગોઠવ્યું, નોકર થાળીઓ મૂકી ગયો એટલે શ્રીમતી જોષી, મિ. જોષી અને હું એ સાદી સ્વાસ્થ્યપ્રદ રસોઈ જમતાં, વાતો કરતાં વધારે પરિચય પામ્યા. મુંબાઇની કેટલીક ઓળખાણો કાઢી. તારાબેન જોષીના નામ પરથી (સ્વ. ગિજુભાઈનાં સહકાર્યકર) તારાબેન મોડક યાદ આવ્યાં અને યોગાનુયોગે તેઓ પણ તેમનાં પરિચયવાળાં નીકળ્યાં. અજાણ્યા પરદેશપ્રવાસીની છાપ ભૂંસાડી હું જૂનો મિત્ર હોઉં એમ થોડી વારમાં તેમણે મને સ્વસ્થ બનાવી દીધો. સવારે મારો વિચાર મંડી જોઈ લેવાનો અને થોડા ફોટોગ્રાફો લેવાનો છે એમ જણાવ્યું એટલે તેમણે આખા દિવસમાં ક્યારે અને ક્યાં જવું તે ગોઠવી આપ્યું. સવારમાં મેં તેમની સ્કૂલની પ્રાર્થના અને ડ્રિલ જોઈ. પહાડમાં કેળવણીની કેટલી યે સરળતા અને સગવડો છતાં રાજ્ય, શિક્ષકો અને વિદ્યાર્થીઓમાં એક પ્રકારની જ્ઞાન તરફની બેપરવાઇ સહજ છે. તેને હઠાવી નવી દૃષ્ટિથી કેળવણી અને સંસ્કાર આપવાના શ્રી જોષીના પ્રયત્નોમાં તેમનું ઉચ્ચ માનસ અને કવિત્વ સમજાયાં. પછી મને પણ ખબર પડી કે તે ઉત્તમ પ્રકારના લેખક અને કવિ પણ છે; સારા ચિત્રકાર પણ છે. એમ. એ. થએલા, ઇંગ્લંડથી શિક્ષણની ડિગ્રી મેળવી આવેલા આવા તરુણને આ ખૂણે પીંજરાએલા જોઈ હું બહુ આશ્ચર્ય પામ્યો. તેમની સ્કાઉટિંગની પ્રવૃત્તિમાં તેમણે પહાડોનો પરિચય અને અભ્યાસ વિદ્યાર્થીઓમાં વધાર્યો હતો. પહાડોના નકશા, મૉડેલો વગેરે કરાવ્યાં હતાં. પહાડોનાં પ્રાણી પશુ ખનીજ વનસ્પતિ વગેરેની નોંધો કરાવી હતી. એમ પહેલાં સ્વભૂમિને ઓળખી જ્ઞાનનો વિસ્તાર કરવાનું ધોરણ અમલમાં મૂકતા મેં તેમને જોયા. સાંજે વિદ્યાર્થીઓ આગળ પ્રો. શેરીક વિષે બોલવાનું કહી મેં મંડી જોવા માંડ્યું.



● ● પંજાબમાં અમૃતસર થઇ પઠાણકોટને રસ્તે બૈજનાથ પાપ્રોલા, મંડી, કુલુ અને નગ્ગરનો માર્ગ દર્શાવતો નકશો. કાળી લીટીવાળો ભાગ હિમાલયનો પહાડી પ્રદેશ બતાવે છે ● ●



ડાબી બાજુ: મંડીનાં શિવમંદિરોના નંદી આપણે ત્યાંની પેઠે બેઠેલા નહિ પણ ઊભા હોય છે. તેના પગ વચ્ચે શિવનો પ્રિય સર્પ છે. પાછળ પૃષ્ઠ સ્પર્શી કરીને ભક્ત ઊભેલો છે. જમણી બાજુ: મંડી શહેરની મધ્યમા આવેલો, નેપાળી બાંધકામની ઢબનો ટાવર


મંડી

● મંડીનાં દેવળો જોતાં તે ઉપર ભુવનેશ્વરના મંદિરની છાયા સ્પષ્ટ લાગી. પછીથી તેનો ઇતિહાસ જાણતાં તે બાબત ચચૂક ખાત્રી થઇ કે બિહારના સેન રાજાઓ ૧૪મા સૈકામાં અહીં આવ્યા અને રાજ્ય સ્થાપ્યું તે વખતના એ અવશેષો છે. આજે એ જ રાજવંશ ચાલુ છે અને રાજાઓના નામને છેડે સેન શબ્દ આવે છે. એ વખતથી મંડીમાં કેટલાંક દેવાલયો તીર્થની પ્રતિષ્ઠા પામેલાં છે. કેટલુંક મૂર્તિનિર્માણ પણ સુંદર છે. આખા કુલુ પ્રાંતમાં એક જ પ્રકારનું મંદિર-સ્થાપત્ય છે તેમાં આ રાજ્ય-વિસ્તાર જ કારણભૂત છે. મંડી રાજ્યમા બીઆસ નદી અનેક ઠેકાણે ઊંચેથી પછાડ ખાતી આવે છે, એટલે પાણીની સપાટી ઘણે ઠેકાણે સેંકડો ફૂટ ઊંચી રહે છે. એવે દરેક ઠેકાણે પ્રવાહને ઢાળમાં લઇ બાંધેલાં જળચક્કીઓનાં થાણાં ને થાણાં નદીમાં દેખાય છે. પણ હવે પંજાબ સરકારે મંડી તાબેના જોગેન્દ્રનગરમાં વીજળી ઉત્પન્ન કરવા એક મોટામાં મોટું મથક બાંધ્યું છે અને એટલો જળપ્રવાહ બાંધ્યો છે કે તેના બળથી આખા પંજાબ પ્રાંત માટે વીજળીક બળ ઉત્પન્ન કરી શકાશે. આથી જોગેન્દ્રનગર એક અજબ સંસ્થાન બન્યું છે. ઈજનેરો, કામદારો અને વહીવટદારો માટે સુંદર બંગલા, રસ્તા અને વાહનની ને વીજળીક સગવડો ત્યાં કરેલી છે એવી જગતમાં થોડીક જ જગ્યાએ હશે એમ કહેવાય છે. આ યોજનાનો લાભ આખા પંજાબને હજુ પહોંચી શક્યો નથી, પણ તે પોતાના રાજ્યમાં કરવાની અનુકૂળતા આપવા બદલ મંડી રાજ્યને વીજળીક બળ મફત મળે છે, એથી પ્રજાને પણ બહુ સસ્તામાં વીજળીપ્રવાહ મળે છે.

આખો દિવસ મંડી જોવામાં ગાળ્યો. ફોટોગ્રાફો, નોંધો વગેરે કરી સાંજે ખૂબ થાકેલો, છતાં હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ આગળ પ્રો. રોરીક અને તેમની કળા ઉપર હિંદી (!) માં વાર્તાલાપ આપ્યો. પણ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને આ બોલનાર પોતાની જ જાતિનો અને દેશનો માનવી છે એનો આનંદ થતો હતો. શ્રી રોરીક તેમના જ પ્રદેશમાં વસ્યા છે છતાં તેમની કળા કે વ્યક્તિત્વ વિષે તેમને પહેલો પ્રકાશ આપનાર હું હતો તેનો સગર્વ આનંદ મને પણ થયો. રાત્રે મારાં યજમાનોની રજા લઈ લીધી.

અમૃતસરને માર્ગે

● સવારના ચાર વાગ્યે નોકરને જગાડી મોટર સ્ટૅન્ડ પર જઈ જગ્યા મેળવી અને પહાડો વટાવવા માંડ્યા. નવ વાગ્યે પાપ્રોલા તરફ આવતાં (અનુસંધાન પૃ. ૪૩૯ મે)



બીઆસ નદી ઓળંગી સામે તીરે મંડીમાં પ્રવેશ કરવાનો એક જ માર્ગ આ ઝૂલતો પૂલ છે

લખમીદાસ



★ પહેલદાર હીરા જેવું એમનું જીવન હતું. અને એ એકેક પહેલ એમના વ્યક્તિજીવનને વિશેષ મૂલ્યવાન બનાવતો હતો. એમનામાં જેટલો જોશ હતો એટલી જ સબૂરી હતી, જેટલી બંડખોર વૃત્તિ હતી એટલું જ શિસ્તનું ભાન હતું; અને એમનાં સ્પષ્ટવક્તૃત્વ તથા ટીખળવૃત્તિ તો સૌથી વધુ જાહેરાત પામેલાં જ છે. મુંબાઈના નૂર અને હિંદના બુદ્ધિધનના એક એકમ સમી એ વ્યક્તિ તે ગયા ઑગસ્ટની ૩૦મીએ અવસાન પામેલા શ્રી લખમીદાસ રવજી તેરસી, અથવા એમના હમવતની કચ્છીઓના માનીતા 'તેરસી બા.'

મુંબાઈની પ્રાંતિક કૉંગ્રેસ કમિટીમાં સ્વાગત માટે ગાંધીજીની રાહ જોવાઈ રહી હતી ત્યાં એક અવાજ આવ્યો, 'ગાંધીજી તો આવવાના છે પણ સાથે પોતાના એક વડિલને પણ લાવવાના છે.' સૌ એકાએક આશ્ચર્યચકિત થઈ ગયા. ત્યાં તો હસતાહસતા ગાંધીજી પ્રવેશ્યા. એમને એકલા જોઈ કોઈ ઉત્સુકથી ન રહેવાયું ને પ્રશ્ન કર્યો, 'ગાંધીજીના વડિલ ક્યાં!' ત્યાં તો મદ્રાસ લેજિસ્લેટિવ ઍસેમ્બ્લીના હાલના અધ્યક્ષ શ્રી બુલુસુ સાંબમૂર્તિ પ્રવેશ્યા ને એ અવાજ કરનારે તરત તેમની સામે આંગળી ચીંધી કહ્યું, 'જુઓ, આ ગાંધીજીના વડિલ. ગાંધીજીના અંગ પર ખાદીનું પંચિયું ને પહેરણ છે, જ્યારે સાંબમૂર્તિ લગભગ દિગંબર છે. ગાંધીજીના વડિલ સ્થાને એ નથી શોભતા!"

આ ટીખળી વિનોદ તેરસીનો. આ ટીખળ જ શ્રી તેરસીનું જીવનભરનું વૈશિષ્ટ્ય હતું. એમના ટીખળમાં વિનોદ કરતાં મર્મભેદી ઉપહાસ વધુ રહેતો, પણ તેમાં સારાસારનું વિચારબાહ્ય સહેજ પણ ન ઊતરતું. અને એ ટીખળ વડે જ. એમણે એક વખત લોકોના શિરે સ્થાન પામી વખત જતાં એમને પગે કચડાતી સુલભ 'લોકપ્રિયતા'ને સદા દૂર રાખી હતી.

કૉંગ્રેસમાં એમને વિશ્વાસ હતો, પણ અંધશ્રદ્ધા નહિ. કૉંગ્રેસની દરેક બેઠકમાં હાજરી આપતા. એના કાર્યમાં ભાગ લેતા. પણ જ્યાં જરા સરખી તર્કદુષિતતાની ગંધ આવે ત્યાંથી તરત પોતાની જાતને અળગી કરી લેતા. 'ગોખલે-દેવધરના ઉપરણા કરતાં ગાંધીની લંગોટી વધુ સામર્થ્યવાન છે' એ શબ્દોવડે પૂનાની વ્યાસપીઠેથી એમણે જ મહારાષ્ટ્રીઓને સાચી વસ્તુસ્થિતિનું ભાન કરાવેલું. મુંબાઈ કોર્પોરેશનને પણ એમણે જ ગાંધીજીને માનપત્ર આપવાની ફરજ પાડી હતી. મુંબાઈની પ્રાંતિક કૉંગ્રેસ કમિટીના એ સંસ્થાપક સભાસદ હતા. પણ એમનો યુયુત્સાપ્રિય સ્વભાવ તડજોડવૃત્તિ કદી ન અપનાવી શક્યો. ગાંધીજીની વિચારસરણી પોતાની બુદ્ધિને અગ્રાહ્ય લાગતાં ને તેનાથી અલગ પડી ગયા. ધીમે ધીમે કૉંગ્રેસમાંથી પણ તેમણે પોતાનો પગ પાછો ખેંચી લીધો.

રવજી તેરસી

એમનું મૂળ નામ ધારસી ઠાકરસી હેમરાજ. એમના મામા રવજી તેરસીએ એમને દત્તક લેતાં તે લખમીદાસ રવજી તેરસી થયા. ઈ. ૧૮૭૬ના ઑક્ટોબરની ૨૩મીએ એમનો જન્મ. શ્રીમંતોના સામાન્ય સંસ્કારમાં જ એ ઊછર્યા, પણ એથી રંગાયા નહિ.

ઈ. ૧૮૯૯માં એ બી.એ. થયા. એમ.એ.ની ટર્મ પણ ભરેલી. પરંતુ માંદગીને કારણે પરીક્ષામાં ન બેસી શક્યા. એ માંદગીથી એમણે ભણતર પડતું મૂક્યું, પણ એમનો અભ્યાસ આજીવન ચાલુ રહ્યો. અને એ અભ્યાસ કેવો વિસ્તૃત અને તલસ્પર્શી હતો એ કચ્છ માંડવીના ભાટિયા મિત્રમંડળને એમણે આપી દીધેલાં એમનાં પુસ્તકોમાં એમને હાથે થએલાં અનેક ટાંચણો પરથી સમજાઈ આવે. કૉલેજમાંથી જ ફ્રેન્ચ સાહિત્યની એમને લેહ લાગેલી ને ફ્રેન્ચ રાજક્રાન્તિના પ્રણેતાઓ સમા વોલતેર ને રૂસોના તે સદાના આશક બન્યા. તેમાં યે વોલતેરે તો બહુ જબરો પ્રભાવ પાડ્યો ને એમણે જિંદગીનો આરંભ પણ વોલતેર જેમ નીતિચ્યુત ધર્મગુરુઓ પર હલ્લા આદરીને કર્યો.

ભાટિયા જ્ઞાતિમાં ત્યારે પ્રવર્તતાં અજ્ઞાન અને ધર્મઘેલછા તો જાણીતાં છે. 'કાકા કહાન'ના ચાબખા પણ એ જ્ઞાતિ સામે લાઈલાજ નીવડેલા. ત્યારે જ્ઞાતિના કેટલાક સુધારકોએ કાઢેલા ભાટિયા મિત્રમંડળમાં તે જોડાયા ને 'પોલપત્રિકા'માં એમણે પોતાની જ્ઞાતિમાં ચાલતા દંભ ને છળ ઉઘાડા પાડવા માંડ્યા. એમની કલમના ઝાટકા એવા તો નેમલક્ષી નીવડ્યા કે એથી ઘવાએલા અનેક સમાજસર્પો એમને દંશ દેવા તૈયાર થયા. 'પોલપત્રિકાને' એક કરતાં વધુ વાર કોર્ટે ચડાવવામાં આવી, પણ એ હલ્લાનું જોર નરમ ન પડ્યું. અંતમાં સિક્યૂરિટી તરીકે તેરસીએ ચારપાંચ લાખની પોતાની એસ્ટેટનાં કાગળિયાં કોર્ટને સુપ્રત કરી દીધાં, પણ પોતાનો મોરચો નબળો ન પડવા દીધો તે ન જ દીધો. આ ભોગ શક્તિ એટલા જ ધૈર્યની પ્રતીતિરૂપ છે.

પણ આથી યે વધુ પ્રમાણમાં સનાતનીઓને તેઓ અપ્રિય થઈ પડ્યા હોય તો તે અસ્પૃશ્યોદ્ધારની ચળવળથી. શ્રી વિઠ્ઠલ રામજી શિંદે તથા સર નારાયણ ચંદાવરકરના નેતૃત્વ નીચે હિંદમાં પહેલવહેલું જ એ ચળવળે માથું ઊંચક્યું ને સમાજના અન્યાયો પર સદા પ્રકોપમાન રહેતા તેરસીને તરત તેણે આકર્ષી લીધા. એમને નાત બહાર મૂકવાની ધમકી અપાઈ ને મૂકાયા પણ ખરા; સામાજિક બહિષ્કાર પણ એમણે વેઠ્યો; પણ એ જરા યે પાછા ન હઠ્યા. આવી દૃઢમૂલ ઝુંબેશે જ ધર્મગુરુઓના પાયા ઢીલા પાડ્યા એટલું જ નહિ, પણ એ પાયાની જડ જેવા ભાટિયા મહાજન મંડળને પણ નામશેષ બનાવી દીધું. પોતાનું જીવનસૂત્ર તો એમણે એક કેસમાં કોર્ટ વચ્ચે જાહેર કરેલું, 'મને જાત નથી, પાંત નથી; ધર્મ નથી, દેવ નથી; હું માત્ર હિંદુ છું.'

લોકમાન્ય ટિળક અને ઍની બેસંટે હોમરૂલની ચળવળ ઉપાડી કે તેરસીએ તેમાં ઝંપલાવ્યું ને ૧૯૧૬ થી ૧૯૨૧ સુધી તેમાં સક્રિય ભાગ લીધો. ઉક્તિ કરતાં ઉદાહરણને વિશેષ માની, નાગપુર કૉંગ્રેસે માત્ર વિદેશી કાપડનો બહિષ્કાર પોકારેલો છતાં એમણે સર્વ વિદેશી માલને બંધનકર્તા માની, પરદેશી આડતોનો પોતાનો ધીકતો ધંધો વીંટી લીધો. કૉંગ્રેસની આ જાહેરાતને શિરોમાન્ય મનાવી બીજી બાજુએથી હિંદમાં જાપાનનો પગ ઘુસાડનારાઓ પણ ઘણા નીવડ્યા છે, પરંતુ તેરસીએ એ રસ્તો કદી ન લીધો.

એમનો ધંધો ચાલતો ત્યારે એક જર્મન વેપારી વાટાઘાટ કરવા તેમની પાસે આવેલો. વાતચીતમાં ઉકળી ઊઠી તે બોલ્યો, 'તમે જાણો છો કે મારા નામનો અર્થ સિંહ થાય છે?' તેરસીએ એની સાન બરાબર ઠેકાણે આણે એવો ઉત્તર આપ્યો: 'દોસ્ત, તારા નામનો અર્થ એક સિંહ થાય છે, પણ મારા નામનો તો "તેર સિંહ" થાય છે.'

અને એ 'તેરસિંહે' તેર સિંહ જેટલું જ પોતાનું મોકળું મેદાન માગી લીધું હતું. ઈ. ૧૯૧૮માં મુંબઈમાં ઈન્ફ્લુએન્ઝા ફાટી નીકળ્યો ત્યારે એમણે ખડે પગ આપેલી સેવા અવિસ્મરણીય રહેશે. રોજનાં ૮૦૦ મડદાંને ઠેકાણે પાડવા માટે જાતે સ્મશાનભૂમિમાં એ હાજર રહેતા અને એ અંગેની બધી મદદ આપેલી. એ મહામારી વખતે હિંદુઓનાં મડદાં બાળવા લાકડાંની પણ તાણ પડેલી, કારણ મુસલમાન વેપારીઓ જ લાકડાંના વેપારી હોઈ, ભાવ ખૂબ ચડાવી દીધેલા. એ વખતે તેરસીએ જાતે લાકડાંની દુકાન ખોલી એ મોનોપૉલી તોડી પાડેલી ને ૩૦-૪૦ના ભાવને બદલે

૩ રૂપિયાના ભાવે અને તેમાં યે ગરીબોને મફત લાકડાં પૂરાં પાડવા માંડેલાં. એમના ધર્મઘેલાઈ પરના હાયો કકળતા અંધશ્રદ્ધાળુઓ આની સાથે પોતાની અનુકંપા તોળી જુએ. ઈ. ૧૯૨૮ના હિંદુમુસલમાન દંગા વખતે પણ 'હિંદુ સંરક્ષક મંડળ' સ્થાપી હિંદુઓને એમણે સંપૂર્ણ રાહત અપાવેલી.

અન્યાયો સામે એ હરદમ ઝૂઝતા. આજની જેમ ભાષણખોરીથી કીર્તિ કમાનારા લેભાગુઓનો રાફડો નહોતો ફાટ્યો ત્યારે એમણે જી. આઇ. પી. રેલવેના કામદારોની, ટ્રામ્વે કામદારોની કે 'ટાઇમ્સ ઑવ ઇન્ડીઆ'ના કામદારોની લીધેલી તરફેણ અને એનો બંને પક્ષને સંતોષકારક ને પ્રામાણિક આણેલો નિવેડો આજની વર્ગદ્વેષી બુદ્ધિને એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. એમની ન્યાયવૃત્તિ પર એતબાર રાખીને જ ડાંગે, રૉય વગેરે એમની સલાહ લેતા.

ઈ. ૧૯૧૯માં મિ. બી.જી. હૉર્નિમૅનને હિંદુસ્તાનમાંથી દેશનિકાલ કરવામાં આવ્યા ત્યારે તેરસીએ એમના સારુ સાર્વજનિક ફંડ ઉઘરાવી રૂપિયા વીસ હજાર એમને મોકલાવી આપેલા. એટલું જ બસ ન હતું; હૉર્નિમૅનનાં ભાષણો અને લેખો પણ સઘળું જોખમ ઉઠાવી પોતાને પૈસે પ્રસિદ્ધ કર્યાં ને એ રીતે એ એકનિષ્ઠ કાર્યકર્તાના કીર્તિવિસ્તારની કૃતજ્ઞતા અનુભવી. આજે યે એવી અનેક વ્યક્તિઓ પર એમનું મૂગું ઋણ ઊભું જ છે.

ઈ. ૧૯૨૩માં મુંબાઇના સુધરાઈખાતામાં ચૂંટાઇને તેમણે તેમાં બહુમૂલ્ય સુધારા આણ્યા. ટેન્ડરો ખોલવાની પદ્ધતિને બહાર આણી એમણે એ નાબૂદ કરાવી. મ્યુનિસિપલ ઇન્સ્યૂરન્સ ફંડ એમના પ્રયાસથી જ ઊભું થયું. રાજકારણથી અલિપ્ત જેવી એ સંસ્થા તરફથી ગાંધીજીને માનપત્ર અપાવ્યાની વાત ઉપર આવી ગઈ, પણ એ સંસ્થા પાસે એમણે બ્રિટિશ માલના બહિષ્કારનો ઠરાવ પણ પસાર કરાવ્યો હતો, જે વિષે ઇંગ્લંડમાં ખૂબ ચકચાર ચાલેલી. ઉપરાંત સ્ટૅન્ડિંગ કમિટી, ઇમ્પ્રૂવમેન્ટ ટ્રસ્ટ વગેરેના તે સભ્ય હતા ને ૧૯૩૭ના જૂનમાં રાજીનામું આપ્યું ત્યાં સુધી મુંબાઇના પોર્ટ ટ્રસ્ટના યે સભ્ય હતા. આ પ્રમાણે ત્રણે કમિટીઓના સભ્યપદનું માન એકલા એ જ ધરાવી ગયા છે. પોર્ટ ટ્રસ્ટના સભ્યપદે રહી એમણે ઇટાલિયન કે જાપાનીઝ સીમેન્ટને બદલે હિંદી સીમેન્ટને પસંદગી આપવાની ટ્રસ્ટને ફરજ પાડેલી, અને એ રીતે હિંદની તમામ સીમેન્ટ કંપનીઓ તેમના ઋણ નીચે છે.

ઇન્ડીઅન મર્ચન્ટ્સ ચેમ્બર તરફથી ધારાસભામાં એમણે બેઠક મેળવેલી. કૉંગ્રેસ શું, કૉર્પોરેશન શું કે કાઉન્સિલ શું, જ્યાં જે યોગ્ય લાગ્યું ત્યાં ને ત્યાં તે તડ ને ફડ કહી દેવું એ જ તેરસીનો સ્વભાવ હતો; ને એને લીધે એમના વક્તવ્યમાં એટલો રંગ પૂરાતો કે એક વખત તો હિંદી ખજાનચીએ એમનું ભાષણ પૂરું સાંભળવા પોતાનો કાર્યક્રમ રદ કર્યો હતો. ધારાસભાના એક સભ્ય મિ. ગઝદરને એવો વા લાગેલો કે વખતોવખત અમુક સરકારી નોકરીમાં મુસલમાનો કેટલા છે એ પ્રશ્ન આગળ આણે. તેરસી સામે એ પ્રશ્ન આવતાં તરત તેમણે સામો સવાલ કર્યો, 'સરકારી નોકરીમાં ભાટિયા કેટલા છે?'

કચ્છ પ્રજાકીય પરિષદની સ્થાપના અને ટકાવ પાછળ સવિશેષ ફાળો આપી એ મૂગા પ્રાન્તને વાચા આપવાનું યશસ્વી કામ એમને હાથે થયું. એવી જ રીતે પૅસેંજર્સ ટ્રાફિક રિલીફ એસોસીએશન એમણે ઊભી કરેલી અને અખિલ હિંદ રાજસ્થાન પ્રજા પરિષદની કારોબારી સમિતિમાં પણ એ છેવટ સુધી શામિલ હતા, આમ અનેકવિધ સંસ્થાઓ અને ચળવળોને એમણે પોતાના પ્રતિભાબળે પુષ્ટ કરી હતી. વિધવાવિવાહની હિમાયત કરી એમણે ઊભું કરેલું ફંડ એવા દરેક વિવાહને ૫૦૦ રૂપિયાનું પારિતોષિક આપતું. વિદ્યાર્થીવર્ગને આશીર્વાદરૂપ નીવડેલા સોનાવાલા ટ્રસ્ટની ટ્રસ્ટીશિપ એમણે સંભાળેલી ને એની છેલ્લી સભા તો એમની આખરીપથારી પાસે જ મળી હતી.

મુંબાઇના કૅનેડી સીફેઇસ પર ઊભેલા પી. જે. હિંદુ જિમખાનાને શ્રી તેરસીના સાર્વજનિક કાર્યના કળશરૂપે મૂકી શકાય. ક્રિકેટના ક્ષેત્રમાં હિંદુઓનું સંમાન સ્થાપનાર આવા અગ્રણીની ખોટ જિમખાનાથી સહેજે નહિ પૂરાય. ક્રિકેટ સ્ટેડિયમમાં હિંદુ જિમખાનાને અમુક ચોક્કસ બેઠકો અપાવવાની એમની લડત હજુ તાજી જ છે. જિમખાનાની જમીન લઇ લેવાનો સરકારી હુકમ પણ એમણે રદ કરાવ્યો હતો. જિમખાના સારુ સ્વિમિંગ બાથ ઊભો કરવા રૂ. ૫૦,૦૦૦નું ભંડોળ તેઓ એકઠું કરી મૂકતા ગયા છે.

લખમીદાસ રવજી તેરસી (અશોક હર્ષ)

એકલા ક્રીખળથી જ તેરસીનું મૂલ્ય આંકનાર તો એમને અન્યાય કરે છે. ધર્મ કરતાં શીલને વધુ મહત્ત્વ આપનાર એમના જેવા પ્રજ્ઞાવાદી બહુ ઓછા હોય છે. બર્નાડ શૉ જેમ જ ક્રીખળ એ એમનો બુરખો રહ્યો હતો ને એ ખસેડવા જેટલા ભાગ્યશાળી બનેલા અંતેવાસીઓને તેનના હૃદયની ઋજુતા તરત પરખાઈ આવતી.

ક્રિકેટથી એ ઠીક જાણીતા થઈ ગયા, પણ એમની રમવાની ઢબથી ઘણા અજ્ઞાત હશે. ફીલ્ડિંગમાં દડાને ગરજ હોય તો પોતાની પાસે આવે એવી વિરાગવૃત્તિએ તે ઊભા રહેતા. અને બાઉલિંગમાં પણ એમણે હમેશ સુધી દડાને ચાહે ત્યાં જવા દેવાની ઉદારવૃત્તિ રાખી હતી! એ પ્રખ્યાત હતા માત્ર 'હિટર' તરીકે. અને એકલા ક્રિકેટના મેદાનમાં જ નહિ; જીવનના મેદાનમાં પણ એક 'હિટર' તરીકે જ એ ખેલી ગયા.

અશોક હર્ષ

મારી નજરે (અનુ० પૃ. ૪૩૫થી) મોટરમાં હું એકલો જ પૅસેન્જર હતો એ જોઈ મને આશ્ચર્ય થયું. ડ્રાઈવરને પૃછ્યું કે ટ્રેનમાં જનારા આ વખતે કેમ બીજા ઉતારૂ નથી? તેણે કહ્યું કે અત્યારે ટ્રેન જતી જ નથી! એકદમ મારું મન ખમચી ગયું. મેં અને મિ. જોષીએ ટ્રેન મળશે એવી ગણતરી બાંધેલી અને હવે સાંજ સુધી પાપ્રોલામાં રહેવું તો અસહ્ય બને! ડ્રાઈવરનું મેં પહેલાં તો માન્યું નહિ, પણ તેણે ધીરજ રાખી મોટરને સ્ટેશન પાસેથી લીધી અને મારી ખાત્રી કરી આપી. છતાં તેણે તુરત પઠાણકોટ જતી એક મોટર ઊભી રખાવી મારો સામાન તેમાં મુકાવી દેવા કહ્યું હું કંઈ સમજ્યો નહિ, એટલે તેણે કહ્યું કે ટ્રેન તમને સાંજે મળશે, અને આ બસ હમણાં જ જાય છે. તેનું ભાડું પણ ઓછું છે અને ચાર કલાકમાં તમે પઠાણકોટ પહોંચશો. ત્યાંથી અમૃતસરની મોટરો જોઇએ એટલી મળશે. તેના કહેવા પર વિશ્વાસ મૂકવા જેવું લાગ્યું એટલે મેં મોટર બદલી. ખરેખર આ આકસ્મિક ભૂલ હતી, છતાં નવો અનુભવ વધારે સુખકર અને સગવડવાળો નીવડ્યો. હવેનો રસ્તો પહાડી નહોતો. બધી સડક સપાટ ડામરબંધ હતી અને મોટર ટ્રેન કરતા યે વધારે વેગે ઊપડી. વચમાંનાં ગામોએ ટ્રેનની પેઠે જ એક બે મિનીટ તે રોકાતી. ચાર વાગ્યે તો મને પઠાણકોટ ઉતારી દીધો.

હું હજી ઊતરું છું ત્યાં તો અમૃતસર જનારી એક મોટી પૅસેન્જર બસ ચાલવાની તૈયારીમાં પૅસેન્જરોને સાદ કરી રહી હતી. પઠાણકોટથી અમૃતસર માત્ર દસ આના! મોટર પણ પહોળી, સ્પ્રિંગની ગાદીવાળી, ત્રીસ બત્રીસ માણસો લઈ જનારી હતી. સરસરાટ મુસાફરી આગળ ચાલી. વચ્ચે એક ગામ આવ્યું ત્યાં જરા વધુ રોકાઇ, કારણકે હૈદ્રાબાદ (દક્ષિણ)ના સત્યાગ્રહમાં જનારા એક જુવાન ભાઇને વિદાય કરવા સરઘસ આખું મોટર સ્ટેશન પર ઊભું હતું. ૐ ની ધજાઓ, ભજનોની રમઝટ અને છેવટે એ તરુણ ભાઇએ હારોની હાંસડીમાંથી પાતળુ ડોકું બહાર કાઢી મોટરના દરવાજામાં ઊભાંઊભાં જે એક ભાષણ કર્યું તેમાંની આર્યસમાજી વાક્છટા, ત્યાગનો મહિમા, વિદાયની ઘડી એ બધાં સ્થાનિકો અને મોટરવાળાનાં દિલ ઉપર ઊર્મિઓ ઉછાળી રહ્યાં હતાં. ઘણી 'જે' બોલાઈ ગઈ એટલે મોટરનું એંજીન ધમધમ્યું અને ચાલે છે ત્યાં એક જણ વિદાય થતા વીરને માટે પડીકામાં દસપંદર પાન બાંધી લાવ્યો અને તેણે તે સાચવીને લઈ લીધાં. એ દુબળી પાતળી કાયના વીરગર્જના કરતા જુવાનને એક ગલોફું પાનથી ભરી મક્યા વિના રસ પડતો નથી એમ જણાઇ ગયું. મોટરમાં તો શીખો, મુસલમાનો, બધા હતા. દરેક જણે મઝહબ, સરકાર, કૉંગ્રેસ બધા ઉપર ફાવે તેમ અભિપ્રાયો અને પ્રહારો કરવા માંડ્યા. આપણો વીર તો દરેક પળે વાગ્યુદ્ધમાં ઊતરવા તત્પર જ હતો. પાંચ વાગ્યે અમૃતસરના ગીર્દીભર્યા રાજ્યમાર્ગોમાંથી મોટર રસ્તો વીંધવા લાગી. ગામગામની હજારો મોટરોના અડ્ડા ત્યાં દેખાયા. અહીંની મોટરોની સરખામણીમાં એકાદ રમકડાંવાળાને ત્યાં પણ રમકડાંની મોટરો ઓછી લાગે. અહીં તો જાણે ભરવાડનાં ઘેટાંનાં ધણની જેમ મોટરોનાં ધણ દેખાતાં હતાં. હું પાંચ વાગ્યે પહોંચીશ એવી ગણત્રી મારા પ્રોગ્રામમાં નહોતી. મેં તો મારા સ્નેહી શ્રી મણિભાઇને રાત્રે આઠ વાગ્યે ટ્રેઈન ઉપર આવવા લખ્યું હતું, એટલે અહીં મોટરના અડ્ડામાં મને કોણ લેવા ઊભું હોય? પણ મજૂરી અને ગાડી અહીં સસ્તાં છે, અને ચાર આનામાં તો ઘણે દૂર જવાની ગાડી પણ મળી રહે છે એ હું સમજ્યો હતો, એટલે એક ટાંગાવાળાને 'કટરા હરિસિંહ જવું છે' કહી બેઠો. પણ મારો આવો શુદ્ધ ઉચ્ચાર એ સમજ્યો નહિ કે શું, પણ મને એક બે ચક્કર મારી પૂછવા લાગ્યો કે 'જનાબ આપકો કહાં ઉતરના હય?' જો કમબખ્તી! ફરી 'કટરા હરિસિંહ' કહ્યું, પણ તે સમજ્યો જ નહિ. એક કેળવાએલા લાગતા શીખને મેં બોલાવી મુશ્કેલી સમજાવી એટલે તેણે ગાડીવાળાને ઠપકો આપ્યો કે 'બેવકૂફ! કટડા હડિસિંગઅ તુમકો માલૂમ નહીં હૈ?' 'હાં હાં હાં ચલીએ જનાબ' કહેતાં એ સીધો થઇ ગયો. આ દેશમાં છેવટે ભાર દઇને 'અ' બોલાવો જોઇએ! આપણે બોલીએ 'લાહોર', તેઓ 'લાહોરઅ' કહેશે. એમ જ 'અમૃતસરઅ'! અંતે 'કટડા હડિસિંગઅ' પહોંચ્યો ને મારા સ્નેહી જરીવાળા જયંતીલાલ મણિશંકરનું મકાન શોધી કાઢ્યું. **ર. મ. રા.**



વિખ્યાત અંગ્રેજ લેખક એચ. જી. વેલ્સની The man who could work miracles પરથી

જૂની દુનિયા ભૂંસીને તેને નવો અવતાર આપવાની કલ્પનાઉપર મંડાએલી, માનવ સ્વભાવની વિસંવાદિતા અને નબળાઇઓ પર વ્યંગ કરતી રંગદર્શી કથા

(ગયા અંકથી ચાલુ)

બીજે દિવસે સુબોધ વહેલો પરવારી ઑફિસે ગયો. ત્યાં પહોંચતાં વેંત જ આગલા દિવસના ચમત્કારથી ચકિત બનેલા મૅનેજરે તેને બોલાવ્યો.

'મને બોલાવ્યો, મિ. રઘુનાથ?' પ્રશ્ન સહિત સુબોધે મૅનેજર રઘુનાથના ખંડમાં પ્રવેશ કર્યો.

રઘુનાથ: હા સુબોધ, બેસ, મારે તારી જોડે થોડી વાત કરવી છે.

પહેલાંની અનાવડત અને નવી મળેલી શક્તિ વચ્ચેની તંદ્રામાં સુબોધ ખુરશી પર પડ્યો. રઘુનાથે ખંડમાં આંટા મારવા માંડ્યા. થોડી વાર રહીને સુબોધને તેણે પૂછ્યું, 'સુબોધ, કાલે તેં કેવો ચમત્કાર કરેલો?'

સુબોધ: ચમત્કાર? હું તો માનું છું કે તે કેન્દ્રિત ઇચ્છાશક્તિનું પરિણામ જ હોવું જોઇએ!

રઘુનાથ: ઇચ્છાશક્તિ? વિલ-પાવર? તું તે કેળવે છે? તારા પર પ્રભાવ પાડવા મથતા કોઇના વિલ-પાવર સામે તેં ટક્કર ઝીલી છે?

સુબોધ: કદાચ આપણા ગ્રાહકો સામે તેમ કર્યું હશે.

રઘુનાથ: પણ અત્યાર સુધી તો તેનું પરિણામ કશું જ નહિ આવેલું.

સુબોધ: અને હજુ યે એવા ચમત્કારોમાં મને પૂરતી સમજણ કે શ્રદ્ધા નથી. છતાં એટલું તો ખરૂં કે હું ધારતો યે નહિ એવું બધું હવે નીપજાવી શકું છું.

રઘુનાથ: જો સાચે જ એવા ચમત્કારો તું કરી શકતો હો તો તો તારો રસ્તો સાફ સાફ થઈ જાય. આપણી કંપનીને તું કેટલો બધો ઉપયોગી થઇ પડે? હું તારો ચાન્સ અનેકગણો વધારી આપું,—અરે, તું કલ્પે પણ નહિ એટલો. પણ તારે એક કબૂલાત આપવી પડે! અને તે એ કે તારા ચમત્કારો આપણી કંપનીના હિતમાં જ વપરાવા જોઇએ.

સુબોધ: હા. પણ . . .

રઘુનાથ: એ પણ ને બણ હવે જતાં કર. પહેલા જ વર્ષથી હું તને માસિક એક હજાર રૂપીઆ આપવા બંધાઉં છું ને વાર્ષિક એક હજાર બક્ષિશના! આપણે રૂનો વેપાર એકહથ્થુ કરી લઇએ. લૅન્કેશાયર, ન્યૂયૉર્ક, કાઇરો ને કોબેમાં આપણે પેઢીઓ ખોલીએ!

સુબોધ: ઓહ, ખૂબ કહી! આ દુનિયાના આપણે કુબેરો ગણાઈ જઇએ, કેમ?'

રઘુનાથ: એમ જ! સુબોધ, આખી માનવજાત જરૂરીઆતો પર નભે છે. આપણે એ જરૂરીઆતો પૂરી પાડવાનું માથે લઇશું તો ધનકુબેર બનવું એ રમત વાત છે! આજે તો મારે બૅન્કમાં જરૂરી કામ છે એટલે હું જાઉં છું. કાલે આપણે બધી યોજના ઘડી મૂકીશું.

રઘુનાથ બૅન્કમાં ગયો કે સુબોધ પણ સીધો સ્નેહલતાને ત્યાં ગયો ને રઘુનાથ સાથેની વાતચીતથી તેને વાકેફ કરી. લાગલું જ તેણે કહ્યું: સુબોધ, તું ઝટ એમાંથી છૂટો થઇ જા!

સુબોધ: મેં હજુ કરાર પર સહી તો નથી જ કરી. પણ, લતા, મને આ ચમત્કારોની પરંપરાથી કંઇક ભય જેવું જણાય છે.'

લતા: તે સુબોધ, તું કોઇની સલાહ લે! નહિતર રઘુનાથ જેવા લોકો તારો કસ કાઢવા તને ચૂસી નાખશે.

સુબોધ: અને હું શું છું તે જ આ ચમત્કારો મને ભૂલાવી દેતા જાય છે.

લતા: તું પ્રૉફેસર ફડકેની સલાહ લે. ફુરસદ હોય તો હમણાં જ જા.

સુબોધ: ખાસ કંઈ જ કામ નથી. હમણાં જ ઊપડું છું.

પ્રોફેસર ફડકે પોતાના દમામદાર ખંડમાં વૈદક, ન્યાય, ફિલસૂફી ને માનસશાસ્ત્રનાં પુસ્તકોના ઢગલા વચ્ચે એક પુસ્તક વાંચી રહ્યા હતા. ખાલી વાંચતા જ ન હતા, પાને પાને પોતા તરફની કંઈક ટીકા પણ તેમાં ઉમેરતા જતા હતા. સુબોધ ત્યાં આવી લાગ્યો. પ્રોફેસરે આવકારભેર તેને બેસાડ્યો.

સુબોધ: એક બાબતમાં મારે આપની સલાહ લેવી છે.

પ્રોફેસર: એવું શું છે વળી!

સુબોધ: મારા પર કશાકની ગજબ અસર થઈ છે. હું જે ઇચ્છું તે મારાથી થઈ શકે છે.



પ્રોફેસર: હેં! એ તો ચમત્કાર જ કહેવાય!

સુબોધ: એને ચમત્કાર કહો કે ગમે તે કહો, પણ એ તદ્દન સાચું છે. હું ધારું તે કરી શકું છું. જુઓ, હું કહું છું કે અહીં એક બંગાળી વાઘ હાજર થાય!

અને તરત ઘુરકાટ કરતો વાઘ સામેની શેતરંજી પરથી આગળ વધતો દેખાયો. બીજી જ પળે સુબોધે તેને અદૃશ્ય કરી દઈ પ્રોફેસરને પૂછ્યું: 'જોયું!' ઊંડો શ્વાસ લેતા પ્રોફેસર બોલ્યા: 'જોયું.'

સુબોધ: એમ કેમ? હજી તમને કશી શંકા રહી છે?

પ્રોફેસર: કદાચ વાઘનો ખાલી ઓછાયો જ આપણે ભાળ્યો હોય! હું ભ્રમમાં છું.

સુબોધ: તો હું તેને ફરી બોલાવી બતાવું.

પ્રોફેસર: ના, ના, એવી ખાસ જરૂર નથી પણ...

સુબોધ: વધુ સાબિતીમાં શેતરંજી પરની રજમાં ઊંડાં આવેલાં તેનાં પગલાં જુઓ.

પ્રોફેસર: સુબોધ, હું માની લઉં છું કે તારામાં કશુંક નવીન તો પ્રવેશ્યું જ છે. દુનિયાને તું જેમ ધારે તેમ ફેરવી નાખી શકે.

સુબોધ: પણ હું મુંઝાઉં છું. મારે મારી શક્તિની હદ જાણવી છે.

પ્રોફેસર: હદ? તને હદ!! છોકરા, તું જાતે જ શક્તિ છે, મહાશક્તિ છે, તું બધું છે!! તું નવું તંદુરસ્ત હિંદ જન્માવ; તરુણોની નવી દુનિયા રચ; પ્લેગ ને મરકીના, ક્ષય ને મૅલેરિયાના આ દેશને તું નીરોગી બનાવ. તું ઘણું બધું કરી નાખવાને શક્તિમાન છો. સુબોધ, હું તને સાથ આપીશ, તારો રાહબર બનીશ. મારા પોતા માટે મેં એકાંત જ પસંદ કર્યું છે. શા માટે, જાણે છે? મને આપણા લોકોનું માનસ ક્ષુદ્ર—અતિશય ક્ષુદ્ર લાગે છે. તેમની વચ્ચે રહી મને કામ કરવાની મઝા નથી આવતી.

સુબોધ: અને પ્રોફેસર, એ સાચું છે કે સમાજને સાંકળી રાખતું બળ પૈસો છે? રઘુનાથે તો મને કહ્યું કે પૈસા અને જરૂરિયાતો પર જ માણસોનો અરસપરસનો સંબંધ ટકી રહ્યો છે.

પ્રોફેસર: ઓહ, કેટલું અસત્ય? કેટલું જૂઠું?! સુબોધ, એવા માનસથી જ હું દૂર નાસું છું. દુનિયામાંના મનુષ્યને મનુષ્યમાં વિશ્વાસ નથી રહ્યા. તેણે પોતાની કલ્પના ગુમાવી દીધી છે. આત્મા ખોયો છે. તેજ—વાદળમાંથી પોતાનું વિજયભર્યું અવતરણ તે ભૂલ્યો છે. વેપારીઓ! શરાફો! પ્રભુ આપણને તેમનાથી બચાવે!! તેમણે તો માણસને બેકાર—સમૃદ્ધિની છોળો ઉછાળતી ધરતીમાતાની ગોદ વચ્ચે બેહાલ ને બેકાર બનાવી દીધો છે.

સુબોધ થોડી વાર તો ગંભીર વિચારમાં પડી ગયો. પછી એકાએક બોલી ઊઠ્યો, 'પ્રોફેસર, મને પણ એમ જ લાગે છે કે આપણે ચાલુ વ્યવસ્થા બદલાવી દઈ દુનિયાને સારા પાયા પર લાવી મૂકવી જોઈએ.

પ્રોફેસર: અને તે યે આપણે બળજબરીથી કરી શકીશું, સરળતાથી તો નહિ જ. સુબોધ, આપણે દુનિયામાંથી બધા જ વેપારીઓ, શરાફો, ડાક્તરો સુદ્ધાંને બાતલ કરવા છે. હું બધી યોજના વિચારી રહ્યો છું,

અને જો મારા વિચારો યોગ્ય રીતે ગોઠવાશે તો સંતપ્ત માનવતાની આજની રાત કદાચ છેલ્લી જ રહેશે. આવતી કાલે માનવતાનું નવું પરોઢ ઊગશે! આહ, કેટલી પુણ્યશાળી કલ્પના!!

અને હમણાં જે લોકોથી દુનિયા વસાએલી છે તેનો ખ્યાલ કરીએ તો! આ જોને, મારી બાજુમાં જ એક ગરાસીઓ રહે છે. જર્મન લડાઈમાં સરકારની તેણે સારી સેવા બજાવેલી ને હમણાં પેન્શન ઉપર છે. બીર, બ્રાન્ડી, વ્હિસ્કી, મૉલ્ટ–કેટલા યે દારૂઓથી કેટલા યે કબાટોને ઠાંસોઠાંસ ભરી રાખે છે. આખો દહાડો ઢીંચ્યે જ રાખે! ને ઢીંચતો ન હોય ત્યારે બાપદાદાના વખતથી સંઘરાતા આવેલા હથિયારોનો ઉકરડો તપાસતો હોય! ચાલ, અત્યારથી જ આપણા કાર્યના શ્રીગણેશ માંડીએ. તેના બધા દારૂ તું બીનકેફી બનાવી દે અને તેનાં હથિયારોને સાદાં ઓજારો'

સુબોધ: પણ તેને એ ગમશે?

પ્રોફેસર: કોને ન ગમે? પણ તેને વિચાર કરતો તો કરી મૂકશે ને!

સુબોધ: ચાલો, થવા દો ત્યારે!

કર્નલ રણમલસિંહ પોતાના મકાનના શયનખંડમાં બિરાજમાન હતા. બારણાંની બારસાખ પર વાઘનાં બે મંકોડાં ટાંગેલાં હતાં, ને સામેના ખંડમાં જાણે પ્રદર્શન ગોઠવ્યું હોય તેમ બરછીથી માંડી છેક હાલની સાઇલન્ટ રિવૉલ્વરો સુધીનાં હથિયારો ટાંગ્યાં પડ્યાં હતાં. બાજુ પરના એક ખંડમાંથી એક ખવાસે તેમની પાસે દારૂની સુરાહી અને જામ લાવી મૂક્યાં. પ્યાલામાં દારૂ રેડી કર્નલ તે મોઢે મૂકતાં વેંત બરાડી ઊઠ્યા: 'સેતાન, આ કાંઈ કર્યું!'



'શું બાપુ!' ધ્રૂજતાં ધ્રૂજતાં ખવાસે પૂછ્યું.

'જો, આ!' કહી કર્નલે તેના પર જામનો છૂટો ઘા કર્યો. ઘા આડો જતાં ભીંત સાથે અફળાઈ જામ ફૂટી ગયો. 'એમાં સ્વાદ નથી, નશો નથી; જાણે નર્યું ભૂ!'

ત્યાં તો સામેના ખંડમાં ખડખડાટ સંભળાતાં તે બોલ્યા, 'આ શાનો અવાજ! જઈને તપાસ કર તો?'

ખવાસ અવાજવાળા ખંડમાં જતાં કર્નલે દારૂની સુરાહી ઉઠાવી આમથી તેમ જોવા માંડી. 'સ્વાદ વગરનું ઝેર તો નહિ હોય!' તે સ્વગત બબડ્યો ત્યાં તો હાંફળો ફાંફળો બનેલો ખવાસ તેના શયનખંડમાં ધસી આવ્યો. તેના ધ્રૂજતા હાથમાં એક દાતરડું પકડેલું હતું ને આંખો ચકિત બની ગએલી.

'આ તો ગજબ કહેવાય, બાપુ!' હાંફતો હાંફતો તે બોલ્યો, 'ત્રણ મિનિટ પહેલાં બધું જ બરાબર હતું અને હવે . . .'

'હવે શું!' આશ્ચર્યમાં ડૂબતો કર્નલ લવી ઊઠ્યો.

ખવાસ: બધું ઊપડી ગયું!

કર્નલ: હેં!!

ખવાસ: હા બાપુ, આપનાં હથિયારો—બધાં જ ગુમ!! તેને બદલે આ જુઓ!

કર્નલના હાથમાં તેણે દાતરડું સોંપ્યું. કર્નલ બહુ ચમક્યા ઊઠ્યો: 'આ બોલ્શેવિક નિશાની મારા ઘરમાં? સરકારી પેન્શનરના ઘરમાં? શા માટે! એનો અરથ શો!' એમ બબડતો તે હથિયારોવાળા ખંડ તરફ દોડ્યો. જઈને જુએ છે તો હથિયારોના બદલામાં બધે દાતરડાં, ખડપા, કાનસ, છીણી જેવાં નાનાં મોટાં ઓજારો તેની નજરે પડ્યાં. તેનું મગજ બહેર મારી ગયું અને ધુંવાંફુંવાં થતો તે બરાડી ઊઠ્યો: 'ઓહ, આ કયો કરતૂત કરનારો જાગ્યો છે? પોલીસ છે કે મરી ગઈ? હાય, મારાં હથિયારો ...'

આ ભૂમરાણ વચ્ચે નીચેથી હાકો ભારણે ડામણી

અવાજ આવતાં વિકળ થઈને તેણે ખવાસને પૂછ્યું: 'આવે ટાણે વળી એ કોણ ગુડાણું!'

'રામ જાણે!' ગભરાટથી ખવાસે કહ્યું.

'બેવકૂફના બચ્ચા! રામને બદલે તું જ જઈને જાણી લાવને કે એ કોણ મુઉ છે!' કર્નલે રાડ પાડી.

ખવાસ ગયો ને થોડી વારે નવા આગંતુકને લઈ ને કર્નલવાળા ખંડમાં દાખલ થયો. નસીબજોગે એ આગંતુક શહેરનો પોલીસ સુપરિન્ટેન્ડન્ટ ને કર્નલનો બાહુબંધ બલરામ જ નીકળ્યો.

'બલરામ, આ જો!' કર્નલે હથિયારોને બદલે ફૂટી નીકળેલા ઓજારોના ઢગલા તરફ બલરામનું ધ્યાન ખેંચતાં કહ્યું, 'મારાં હથિયારો, મારા માનચાંદો...'

બલરામ (વચ્ચે જ): કર્નલ, આ શહેરમાં આવો આ બીજો દાખલો છે.

કર્નલ: શાનો!

બલરામ: ચમત્કારનો.

કર્નલ: ચમત્કાર!!

બલરામ: હા. શહેર આખામાં એની જ પરંપરા ચાલી રહી છે. મારું ભેજું તો મુદ્દલ કામ નથી કરતું! હું તમારી સલાહ લેવા જ આવ્યો છું.

કર્નલ: તે મારે શું કરવાનું છે વળી!

બલરામ: કેમ, અમને સહાય અને સલાહ આપવાનું. જાણો છો, તમારાં તો હથિયારો ગુમ થાય છે પણ અમારા તો ખાતાનાં માણસો યે ગુમ થઈ જાય છે! પુલ પર ફરજ બજાવતો પેલો ત્ર્યંબક ઓચિંતો ગુમ થએલો ને પાછો પોલીસ ચાવડીમાં ફૂટી નીકળી કહેતો હતો કે તે બલુન જેમ આકાશમાં ઊડી ગયો હતો!'

કર્નલ: એમ!

બલરામ: હા. અને ત્ર્યંબક તેની સચ્ચાઈ વિષે સોગન ખાય છે. તેના કહેવા પ્રમાણે આ બધા ધાંધલ કરનાર સુબોધ નામનો એક છોકરો છે.

કર્નલ: હં... પણ મને વ્હિસ્કી જોઈએ. તે વગર મારું ભેજું કામ નહિ કરે.

ખવાસને ઇશારત કરતાં થોડી વારમાં એક સીલબંધ બાટલો લાવી તેણે તેની આગળ મૂક્યો. પોતાને હાથે સીલ તોડી, જામ ભરી, કર્નલે મોઢામાં મૂક્યો, પણ બીજી જ પળે ઊહું... ઊહું... ઊહું... હું કરતાં તેણે ભરેલો કોગળો બારીમાંથી બહાર કાઢી નાખ્યો.

'આ તો સાબુનું પાણી...' મોઢામાં હજુ કડવાશ લાગતાં વધુ ન બોલાતાં તેણે મોઢું સાફ કરવા માંડ્યું.

'મારા જીવના સમ, બાપુ, જો મને એની કશી ખબર હોય તો.' કરગરતો ખવાસ કર્નલ સામે ફાટી આંખે જોઈ રહ્યો.

બલરામ: એમાં એનો વાંક નથી લાગતો. પેલા સુબોધડાનાં જ આ બધાં કરતૂક લાગે છે.

કર્નલ: સંભવિત છે. તમે તેને અહીં મોકલાવો. હું તેને મળીશ. તેની સામે ગરમ થવા જેવું નથી. ખૂબ શાંતિથી—ડહાપણથી તેની સાથે કામ લેવાનું છે.

બલરામ: વારુ, ત્યારે હું રજા લઈશ.

બલરામ ગયો. કર્નલ જમી પરવાર્યો ત્યાં સુબોધ આવી પહોંચ્યો. કર્નલ તેને આવકારી, બેસવા ખુરશી આપતાં બોલ્યો, 'છોકરા, મેં સાંભળ્યું છે કે તું ચમત્કાર કરી શકે છે!'

સુબોધ: મારાથી થાય છે ખરા, પણ મને યે એથી અજાયબી તો લાગે છે! કશી ગમ નથી પડતી. બધાંને સલાહ પૂછું છું, પણ કોઈ રસ્તો નથી બતાવતું. હું કહું છું તેમ થતું આવે છે ને મારા દુશ્મનો વધતા જાય છે. હમણાં જ હું પ્રોફેસર ફડકેને ત્યાંથી આવું છું.

કર્નલ: મારાં હથિયારો સાથે પણ તેં રમત કરી, કેમ? એનું શું પ્રયોજન હતું?

સુબોધ: આપનું મન સુલેહ-શાંતિ તરફ વાળવાનું.

કર્નલ: તે કેવી રીતે?

સુબોધ: તે તો પ્રોફેસર ફડકેને ખબર! મેં તો તેના કહેવા પ્રમાણે કરી દીધું. બાકી આપને હથિયારોની ચિંતા હોય તો હું હમણાં જ તે પાછાં લાવી મૂકું.

કર્નલે ડોકું ધુણાવી દરખાસ્ત સ્વીકારી અને સુબોધના કહેતાંમાં જ પડેલાંની સ્થિતિ પ્રમાણે હથિયારો આવી જઈ એ ખંડમાં ગોઠવાઈ ગયાં!'

કર્નલ: બસ એટલી જ વારમાં?

સુબોધ: હા; મારે માત્ર ઇચ્છા જ કરવી પડે છે. મારામાં નવી શક્તિ આવી છે. પ્રોફેસર ફડકે તેને કામે લગાડવાના છે. જરૂરીઆતો પર નભતી નહિ પણ વૈપુલ્યમાં નહાતી દુનિયા અમે બનાવીશું. અમારી એ રચનામાં લોકો ભૂખ્યા નહિ રહે, નાગા નહિ રહે ને માંદા યે નહિ રહે; લૂંટ કે ચોરીનું નામ મુદ્દલ નહિ મળે ને લડાઈઓ જડમૂળથી ચાલી જશે.

કર્નલઃ એમ! વારુ; ચાલો હું માની લઉં કે તમે લડાઇઓ અટકાવી શક્યા, હરીફાઇઓનો નાશ કરી શક્યા, શ્રમને નકામો કરી શક્યા, વાપરી શકાય તે કરતાં વધુ પૈસા દરેકને આપી શક્યા; પણ એ બધાંનો લોકો ઉપયોગ શો કરશે?

સુબોધઃ મને પણ એ સવાલ થાય છે. પણ પ્રોફેસર તો કહે છે કે લોકો એથી એકબીજાને વધુ પ્રેમથી ચાહવા માંડશે.

કર્નલઃ એમ! પણ મનની લાગણીઓ પર તમે કેવીક અસર નીપજાવવાના છો! દરેકને ખાનગી લાગણીઓ જેવું હોય છે, હં! અને તેમાં તમે જો નિષ્ફળ નીવડ્યા તો તમારી બધી મહેનત માથે પડવાની ને નાહકના મૂર્ખાઇના એ નમૂના બની રહેવાના.

સુબોધઃ પણ પ્રોફેસર કહે છે કે અખતરો કરી જોવામાં આપણું શું જાય છે?

કર્નલઃ જહન્નમમાં જાય તારો પ્રોફેસર! એનું પૂછડું તો છૂટતું જ નથી. તારો પોતાનો મત બકતાં શું થાય છે? (ખંડમાં બેચાર આંટા મારી કંઇક શાંત થતાં) ત્યારે, સુબોધ, આપણી હમણાંની સંસ્કૃતિ નકામી છે? શું તેમાં વ્યવસ્થા નથી?

સુબોધઃ સંપૂર્ણ તો નહિ જ.

કર્નલઃ તું એમ જ કહેવાનો, કારણ તારો પ્રોફેસર એમ કહે છે! પ્રો . . . ફે . . . સ . . . ર!! તું જાણે છે કે દુનિયાના લોકોનો મોટો ભાગ તારા જેવા લોકોનો બનેલો છે? હું તો હાલની દુનિયામાં કશો ફેરફાર નથી ઇચ્છતો. છેલ્લા સૈકામાં શું જોઇતો ફેરફાર નથી થયો? દુનિયાની જરૂર પ્રમાણે રેલવે, વીજળી, ફોટોગ્રાફી, પોલાદી વહાણો ને રાકેટોની હસ્તીએ એની એકરાગિતામાં ઓછો ફેરફાર આણ્યો કહેવાય?

સુબોધઃ એ બધાંએ તો આપણને વિશેષ પરિવર્તન સારૂ હચમચાવી મૂક્યા છે. દુનિયાને પરિવર્તન જોઇએ છે. હું ને પ્રોફેસર તે પરિવર્તન કરવાના જ!

કર્નલઃ જાઓ ત્યારે, દુનિયાનું મોં ઉજાળી દો, ડાહ્યા બેવકૂફો!

૨

બીજે દિવસ ઊગ્યો. બપોર થતાં પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ બલરામ કર્નલને મળવા આવ્યો. કર્નલ વિચારોમાં પરોવાએલો આરામખુરશીમાં પડ્યો હતો. બલરામ આવતાં વિવેકપુરઃસર તેને બેસાડતો તે બોલ્યો.

'બલરામ, આ છોકરો બેજાંગેપ છે. તે વેપાર ધંધાનો નાશ કરશે. હિંદ પર હલ્લો લાવવા કોઇ પરદેશોને તે સગવડ કરી આપે એમ છે. એ શું ન કરે! એ ભયંકર દિવાનો છે. કાયદેસર હોય યા ગેરકાયદેસર, બલરામ, તેને કેદમાં નાખવો જ જોઇએ.

બલરામઃ કેદમાં? કયા ગુનાના બ્હાના નીચે?

કર્નલે જવાબ આપ્યા વગર પીઠ ફેરવીને બંદૂક ઉપાડી. થોડીવારે પાછી મૂકી દીધી. પછી રિવોલ્વર ઉપાડી તેમાં કાર્તુસ ઠાંસી બલરામનું ધ્યાન પોતા તરફ નથી એની એણે ખાસ ખાતરી કરી લીધી.

બપોર નમવા આવતાં બલરામે રજા લીધી. કર્નલ પણ તેની સાથે જ બહાર નીકળ્યો અને પ્રોફેસર તથા સુબોધને નદી તરફ જતા જોઇ તે પણ તે ભણી વળ્યો.

પ્રોફેસરઃ કેવી ખુશનુમા સાંજ છે? આજે આપણે દુનિયાની કાયાપલટ કરવાની છે. જરૂરીઆતોની દુનિયા નાશ પામશે ને વિપુલતાથી છલકાતી દુનિયા જન્મશે.

એક સૂકા ઠૂંઠા આગળ આવી બન્ને અટક્યા.

સુબોધઃ આપણે જે કરવાના છીએ તે હું પહેલાં સંપૂર્ણ સમજી લઉં તો સારૂં.

પ્રોફેસરઃ મેં તે માટે ખાસ યોજના તો નથી ઘડી, પણ ઉજ્જ્વળ ભવિષ્ય તો હું જોઇ શકું છું. પહેલાં તો આપણે બધાંને તંદુરસ્ત બનાવી દેવાં જોઇએ કે જેથી તેમને ફાળે આવતા કાર્યમાં કંટાળાને બદલે તેમને પૂર્ણ ઉત્સાહ આવે.

સુબોધઃ દાક્તરોના હક્ક પર આપણે એથી તરાપ નહિ મારીએ?

પ્રોફેસરઃ એ હક્ક નાશ પામે એમાં જ મઝા છે. સુબોધ, દાક્તરો આપણને તંદુરસ્ત રાખવા કરતાં માંદા રાખવાને જ વધુ તૈયાર હોય છે. અને ત્યારપછી આપણે નાણું હાથ પર લઇશું.

સુબોધઃ પણ લોકો એનો ખોટો ઉપયોગ નહિ કરે?

પ્રોફેસરઃ આપણે ઉત્પન્ન, વેપાર અને નાણાંનો પ્રબંધ વ્યવસ્થિત બનાવીશું. લોકોને એથી ઘણું કરવાનું મળી રહેશે. આપણે નવી દુનિયા સર્જીશું—બૌદ્ધિક, કલામય, શક્તિસંપન્ન અને સર્જનાત્મક!

સુબોધઃ પણ કર્નલે તો મને જુદું જ સુણાવ્યું. તે કહે છે કે બધી લોકલાગણી એક વલણ નહિ પકડે!

પ્રોફેસરઃ આપણે તે માટે તેમને ફરજ પાડીશું.

સુબોધઃ પ્રોફેસર, ત્યાં જ મારા ચમત્કારો અટકે છે. લાગણીઓ પર તે અસર નીપજાવવામાં નિષ્ફળ જાય છે. માલતી પર મેં એ નુસખો અજમાવી જોએલો. અને, પ્રોફેસર, નવી શક્તિ મળતાં લોકોની નવીનતર ઇચ્છાઓને શું વેગ નહિ મળે? મને પોતાને જ આ શક્તિ મળ્યા બાદ દિલમાં કેટલીયે જોશવંત ઊર્મિઓ ઊઠ્યા કરે છે!

પ્રોફેસરઃ એમ તો મને યે ઊઠે અને બધાયને ઊઠે; પણ સુબોધ, નિત્યનવી ઇચ્છાઓ પરના પ્રભુત્વથી જ સાચી માનવતા જન્મે. તારી ઇચ્છાઓ ઘણી બલવત્તર છે અને તે પર નિગ્રહ જરૂરી છે. માલતીની યાદ જ તું મનમાંથી કાઢી નાખ.

સુબોધઃ પણ લતા મને ગમતી નથી, અને માલતીને હું ભૂલી શકતો નથી.

ભાષણકર્તાની અદાએ પ્રોફેસર ફડકે ઊભા રહ્યાઃ સુબોધ, તું અવનત થાય છે. તારો મોહ કાબૂમાં રાખ; સેવાને તારું ધ્યેય બનાવ.

સુબોધઃ સેવા? શા માટે? દુનિયાને સુખી અને તંદુરસ્ત બનાવવા, એમ ને! અને હું તો ગુરુ ગોરખનાથ જ રહું! વાહ, પ્રોફેસર, વાહ!!

પ્રોફેસરઃ ઓહ, સુબોધ તારું પતન . . .

પ્રોફેસરના શબ્દો તેમના મોંમાં જ રહી ગયા. એક ગોળીબાર સંભળાયો ને સુબોધની ટોપી તેના માથા પરથી ઊડી પડી. સુબોધ માથે હાથ મૂકી, ત્યાંથી આંખ સામે ધરતાં તે લોહીથી ખરડાએલો જોઇ ભડકી ઊઠ્યો. ત્યાં તો ફરી બાર થયો ને ઝાડની એક સૂકી ડાળખી નીચે તૂટી પડી.

'પ્રોફેસર, આપણા પર હલ્લો થાય છે. જમીન પર સૂઇ જાઓ' તેણે પ્રોફેસરને કહ્યું.

બંને જમીન પર ચત્તાપાટ થઇ ગયા. ગોળીઓની કતાર તેમના માથેથી ચાલી જવા માંડી.

થોડીવાર પડ્યો રહી સુબોધ ઘુંટણભર થયો. હાથ લાંબો કરી તે બોલ્યો, 'ગોળીઓ, અટકી જાઓ! મારો ઘા રૂઝાઇ જાઓ!'

તે ઊભો થયો. ગોળીઓ બંધ થઇ હતી. માથે હાથ ફેરવતાં ઘા અદ્દશ્ય થયો હતો. 'પ્રોફેસર ઊઠો, એ કોણ છે તેની તપાસ કરીએ.' તેણે પ્રોફેસરને કહ્યું.

એ બે ચાર મિનીટમાં તો સુબોધના ચહેરામાં ઘણોક ફેરફાર થઇ ગયો. પ્રોફેસર સાથેનો શિષ્યનો તેનો સંબંધ તો જાણે નાશ જ પામ્યો. પ્રોફેસરને આજ્ઞા કરતો હોય એ ઢબે તે ફરી બોલ્યોઃ 'પ્રોફેસર, ઊભા થાઓ. ચમત્કારો કરનારને દુનિયાએ આપેલો બદલો જોયો? અને એ લોકોને સુખી, તંદુરસ્ત, સ્વતંત્ર બનાવવાનું તમે મને કહેવા નીકળ્યા હતા! ચાલો હવે.'

સુબોધ આગળ વધ્યો, ને તેનાથી દોરાતા હોય તે ઢબે પ્રોફેસર ફડકે તેની પાછળ પાછળ ચાલવા માંડ્યા.

'કશો વાંધો તો નહિ આવે ને?' પ્રોફેસરે પૂછ્યું.

'પ્રોફેસર, હું સહીસલામત છું ત્યાં સુધી તો નહિ જ આવે!' સુબોધ જવાબ આપતો આગળ વધ્યો.

કર્નલ નકામી થએલી રિવોલ્વરને તપાસતો એક ઝાડી પાછળ સંતાએલો તે આ બંનેને આગળ આવતા જોઇ અદ્દશ્ય થઇ ગયો. બગીચાના છેડા સુધી આવતાં પણ સુબોધ અને પ્રોફેસરને હૂમલાખોરની કશી ભાળ ન લાગી. સુબોધને એક નવો વિચાર આવ્યોઃ 'બાગમાંની વનસ્પતિ, તમે બોલી ઊઠો કે અમારા પર હૂમલો કરનાર ક્યાં નાઠો છે?' વનસ્પતિને સંબોધી તે બોલ્યો.

ગુલાબ, ડોલર ને સૂરજમુખીનાં છોડવાંએ જાડાઝીણા અવાજે જવાબ દીધોઃ 'ડાબા પડખાની ખાઇમાં.'

વાડ પર ચડેલી જુઇની વેલ બોલી ઊઠીઃ 'મારી નીચેની ખાઇમાં.'

ખાઇના મથાળા પરનાં ઘાસનાં ફૂલ બોલી ઊઠ્યાં 'તે અહીં છે.'

કર્નલ હવે ગભરાયો. નાસવામાં મજા નથી એમ સમજી તે તરત સુબોધની પાસે આવી લાગ્યો. 'કેમ, સુબોધ!?' ગભરાટ છુપાવવા હસતો હસતો તે બોલ્યો.

સુબોધઃ હું ધારતો જ હતો કે આવું સાહસ કરવાની ચળ બીજા કોઇને તમારા સિવાય ન થાય! એટલી હિંમતનું પ્રદર્શન કરવાનો શોખ પણ બીજો કોઇ ન કરે! કર્નલ, તમે બહુ ચાલાક છો!

કર્નલઃ એ બધું હવે જવા દે, સુબોધ. હું મારી હાર કબૂલ કરું છું. હવે તમને ફાવે તેમ કરો.

સુબોધઃ પણ હવે મારો તેવો વિચાર જ નથી.

પ્રોફેસરઃ કેમ? એમ કેમ વળી ?'

કર્નલઃ સુબોધ, તારા વિચારોની અસ્થિરતા તને ગાંડો ન બનાવી મૂકે.

સુબોધ: નહિ બનાવી મૂકે! કર્નલ, બે દિવસ થયાં હું મારી જાતનો જ વિચાર કરતો રહ્યો છું. સુવર્ણ-રાજ્યની શક્યતા મને નથી જણાતી. એ કદાપિ શક્ય થશે જ નહિ. પ્રો. ફડકેના આદર્શોને તો અંત નથી; પણ મારે પણ મારી ઊર્મિઓ છે, અને તેમને હું સૌથી પહેલી પસંદગી આપવા માગું છું.

પ્રોફેસર: પણ અત્યાર સુધી આપણે નક્કી કર્યું છે તેમાં તો સહારો આપીશ ને!

સુબોધ: બિલકુલ નહિ!

પ્રોફેસર: કારણ, તારી અંગત ઇચ્છાઓ બળૂકી ઊઠી છે એમ જ ને!

સુબોધ: એ ગમે તેમ હોય. કદાચ તમે નિર્દેશેલાં સાધનોમાંથી થોડાંકનો ઉપયોગ હું કરું યે ખરો. ચમત્કાર કરનાર હું છું—હા, હું. શક્તિ **મારામાં** છે. તમારી. કર્નલની, રઘુનાથની કે બીજા કોઇની નહિ, પણ મારી ઇચ્છાની દુનિયા હવે બનવાની છે, અને હું ચાહે તેવી તેને બનાવું તેની સાથે તમને કશી નિસ્બત નથી. **તમે બધા મારો ઉપયોગ જ કરવા માગતા હતા.** હવે, હું જાતે મારો ઉપયોગ કરીશ. પ્રોફેસર, ચાલો, હજુ યે મને કદાચ તમારી જરૂર પડે. કર્નલ, ચલો; તમારા ઘેરથી જ આપણે દુનિયાનું નવસર્જન કરીશું.

અને બધા કર્નલના ઘર ભણી વળ્યા.

નિશાનબાજી અને કવાયતનાં પુસ્તકો તથા રેજિમેન્ટોના ફોટોગ્રાફોથી ભરપુર કર્નલના શયનખંડમાં ત્રણે આવી લાગ્યા. બધા શાંત હતા. થોડી વારે સુબોધે એ શાંતિ તોડી.

'પ્રોફેસર, કર્નલ, મને થોડી એકાંત જોઇએ છે. જરાવાર તમે બહાર જાઓ તો?

પ્રોફેસર અને કર્નલ બહાર નીકળ્યા ને સુબોધે બારણું બંધ કર્યું. નેપોલિયન જેવા રૂવાબથી તેણે અદબ વાળી ને બીજી જ પળે સામેના આયનામાં તેણે



પોતાનું પ્રતિબિંબ જોતાં કંઇક નિરાશા તેના ચહેરાપરફરી વળી. 'હું થોડો ઊંચો ને ભરાઉ બનું!' તે બોલ્યો ને આયનામાં જોતાં તેનું ઇચ્છયું પરિણામ આવી ગયું હતું.

'મને વિશાળ કપાળ ને ચહેરા પર કડપ જોઇએ!'

અને આયનાએ તેમ બન્યું હોવાની સાક્ષી આપી.

'હેં?! આ બધું મને સારૂં લાગે છે? ના, ના, હું જેવો હતો તેવો પાછો થઈ જાઉં!'

અને આયનામાં પાતળો સુબોધ પાછો દેખાયો.

'મારે હવે કરવું શું? શું ઇચ્છવું? પહેલાં તો માલતીને જ અહીં બોલાવું! કેમ વળી?' તેને દેખાડવા કે હું દુનિયાનો સ્વામી બનું છું. બિચારા પ્રોફેસર! બસ સૂચનાઓ કરવા, સલાહ આપવા ને રાહ દર્શાવવા સિવાય એમને જાણે બીજો ધંધો જ નથી!' ખૂબ જોરથી તે હસ્યો. 'તેમને તેમની બાજી રચવી હતી, હવે હું મારી બાજી રચું'.

અશોક હ



મેંદીનાં પાન

શ્રમ એ આનંદનાં પિતા છે.

આળસ એ એવો દરિયો છે, જે બધા સદ્‌ગુણો ગળી જાય છે.

નિષ્ક્રિય ડાહ્યા માણસ મધ વગરની મધમાખી જેવો છે.

ઉદ્યમનાં મૂળ કડવાં છે, પણ ફળ મીઠાં છે.

ઉદ્યમને રજા આપતાં જ ગરીબાઇની પરોણાગત કરવી પડે છે.

ચિત્ર એ મૂંગી કવિતા છે ને કવિતા એ બોલતું ચિત્ર છે.

सोनानी खाण

दत्तात्रेय बालकृष्ण कालेलकर

સોનાની ખાણ જોવા માટે આપણે પૃથ્વીના પેટાળમાં જવાના છીએ, એ ખ્યાલથી ૧૯૨૭માં જે ઉત્સુકતા અને રોમાંચકારી રહસ્યભાવના મનમાં પેદા થઈ હતી તે બીજી વાર મનમાં ઊઠે એ વાત અશક્ય છે. જેમ ઈંડું એક જ વાર મૂકી શકે છે તેમ જ અજ્ઞાતનું કાવ્ય એક જ વાર અનુભવી શકાય છે.

ગુજરાતમાં રેલસંકટે હાહાકાર કર્યો હતો અને એ જ અરસામાં મારા હૃદયમાં જીવનના કેટલાક અસાધારણ પ્રશ્નોએ કોલાહલ મચાવ્યો હતો. પરિણામે બોરડી છોડીને પૂજ્ય બાપુજીને મળવા હું બેંગલૂર આવ્યો હતો. પૂજ્ય બાપુજીની તબિયત સારી ન હતી. જેલયાત્રાનાં છ વરસ પૂરાં થાય એટલે પોતાની જીવન-યાત્રા પણ પૂરી થવાની છે એવો કાંઈક વિચિત્ર ખ્યાલ લઈને પૂ. બાપુજી બેઠા હતા એની પણ ગમગીની ઘણાનાં મનમાં હતી. એવે પ્રસંગે અવ્યવસ્થિત ચિત્તે અમે મૈસુરમાં મુસાફરી કરતા હતા, એ અરસામાં દેવદાસ ગાંધીના ઉત્સાહને કારણે અમે કોલારની સોનાની ખાણો પહેલી વાર જોવા ગયા. (તે વખતનું વર્ણન એક સ્વતંત્ર લેખમાં મેં તે વખતે લખી કાઢેલું છે જ.) બીજી વાર અમે સોનાની ખાણો જોવા ગયા તે ૧૯૩૬ની સાલમાં. પૂજ્ય બાપુજી શ્રી વલ્લભભાઈને લઈને નંદીની ટેકરી ઉપર રહ્યા હતા. ઉનાળો પૂરો થવા આવ્યો હતો. નંદી ઉપર બને તેટલું વધારેમાં વધારે રહેવું અને ઠંડી હવાનો પૂરતો લાભ લેવો એ નિશ્ચયથી અમે ત્યાં રહ્યા હતા. (એ નંદી-દુર્ગ વિષેનો પ્રાથમિક લેખ પત્રરૂપે પ્રસિદ્ધ કરેલો છે. ત્યાર પછીના લેખો લખાયા જ નથી.) આખરે જ્યારે નંદી પર તોફાન થવા લાગ્યું અને વીજળીને લીધે ઘરના દીવાના ગોટા પણ ફૂટવા લાગ્યા ત્યારે અમે નીચે ઊતર્યા. અને બેંગલૂર જતાં પહેલાં 'હાઉક' કરીને સોનાની ખાણો જોઈને આગળ દોડ્યા. તે વખતે અમારી સાથે બીજાં અજાણ્યાં ભાઈબહેનો હતાં. યાત્રીદલમાં જ્યારે અજાણ્યા લોકો સાથે હોય છે ત્યારે યાત્રાનો અર્ધો આનંદ ગાયબ જાય છે.

આ વખતે અમે પહેલાની પેઠે ૭૦૦૦ ફૂટ ઊંડા ગયા ન હતા. અને અંદર લઈ જનારી અમારી ઓરડી અથવા પારણું પહેલાં જેટલા વેગથી પણ ઊતરતું ન હતું. પણ આ વખતે એક લાભ વિશેષ થયો. પથરાના ભૂકામાંથી એક વાર સોનું ધોઈ કાઢ્યા પછી એ જ ધૂળમાં બચી ગએલું સોનું સાયનાઈડ (cyanide)ના પ્રયોગથી પ્રવાહી બનાવવાની યુક્તિ આ વખતે મેં ઉત્તમ રીતે સમજી લીધી હતી.

સોનાની પ્રાર્થના

'પ્રભો! મારો કોઈ એક ગુણ ઓછો કરો, રૂપાની પેઠે મને ક્ષણજીવી બનાવો, કપુરની પેઠે ઊડી જનાર બનાવો, સાકરની પેઠે ઓગળી જનાર બનાવો, તારાઓની પેઠે અગ્રાહ્ય બનાવો, પણ માણસના હાથમાંથી મને છોડાવો. સત્ય-યુગની સુવાસ ક્યાં ગઇ? શા માટે મને કલિયુગનું પ્રતીક બનાવી મૂક્યું છે? મને જોઇને માણસની નજર બગડે છે, એની મતિ બગડે છે; ભાઇભાઇઓ મારે માટે આપસમાં લડવા માંડે છે; મને જોઇને સ્થિરતા નાશ પામે છે. મારે નામે રાષ્ટ્રો રાષ્ટ્રો યુદ્ધ કરે છે. સમૃદ્ધિ છતાં દેશમાં દુકાળ પડે છે, સામાજિક પ્રતિષ્ઠા ચારિત્ર્ય ઉપર નિર્ભર હોવી જોઇએ ત્યાં મને ગુલામ કરી રાખે તે સહુથી મોટો એમ લોકો બોલવા માંડે છે. મેં શો ગુન્હો કર્યો છે, પ્રભો, કે મારી ભલાઇ જ મારી વેરણ થઈ છે!' કિરીટ-કુંડળધારી ભગવાને જવાબ ન આપ્યો. એટલે સોનું ધરતીમાતા પાસે જઇ બોલ્યું, 'ભગવતિ વસુંધરે, દેહિ મે વિવરમ્'. માતાએ પોતાનાં બાળકોને પોતાના હૈયામાં સ્થાન નથી આપ્યું એવું કોઈ કાળે બન્યું છે?

સોનાએ વિવરપ્રવેશ કર્યો ત્યારથી લોભી માણસે પૃથ્વીના પેટમાં વિવરો ખોદીખોદીને ત્યાંથી સોનું બહાર કાઢવાનો પ્રયાસ કર્યો છે. એને કહે છે સોનાની ખાણ. એ અમે જોઈ આવ્યા, અને માણસ કેવો છે એ સમજી શક્યા.

સોનાની ખાણો જોવાનો હમણાંહમણાંમાં આ મારે માટે ત્રીજો વારો હતો. સાથે ચિ. સરોજ ન હોત તો મેં પૃથ્વીના પેટમાંથી પીળી ચળકતી માટી ખેંચી કાઢવાની આ ઘેલછા જોવા પાછળ એક દિવસ ન જ ખર્ચ્યો હોત.

પહેલી જ વાર જોવાનો છીએ એ આનંદ તો અનેરો હોય છે. એથી ઊતરતો પણ લગભગ એના જેટલો જ આનંદ માણસને ત્યારે મળે છે જ્યારે એની સાથે એ જ વસ્તુનો નવો અનુભવ કરનાર કોઈ હોય છે. પોતાનું જ્ઞાન, પોતાની માહિતી, અને અનુભવ ઠાલવી દેવાની તક મળે છે ત્યારે એનો આનંદ માણસને ઓછો નથી હોતો. તે ઉપરાંત નવા માણસના ઔત્સુક્યના ભાગીદાર થવામાં પણ સ્વતંત્ર આનંદ હોય છે, જેને કારણે જૂના અનુભવનું વાસીપણું ઘણે ભાગે મટી જાય છે.

પહેલી વાર અમે ટ્રેનમાં ગયા હતા; બીજી વાર નંદીથી કોલર ગયા હતા; આ વખતે બેંગલૂરથી મોટર લઈને સોનાની ખાણ સુધી જઈ તે જ દિવસે પાછા આવ્યા. ૬૦ માઈલનો રસ્તો છે, પણ અમે તો જતાં આવતાં મળીને લગભગ ૧૫૦ માઈલ પૂરા કર્યા.

इष्टैः सह भुज्यताम्। એ ન્યાયે મેં અમારા મેજબાન શ્રીનિવાસરાવને એમની નાની છોકરીને અમારી સાથે મોકલવા સૂચવ્યું. પછી ન્યાય ખાતર એના ભાઈને સાથે લેવો પડ્યો. અને બે સાથે દયા ખાતર— અથવા કમિશન તરીકે—નાની લલિતાને અમે સાથે લીધી. આમ ત્રણ કન્નડ ભાષા બોલનાર છોકરાંઓ સાથે થવાથી મેં એમની સાથે વાતો ચલાવી મારો કાનડી શબ્દોનો ભંડોળ ઊજળો કર્યો. રસ્તામાં પથરાના ટેકરીઓએ હંપીના માતંગ પર્વતનું સ્મરણ કરાવ્યું, આકાશનાં વાદળાંઓએ નંદી-દુર્ગનું સ્મરણ કરાવ્યું અને રસ્તાની બાજુનાં લાંબાંલાંબાં તળાવોએ ઇન્દ્રાયણી નદીની શોભા બતાવી. અને આમ અમે સ્મરણના માર્ગેથી પાર થઈને સોનાની ખાણો પાસે પહોંચ્યા. જ્યાં જુઓ ત્યાં વાંસના ટોપલામાં દિવાસળીની પેટી ખોસીને એવો ટોપલો માથે ચડાવી, હાથમાં કારબાઇડનું ફાનસ રાખી આમતેમ ફરતા મજૂરો નજરે પડ્યા.

થોડીક મહેનતથી સોનાની ખાણોના સરકારી કમિશનર શ્રી દોરાયસ્વામીને અમે શોધી કાઢ્યા એમની સાથે કોલરના મારવાડી શેઠીઆ શ્રી ભૈરવલાલજી પણ હતા. બન્ને ઉપર અમારે વિષે બેંગલૂરથી તાર આવેલો હોવાથી તેઓ અમારી રાહ જોતા હતા. મારા ખોરાકની બેચાર વાતો કર્યા વગર છૂટકો ન હતો, એટલે તેટલી વાતો કરી અમે ખાણો જોવા ગયા.

ભૂસ્તરવિદ્યાના જાણકાર લોકોએ નક્કી કર્યું છે કે અહીં લગભગ ૨૫ ચોરસ માઈલનો ભૂમિભાગ સોનાના પથરાથી ભરેલો છે, એમાંથી ચાર માઈલ જેટલી જમીન કોતરવાનું હમણાં ચાલે છે. એક ખાણ હવે ખૂટવા આવી છે એમ આ લોકો કહેવા જાય છે ત્યાં, ઊંડાણમાંથી એથી યે વધારે સારા પથરા મળી આવે છે. અહીંની ખાણો આખી દુનિયામાં સૌથી ઊંડી મનાય છે. લગભગ ૮૦૦૦ ફૂટ સુધી આ લોકો ગયા છે. અંદર ઊતરવાના મુખ્ય વિવરને અંગ્રેજીમાં–shaft–શાફ્ટ કહે છે. એ શાફ્ટમાંથી મોટા પારણામાં બેસીને લોકો અંદર જાય છે. દર વખતે ૩૫+૩૫=૭૦ માણસો એમાં ભરી નીચે મોકલવામાં આવે છે. એક પારણા સામે બીજું પારણું તોળેલું હોવાથી એક નીચે પહોંચે એટલે બીજું ઉપર આવી જાય છે, અને દરેક પારણામાં ઉપલો અને નીચલો એવા બે મજલા અથવા મેડી હોવાથી દરેક વખતે કુલ ૧૪૦ લોકોના જાન આ વિજળીના યંત્રહાથમાં લટકે છે. બે પારણાં સામસામાં તોળવાથી જોખમ ઘણું ઓછું હોય છે અને પારણાંનો વેગ ફાવે તેમ કાબૂમાં રાખી શકાય છે.

આ ખાણો પર કામ કરનાર ૨૦-૨૫ હજાર કૂલીઓમાંથી ૧૨-૧૫ હજાર કૂલીઓ પૃથ્વીના પેટમાં અહિરાવણ મહિરાવણની પેઠે કામ કરતા હોવાથી અને એમને અંદર લઈ જવામાં મિનિટ મિનિટની વાર થાય તો યે સેંકડો રૂપિયાનું નુકસાન થતું હોવાથી મજૂરોને વીજળીવેગે અંદર મૂકવા અને વીજળીવેગે બહાર કાઢવા એની પાછળ મનુષ્યબુદ્ધિ ઠીકઠીક ખરચાઈ છે કોઈ પણ રીતે અકસ્માત ન થાય એને માટે અહીં એટલી બધી યુક્તિઓ રચાઈ છે કે માણસના જીવનની કિંમત અહીં સહુથી વધારે લેખાય છે એમ ખાતરી થયા વગર રહેતી નથી. હજારો રૂપિયાનું નુકસાન ભલે થાઓ, પણ એકે માણસનો જાન જોખમમાં ન આવો, એ સૂત્રથી અહીં કામ ચાલે છે. છતાં સેંકડે બેચાર લોકો જોખમમાં આવી જ જાય છે. આ વરસે—એટલે કે છેલ્લા થોડાક મહિનામાં પૃથ્વીના પેટમાં ઊતરતાં ઊતરતાં ૩૦–૪૦ સ્વર્ગે પહોંચ્યાનું શ્રી દોરાયસ્વામીએ

દુનિયાભરમાં ઊંડામાં ઊંડી (૮૦૦૦ ફુટ) સોનાની ખાણો, જ્યાં પચીસ ચોરસ માઈલના વિસ્તારનો ભૂમિભાગ સોનાના પત્થરોથી ભરેલો છે અને એક ખાણ ખૂટવા આવી એવું લાગે ત્યાં તો તેનાં ઊંડાણમાંથી વધુ સારા પત્થરો મળી આવે છે!

કહ્યું. અમે જ્યારે અફસોસ જાહેર કર્યો ત્યારે તેઓ કહે, 'પૃષ્ઠભાગ પરની ખુલ્લી દુનિયામાં જીવન જેટલું જોખમમાં છે તેટલું અંદર નથી. અંદર જ્યાં બે ટકા જોખમ છે ત્યાં ઉપરની તમારી દુનિયામાં ૪ ટકા જોખમ છે. રેલ તળે કે મોટર તળે આવીને લોકો ચગદાઈ જાય છે, વહાણો ડૂબે છે, ઘરો તૂટી પડે છે, ઇત્યાદિ જોખમો શું ઓછાં છે? એના પ્રમાણમાં અંદરનું જોખમ ઘણું ઓછું છે. ધરતીકંપનું જોખમ પણ ઉપર જેટલું છે તેટલું અંદર નથી જ. ઉપર જેમ ઘરો ઢગલો થઈ જાય છે તેવું જોખમ અહીં છે જ નહિ.'

ખરું જોતાં માણસે અંદરથી બહાર નીકળતાં કરવું જોઈએ કે હવે આપણે ઓછા સલામત છીએ. આખો જન્મારો વહાણમાં ગાળનારા લોકો પણ જમીન પર ચાલતાં ગભરાટથી ચાલે છે અને પોતાને ઓછા સલામત માને છે એમ પણ મેં ક્યાંક વાંચ્યું છે.

શ્રી દોરાયસ્વામીએ કહ્યું કે આપણે ઉપરનું જોવાનું બધું જોઈ લઈએ; સાથેનાં છોકરાંઓને પણ એમાં મઝા પડશે અને પછી અંદર જઈશું. હું જાણતો હતો કે કાયદા પ્રમાણે નાનાં બાળકોને અંદર નથી લઈ જવા દેતા, એટલે મેં જયમ્માને અને ચંદ્રશેખરને તેમજ નાની લલિતાને એ બધું સમજાવીને અંદર આવવાની હઠ ન કરવાની અને ન રોવાની શરતે જ સાથે લીધાં હતાં. અંદર ઊતરતાં પહેલાં દરેક જણને લખત કરી આપવું પડે છે કે પોતે પોતાને જોખમે અંદર જાય છે, અને જો કંઈક અકસ્માત થાય તો તેની જુમ્મેદારી પોતાની જ છે, કંપનીની કે સરકારની નથી. જેઓ આવું લખત લખી આપવાની ઉંમરનાં નથી હોતાં તેમને અંદર લઈ જવાની મનાઈ છે. મેં જોયું છે કે કેટલાક લોકો આવું લખત કરી આપતાંવેંત ગંભીર થઈ જાય છે—જાણે પોતે વીર કર્મ કર્યું છે. ફોજમાં ભરતી થતી વખતે પણ માણસને આવી જ બહાદુરીનું ભાન થતું હશે.

સૌથી પહેલાં અમે ખાણમાંથી નીકળી આવતા પથરાથી પ્રારંભ કર્યો. ખાણમાંથી નીકળના પથરાઓ મોટાંમોટાં ત્રિકોણાં તગારાંમાં ઉપર આણે છે. એ તગારાંને ટ્રોલી જેવાં પૈડાં હોવાથી ખાણમાં પણ લઈ જવાનું બહુ સહેલું હોય છે. ઉપર આણેલાં તગારાંની ગાડીઓ ખેંચવાનું કામ બળદો કરે છે. પહેલાં આ વીજળીના સંચાથી થતું, પણ વીજળી કરતાં નન્દીશ્વરની મહેનત સસ્તી નીવડવાથી એ કામ ઉદારતાથી એમને જ સોંપવામાં આવે છે. એકેક તગારામાં ચાર ચાર ટન પથરા ભરેલા હોય છે, એમાંથી બહુબહુ તો બે તોલા સોનું નીકળે છે–લગભગ પચાસ રૂપિયાનું.

પથરાઓ ઉપર આવે એટલે પહેલવહેલું કામ જેમનામાં સોનું નથી એવા કાળા પથરા વીણીવીણીને ફેંકી દેવાનું. એ બધા પથરા કૂટવા જતાં ખરચ એકદમ વધી જાય. એટલે પ્રથમ એ વાણા કાઢીને પછી જ બાકીના પથરા ખાંડવા મોકલવા એ લાભનું છે એમ માણસે જોયું છે. આને માટે લોઢાનું એક મોટું વલયાકાર મેજ ગોળ ગોળ ફરતું રાખેલું હોય છે. એના પર પથરા આવીને પડતા જાય અને આસપાસ ઊભેલા મજૂરો પથરા વીણતા જાય. ધોળા પથરામાં જ સોનું હોય છે, એટલે એ રાખી લેવામાં આવે છે. આવા કુબેર પથરા ફરી તગારામાં ભરીભરીને કારખાનામાં પહોંચાડવામાં આવે છે. ત્યાં સૌથી પહેલું એમનું સામાજિક જીવન શરૂ થાય છે. એક મોટા યંત્રના મોઢામાં આ પથરા ચવાઈ જાય છે અને એના ઝીણા ઝીણા ટુકડા થાય છે. એ ટુકડા એક મોટા રાક્ષસ સિલીન્ડરવાલા ના પેટમાં ઓરી દેવામાં આવે છે, ત્યાં એ બધા એકબીજા સાથે ઘસાઈઘસાઈને અમુક દરજ્જે સુંવાળા થઈ જાય છે. ટીખળી લોકોના સહવાસમાં જેમ ચીડિયા લોકો ઠેકાણે આવે છે તેમ જ અહીંઆં પથરાનું થાય છે. મલમનસાઈ કેળવી એટલે છૂટયા એવું તો દુનિયામાં છે જ નહિ. ભલા છે એટલા માટે તે કૂટાય છે.

આ કૂટવાની ક્રિયા જોઈને ખરેખર દયા આવે છે. દરેક ખાંડણીમાં લોઢાનાં જબરદસ્ત ચારચાર સાંબેલાંઓ વારાફરતી કૂટતાં જાય છે, અને જેમજેમ કૂટે છે તેમતેમ પોતે પોતાની આસપાસ ગોળગોળ ફરે-

માણસ સોનાનો દાસ થઈ શકે
પણ તેનાથી છેતરાય તો નહિ જ;
રેતી જોડે છટકી જતું છવટનું બે ટકા સોનું પણ તે સાઈનાઈડની મદદ વડે એમાંથી કાઢી લે છે.

છે—જાણે 'ચક્રં ભ્રમતિ મસ્તકે.' પથરા ખાંડીખાંડીને એ સાંભળાં તેનો અર્થ તે. ભૂકો કરી નાખે છે કે એ ઝીણી રેતી પાણીમાં ભળી પ્રવાહી થતાં વાર લાગતી નથી.

હવે આ પ્રવાહી રેતી પાસેથી સોનાના કણ માગી લેવા એ જ મુખ્ય કામ છે. જૂના વખતમાં ઘેટાં બકરાંને મારીને એની વાળ સાથેની ચામડી ફેલાવી એના પરથી પેલી સોનાની રેતીવાળું પાણી વહેવડાવતા હતા. સોનાના કણ ભારે હોવાથી ચામડાના વાળમાં ભરાઈ જતા અને બાકીની રેતી પાણીના પ્રવાહથી તણાઈ જતી. દોરાયસ્વામીએ કહ્યું કે ગ્રીક લોકકથામાં Golden Fleeceની જે વાત આવે છે તેનું કારણ આ જ છે (Fleece એટલે વાળવાળું ચામડું). એના રંગ પરથી એને એ નામ મળ્યું છે એમ હું માનતો; હવે ખબર પડી કે કંજુસની પેઠે સોનાના કણને એ પકડી રાખે છે એટલા ખાતર એને એ નામ મળ્યું છે.

ખેર. હવે આજકાલ ચામડાં વાપરવાને બદલે ઊનની કંબલ વપરાય છે. એમાં સોનાના જે કણ ભરાય છે તે બધા એક ચોરસ તપેલામાં ખંખેરાય છે અને પછી એ તપેલાનું પાણી એક ત્રાંબાના પતરા ઉપર થઈ વહેવડાવે છે. ત્રાંબાના પતરાને પારાનો પુટ આપેલો હોવાથી એને સોનાચાંદીની કણકીને ભૂખ લાગેલી હોય છે. સોનાના કણવાળું પાણી એ પતરા ઉપર થઈને જ્યારે વહેવા માંડે છે ત્યારે પારો એને પકડી રાખે છે. પછી એ બધો પારો ભેગો કરીને ગરમ કરવામાં આવે છે. એટલે પારો અલગ અને સોનું અલગ એમ થઈ જાય છે. પેટમાંથી પારો નીકળી જવાથી સોનાનાં કણ વાદળી જેવાં થઈ જાય છે. એ વાદળીઓ ફરી ઓગાળી સોનાનો રસ બનાવે છે અને પછી એની ઈંટો બનાવી મુંબાઈ મોકલવામાં આવે છે. ખાણમાંથી નીકળેલા પથરાનું વજન કર્યા પછી જ તે કારખાનામાં મોકલવામાં આવે છે. એ વજન પરથી કુલ સોનું કેટલું નીકળશે એનો અંદાજ કાઢવામાં આવે છે. ઘણું કરીને એ અંદાજ સાચો પડે છે. જો ભારે ફેર પડે તો પછી પૂછવું જ શું? આખા કારખાનામાં ભારે હાહાકાર થઈ જાય છે, અને ભૂલ ક્યાં છે, ચોરી ક્યાં છે એ બધાંની તપાસ થાય છે. કારખાનામાં ફરતાંફરતાં દોરાયસ્વામી કહે, અહીં દરેક માણસ કેવળ પોતાને શાહુકાર સમજે છે, બાકી બધાની ચોરની પેઠે તપાસ લેવામાં આવે છે. (સોનાની ખાણ જોયા વગર જ શ્રી શંકરાચાર્યે લખ્યું હતું 'પુત્રાત્ અપિ ધનભાજાં ભીતિઃ')

પથરાના પેટમાંથી સોનું છીનવી લીધા પછી બાકીનો ભૂકો કૂચો સમજી ફેંકી દેવામાં આવે છે. એની મોટી મોટી ટેકરીઓ ચારે કોર ખડકેલી જોવામાં આવે છે. આ રેતી નથી આવતી સિમેંટ બનાવવાના કામમાં કે નથી આવતી કાચ બનાવવાના કામમાં. બિચારી રેતી પોતાનો ઉપયોગ કરનાર ભવિષ્યના માનવીની રાહ જોતી અહીં શલ્યા થએલી અહલ્યાની પેઠે તપસ્યા કરે છે.

વચમાં માણસને સૂઝી આવ્યું કે આ રેતીમાંથી કેવળ ૯૮ ટકા સોનું જ આપણે કાઢી શકયા છીએ. બે ટકા સોનું કંબલના સકંજામાંથી છટકી રેતીમાં જ રહી જાય છે. માણસ સોનાનો દાસ થઈ શકે: પણ સોનાથી આવી રીતે એ છેતરાય એમ તો નથી જ. એણે એ રેતીના ઢગલા ફરી પાણીમાં પલાળી એમાં સાયનાઈડ (cyanide) નાખી સોનું પ્રવાહી બનાવી દીધું, અને એ રીતે રેતી પાસેથી સોનું છીનવી લીધું. હવે આ પાણી ફિલ્ટર કરી, જસતનાં પાતળાં પાતળાં છોલણો પર રેડી દે છે. કમજાત સાયનાઈડને જસત મળે કે એ તરત સોનું છોડી દઈ જસતને વળગે છે. અને આમ સોનાનો કાળો ઢગલો નોખો મળી આવે છે. સાયનાઈડ કહેશે જસતની ખૂબી તમે શું જાણો? એની આગળ સોનાનો સહવાસ ધૂળ છે. ખરેખર तत् तस्य किमपि द्रव्यं यो हि यस्य प्रियो जनः। સોનું મોઘું અને જસત સસ્તું એ તો માણસે જ ઠરાવ્યું છે ના? ગાયને માણસના બાળક કરતાં પોતાના વાછરડાને ચાટવામાં વધારે સંતોષ મળે છે.

હવે આ સાયનાઈડે ફેંકી દીધેલું સોનું ગરમ કરવાથી સુવર્ણવર્ણ સોનું છૂટું થાય છે. અને એ જોઈને મહેનતુ માણસ રાજી રાજી થાય છે. પારાની મદદથી જ્યારે સોનું ભેગું કરાય છે ત્યારે એમાં સોના સાથે

ચાંદી પણ ભળી જાય છે. પારો ગમે તેટલો ગુણઆદી હોય, તો યે એ કાંઈક colour blind છે. સોનું કયું અને ચાંદી કયી એ ભેદ એ ન સમજે. તેથી અહીંની ખાણમાંથી તૈયાર કરેલા સોનામાં દસ ટકા જેટલી ચાંદી હોય છે. એ નોખી પાડવાનું કામ અહીં નથી થતું.

શનિવાર હોવાથી અમે સોનાનું દર્શન ન કરી શક્યા. પહેલી વાર જ્યારે અમે ગએલા ત્યારે સોનાની એક ઈંટ જોવા પામ્યા હતા. એક ઈંટની કીમત લાખ સવા લાખ રૂપિયા જેટલી થાય છે. ઈંટની તીજોરીને બે તાળાં હતાં. દરેક તાળાની કુંચી જુદા જુદા બે ગોરા અમલદાર પાસે હતી. એ બે અમલદારો જ્યારે પોતપોતાની કચેરીમાંથી આવ્યા ત્યારે તીજોરી ખોલાઈ, અને અંદરની એક ઈંટ ટેબલ પર મૂકાઈ. મુખ્ય વ્યવસ્થાપકે અમને કહ્યું, 'જો એક હાથે આ ઈંટ ઊચકી શકો તો તમને એ બક્ષિસ આપીએ.' બધાએ પ્રયત્ન કર્યો, કોઈ ન ફાવ્યું. બે હાથે પણ ભાર સહેલો લાગતો ન હતો. અમે બીજી વાર ગયા ત્યારે એથી યે વધારે આકર્ષક દૃશ્ય અમે જોવા પામ્યા હતા. આઠ દિવસનું સોનું ભઠ્ઠીમાં નાખી એની ઈંટ બનાવવાની તૈયારી હતી અને અમે ત્યાં પહોંચ્યા. મોટી કુલડીમાં ધગધગતું સોનું આખી માનવજાતને શાપ આપતું હતું. ચાર મજૂરોએ લાંબા લાંબા હાથા વતી એને ઊચકીને ઈંટ બનાવવાના ચોરસ પડિયામાં એ રસ રેડી દીધો અને એના ઉપર ઠંડું પાણી રેડી દીધું. પડિયામાંથી ઈંટ ઝટ નીકળી આવે એટલા માટે એ ઉપરથી પહોળો અને નીચેથી કંઈક સાંકડો બનાવેલો હોય છે, તેથી ઈંટ પણ એવો જ આકાર ધારણ કરે છે. ઈંટ પકડવાની આટલી સારી સગવડ હોવાના કારણે મેં માન્યું હતું કે આપણે એને જોરથી પકડી ઊચકી શકીશું, પણ એ તો મિથ્યા પ્રયત્ન નીવડ્યો. આવી ઈંટ પકડતાં ફાવે, પણ ઊચકવાની વાત તો ન્યારી જ છે.

રેતીમાંથી સાયનાઈડની મદદથી બધું સોનું પાણીમાં લઈ લેવાની ક્રિયા અટપટી છે. પાણી અને રેતી ભેગાં થયાં હોય ત્યારે એ વાસણોમાં નીચેથી હવાના પરપોટા છોડી રેતી-પાણીમાં ભારે ખળભળાટ પેદા કરે છે. આ વાસણો ઊંચા ઊંચા ટાવર જેવાં હોય છે અને એમને નામ આપ્યું છે agitators—ચળવળીઆ. મેં દોરાયસ્વામીને પૂછ્યું છે, 'આ ઍજીટેટર સામે તમે રાજદ્રોહનો આરોપ નથી મૂકતા? એમને હદપાર નથી કરતા? એમને માટે કઈ સજા છે?!' દોરાયસ્વામી કહે, 'ઊલટું જો એ લોકો બરાબર ઍજીટેશન ન કરે તો જ મારે એમને સજા કરવી પડે છે. પછી હું એમની દયા નથી ખાતો.' મોટા મોટા હોજમાં એ પાણી ગોળગોળ ફરે છે. જાણે માથે ચક્કર આવતાં હોય.

પથરાઓને થતું હશે કે શો અમારો ગુન્હો? પેટમાં થોડીક પીળી માટી રહી એટલા ખાતર કેટલી બધી યંત્રણા અમારે વેઠવી પડે છે. અમને આની ખબર હોત તો ભગવાનને કહેત કે દયા કરીને આ સોનાની બલા અમને વળગાડ નહિ.

કહે છે કે નાદિરશાહ જ્યારે હિંદુસ્તાનમાં આવ્યો ત્યારે શાહસૂજા પાસેથી કોહીનૂર હીરો પડાવવાની ખાતર એણે એ બાદશાહને અમાનુષ રીતે રીબાવવાની હદ કરી. માણસ માણસને રિબાવે ત્યારે આપણે એને નૃશંસ, ઘાતકી, નરાધમ કહીએ છીએ; પણ માણસ સોનાના પથરાને, સુગંધી ફૂલોને, અથવા ધૂપને કૂટે, ગુંગળાવે અથવા બાળે ત્યારે કોઈને એનું કશું જ લાગતું નથી!

પૃથ્વીના પેટમાં સીધા ઊતરી દર ૫૦૦ અને ૧૦૦૦ ફૂટે આડાંઅવળાં કોતરો ખણી કાઢી માણસ પૃથ્વીનાં આંતરડાં ખાઈ જાય છે અને એને કહે છે કે માણસની એ બહાદુરી છે, કુદરત ઉપરનો વિજય છે. અને કામ કરતાં માણસ જેવો માણસ પોતાના જ ભાઈઓને રોજના આઠ આનાની લાલચ બતાવી પૃથ્વીના પેટમાં મોકલી દે છે, અને ત્યાં જો કોઈના હાથ તૂટી જાય, માથું ભાંગી જાય, કોઈના પ્રાણ જાય, અથવા એથી ભૂંડું કોઈનું ભેજું ચસકી જાય તો માણસ ઠંડે પેટે માને છે કે આ અમાણ મારે ન ગણાય! ખરેખર ડાહી ગણાતી માણસજાતનું જ ભેજું ચસકી ગયું છે, એટલે

સોનાની ખાણના વ્યવસ્થાપક સોનાની ઈંટ બતાવી તમને કહે છે કે એક હાથે જો તમે એ ઈંટ ઊંચકી શકો તો તમને લાખ સવા લાખ રૂપિયાની કીમતની એ ઈંટ બક્ષિસ આપીએ . . . પણ એ એટલી ભારે હોય છે કે એક હાથે ઊંચકાતી જ નથી.

આવી નારકી પ્રવૃત્તિ એને મંજૂર છે. અકળાએલા ઋષિએ પ્રાચીન કાળમાં જ ચીસ પાડી હતીઃ

* स्वापतेय कृते मर्त्याः किं किं पापं न कुर्वते? ॥

(૨)

સંન્યાસીઓને માટે કહેવામાં આવ્યું છે કે એમણે સોનાચાંદીને સ્પર્શ પણ ન કરવો જોઈએ. સ્વામી દયાનંદ સરસ્વતીના કમંડલને ચાંદીની નાનકડી ભૂંગળી હતી એટલા પરથી સનાતનીઓએ એમના વિષે કેટલું યે લખ્યું છે. કાન્તા અને કનક એ કળિયુગની મૂડી છે. અધ:પાતનાં સાધનો છે એમ જ્યાંત્યાં ગવાયું છે. સ્ત્રી એ જ પાપનું મૂળ છે, કનકમાંથી જ લોભ પેદા થાય છે એમ પણ ઘણા લોકોએ પ્રમાણિકપણે નોંધી રાખ્યું છે. પણ મને એ દૃષ્ટિ કોઈ કાળે સાચી નથી લાગી. એક જણે પક્ષપાત ટાળવા ખાતર કહ્યું છે કે કાન્ત ને કાન્તા બન્ને પાપનાં સાધન છે—પુરુષ અને સ્ત્રી બન્ને અધ:પાતનાં બીજ છે. કૅથૉલિક સાધુઓએ કહ્યું છે કે આપણો જન્મ જ પાપમાંથી છે. એટલે આ દુનિયામાંથી બચી જવું, આબાદ રીતે નીકળી જવું, એ જ જીવનનું સાર્થક્ય છે. જ્યારે સ્વામી વિવેકાનંદે કહ્યું, 'સ્ત્રી પાપનું મૂળ નથી, પણ મનના વિકારો જ પાપનું મૂળ છે; એ ટાળતાં આવડવું જોઈએ.'

લોકોમાં ધનનો લોભ જોઈ અને એ લોભને કારણે લોકોને પોતાનું જીવન નિ:સત્વ અને નીરસ કરતા જોઈ હું અકળાયો છું, છતાં સોના પ્રત્યે અણગમો મનમાં કોઈ કાળે ન હતો. નાનપણમાં મેં કેટલાં યે ઘરેણાં વાપર્યાં છે, પણ એમની શોભા તરફ જ હું જોતો. સોનાની સુંવાળપ, એનો રંગ, એનો સૌમ્ય ચળકાટ બધું મને ગમતું; પણ અમુક ચીજ આટલી કીમતની છે અને હું એનો માલિક છું એવો ભાવ મારા પર સવાર થતો જ નહિ. ચકમકના પાસાદાર પથરા અને હીરામાણેક મારે મન સરખા જ આકર્ષક હતા, આજે પણ એમ જ છે. મફતના મળનાર ફૂલોની મારી પાસે જેટલી કદર હતી તેથી હીરામાણેકની વધારે નહિ જ.

હીરાની વીંટી પહેરવાની ઇચ્છા નાનપણમાં ઘણી હતી, પણ તે કોઈ કાળે તૃપ્ત ન થઈ. પછી જ્યારે આકાશના તારાઓ સાથે દોસ્તી થઈ ત્યારે તૃપ્તિ થઈ કે આપણી પાસે આટલા બધા હીરાઓ છે. એ હીરા સાચવવા યે નથી પડતા, કોઈ છીનવી પણ નથી લેતા. રાત પડી કે તગમગ તગમગ આવ્યા જ છે. એ જોયા પછી હીરાની વીંટી પહેરવાની ઇચ્છા ધીમીધીમી મોળી પડી અને અન્તે સવારના તારાની પેઠે ઓગળી ગઈ. સુવાના રંગો અને ફૂલોના રંગો ધરાઈને જોયા પછી રંગીન કપડાં પ્રત્યેનું આકર્ષણ કોણ જાણે ક્યાં જતું જ રહ્યું. આજે જ્યારે બીજાઓ રંગીન કપડાં પહેરે છે ત્યારે હું એમના તરફ ફૂલોની નજરે જોઈને ખુશ થાઉં છું અને કંઈક કૃતજ્ઞતા પણ અનુભવું છું કે એમણે મારે માટે સરસ દૃશ્ય રજૂ કર્યું. પણ હું રંગીન કપડાં પહેરીને બીજાઓ માટે પ્રદર્શન બનું એવી તો ઇચ્છા થતી જ નથી. આપણે અભદ્ર ન દેખાઈએ અને ખાસ આકર્ષક પણ ન બનીએ એટલે લોકનું ઓછામાં ઓછું ધ્યાન ખેંચીશું અને કેવળ માણસ રહી જઈશું એમ જ હમેશાં લાગ્યા કરે છે.

સોનું છે જ સુવર્ણ. ચાંદી કરતાં વર્ણે સૌમ્ય, ચળકાટમાં ઓછું આંજી નાખનારું, રણકારમાં વધારે સાત્વિક. કોઈ પણ સોનીને પૂછો. સોનું એટલું તો સૌમ્ય અને કહ્યાગરું હોય છે કે એમાંથી જાતજાતના અલંકાર બનાવતાં એનો ઉત્સાહ ખૂટતો જ નથી. સોનાને જો કીમતી ચીજ ન બનાવી હોત, સોનાના સિક્કાઓ બનાવીને જો મૂલ્યસંગ્રહનું એને સાધન ન બનાવ્યું હોત તો સોનાના આટલા બેહાલ ન થયા હોત. સોનું સડતું નથી, બગડતું નથી, થોડી જગ્યા રોકે છે, સામાન્ય તેજાબની અસરમાં પણ આવતું નથી, વગેરે વગેરે એના જ સદ્ગુણો છે તે જ એને માટે મારક થયા છે. લોભી માણસે પોતાના લોભનું એને પ્રતીક બનાવ્યું. હું સોનું હોત તો આત્મહત્યા કરી ભગવાન પાસે જઈ કહેત કે 'મારો કોઈ એક ગુણ ઓછો કરો, સુવાની પેઠે મને ક્ષણજીવી બનાવો, કપુરની પેઠે ઊડી જનાર બનાવો, સાકરની પેઠે ઓગળી જનાર બનાવો, તારાઓની પેઠે અગ્રાહ્ય બનાવો, પણ માણસના હાથમાંથી મને છોડાવો. સત્યયુગની સુવાસ ક્યાં ગઈ? શા માટે મને કળિયુગનું પ્રતીક બનાવી મૂક્યું છે? મને જોઈને માણસની નજર બગડે છે, એની મતિ બગડે છે, ભાઈભાઈઓ મારે માટે આપસમાં લડવા માંડે છે; મને જ.ઈને સ્થિરતા નાશ

* સ્વાપતેય એટલે સોનું.

પામે છે. મારે નામે રાષ્ટ્રો રાષ્ટ્રો યુદ્ધ કરે છે, સમૃદ્ધિ છતાં દેશમાં દુકાળ પડે છે, સામાજિક પ્રતિષ્ઠા ચારિત્ર્ય ઉપર નિર્ભર હોવી જોઈએ ત્યાં મને જે ગુલામ કરી રાખે તે સહુથી મોટો એમ લોકો બોલવા માંડે છે. મેં શો ગુન્હો કર્યો છે, પ્રભો, કે મારી મહત્તા જ મારી વેરણ થઈ છે!'

કિરીટ–કુંડળધારી હિરણ્મયવપુ ભગવાને જવાબ ન આપ્યો. એટલે સોનું ધરતી માતા પાસે જઈ બોલ્યું, 'ભગવતિ વસુંધરે, દેહિ મે વિવરમ્'. માતાએ પોતાનાં બાળકોને પોતાના હૈયામાં સ્થાન નથી આપ્યું એવું કોઈ કાળે બન્યું છે? સોનાએ વિવરમાં પ્રવેશ કર્યો ત્યારથી લોભી માણસે પૃથ્વીના પેટમાં વિવરો ખોદી-ખોદીને ત્યાંથી સોનું બહાર કાઢવાનો પ્રયાસ આદર્યો છે. એને કહેછે સોનાની ખાણ. એ અમે જોઈ આવ્યા એટલે માણસ પ્રાણી કેવો છે એ સમજી શક્યા.

પોતાને ઓળખવો એ જ સૌથી મોટી સાધના છે.

Our Friends Abroad

Mr. N. K. Ahmed (23), P. O. Box No 32
MWANZA, T. T. (Africa)

Mr. S. V. Jobanputra, (13)
P. O. Box 83, KISUMU Kenya, East Africa

પત્રોના ટૂંક સાર

Miss Janet Haskell તરફથી મને મળેલા પત્રમાં તે નીચે પ્રમાણે જણાવે છે:

Not a single 'girl' has answered to my name in 'Kumar'. Why do not girls write? And tell all my good friends to write *neatly* and address the letters correctly, or they may be lost.

ભાઈ રમણ શેઠને મળેલા એક પત્રનો સાર આમ છે:

તમારો ઑગસ્ટ ૩નો પત્ર મળ્યો અને હું ખૂબ ખુશ થયો. સ્ટૅમ્પ, ફોટો, પોસ્ટકાર્ડ વગેરે માટે આભાર. તમને મારું છાપું ગમ્યું તે જાણી આનંદ થયો. જો તમારી પાસે કંઈ આપવા જેવું લખાણ હોય તો તે જરૂર અહીંના વાચકોને રસદાયક થઈ પડશે. મારી કેમિસ્ટ્રીની ચોપડીની બીજી આવૃત્તિ ખલાસ થઈ ગઈ છે. હિંદના નવા સ્ટૅમ્પ ખૂબ જ રસદાયક છે. હું તમને થોડા યુનાઈટેડ સ્ટેટ્સના સ્ટૅમ્પ મોકલું છું. આ વર્ષમાં યુનાઈટેડ સ્ટેટ્સે ફક્ત ચાર જ Commemorative (સ્મરણાત્મક) સ્ટૅમ્પ કાઢ્યા છે. પ્રમુખોની હારમાળાવાળી નવી ટિકિટો બહુ જ સુંદર છે. (કુમારના ૧૮૮મા અંકમાં તે આવી ગઈ). મારું કેમિસ્ટ્રી (રસાયણશાસ્ત્ર)નું જ્ઞાન મેં અભ્યાસ અને જાતે પ્રયોગો કરીને મેળવ્યું છે. મારી નાદુરસ્ત તબિયતને લઈને હું હાઈસ્કૂલ પૂરી કરી શક્યો નહિ. સાતમા ગ્રેડમાંથી હું આટલાંટા ઑપરચ્યુનિટી સ્કૂલમાં ગયો, જ્યાં અભ્યાસ હાઈસ્કૂલ કરતાં ધીમો ચાલે છે. મેં લાયબ્રેરીમાંથી કેમિસ્ટ્રી અને બીજાં વિજ્ઞાનને લગતાં પુસ્તકો મેળવ્યાં અને પછી મારી જાતે જ એક નાની પ્રયોગશાળા બનાવી અને બધા પ્રયોગો ઘેર કર્યા. તે પછી એક સંશોધન હરીફાઈમાં મેં ભાગ લીધો અને ૧૦ ડૉલરનું ઇનામ મેળવ્યું. આ ઇનામ વડે મેં મારું છાપું કાઢવું શરૂ કર્યું. કેમિસ્ટ્રી પર થોડાં પુસ્તકો પણ લખ્યાં. મને હાઈસ્કૂલમાં વધારે અભ્યાસ કરી કેમિસ્ટ્રીનો ઊંચો અભ્યાસ કરવાની ઘણી ઉત્કંઠા હતી, પણ પૈસાની તંગી અને નાદુરસ્ત તબિયતને લઈને મારી એ ઈચ્છા પૂરી ન થઈ.

હું હમણાં શાળાએ પણ નથી જતો, તેમજ કાંઈ ખાસ કામ પણ નથી કરતો. કોઈકોઈવાર થોડા પૈસા કમાઉં છું. મારા કેટલાક મિત્રો કહે છે કે હું એકાદ કરોડપતિ જેવું નીરાંતનું જીવન જીવું છું. આ કદાચ ખરું છે, પણ કરોડ ડૉલર બાદ કરતાં!

ન્યૂયૉર્ક શહેર આટલાન્ટાથી ૮૦૦ માઈલ દૂર છે. હું પોતે ત્યાં કદી ગયો નથી, પણ મારા પત્રમિત્રો ત્યાં વસે છે. મેં ત્યાંનાં ઊંચાં મકાનોના ફોટો જોયા છે. તેમાં ઊંચામાં ઊંચું એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગ છે, અને વૂલવર્થ બિલ્ડિંગ બીજે નંબરે આવે છે. આટલાન્ટામાં તો બહુ જ થોડાં ઊંચાં મકાનો છે. મોટામાં મોટું મકાન અહીં ૧૫–૨૦ માળનું હોય છે. તમારાં શહેરોમાં ઊંચામાં ઊંચાં મકાન કેટલા માળનાં હોય છે? હું હિંદના રીતરીવાજ, ઇતિહાસ વગેરેમાં રસ લઉં છું. મને કોઈ હિંદનું માસિક (અંગ્રેજી) મોકલશો? હું બીજી ભાષાઓ જાણતો નથી. મેં જર્મન શીખવા યત્ન કરેલો, પણ મને હિંદી આવડશે કે કેમ તેની શંકા છે. તમારી ભાષાનો શબ્દકોશ છે? મહેરબાની કરી મને હિંદનો એક સિક્કો મોકલશો.

તમારે ત્યાં રેડિયો સ્ટેશન છે? જો હોય તો મને તે સ્ટેશનોની વેવ-લેન્થ લખી જણાવશો.

—Elmer Braswell Jr.

આ યુવાને ખંત અને જાતમહેનતથી મેળવેલું કેમિસ્ટ્રીનું જ્ઞાન સુંદર ઉદાહરણ પૂરું પાડે છે.

વિનોદ પાઠક

નંદાદેવીનો શિરસ્પર્શ

વીરોએ વાયુ ખેડ્યા,
  અતલતલ હવા સિંધુના તાગ લીધા;
અદ્રિના શૃંગ ખૂંદ્યા,
  ગહન ગિરિવરો ગૌરવે જેર કીધા.



નંદાદેવીનું શિખર

મહેરામણને માઝા નથી તેમ માનવ-વિજિગીષાને યે માઝા નથી. જ્વાળામુખીના ધખધખતા પેટાળથી માંડી કલ્પનાને યે કરમાવી દે એવા વિશ્વના છેડા સુધી દોટ મૂકતાં પણ તે થાકતી નથી. દિશાના અન્વયે ક્ષણ છતાં કાળના અન્વયે ચિરંતન માનવ-પ્રાણ આજે પોતાથી કશું યે અજેય રહેવા દેવા નથી ઇચ્છતો. અને એ પ્રાણનું જ સામગાન ઉપરથી કંડિકામાં સમાયું છે,

એ વિજિગીષા તાજેતરમાં જ મળેલા એક નવા વિજયમાં આવિષ્કાર પામે છે. એ વિજય છે નગાધિરાજ હિમાલયના, હિંદમાં આવેલા સૌથી ઊંચા શિખર નંદાદેવી (૨૫,૬૬૧ ફૂટ)ના સફળ આરોહણનો. પોલિશ ટૅટ્રા સોસાયટીના ઉપક્રમે મિ. એ. ટી. કાર્પિન્સ્કીની સરદારી નીચે એ આરોહણ યોજાએલું. વિજયના મદમાત્રથી જ એ નહોતું પ્રેરાએલું. નંદાદેવી ને પંચચુલ શિખરો વચ્ચેના પ્રદેશની મોજણી કરવાનો, સૂર્યની પ્રસરણશક્તિ માપવાનો વગેરે અનેક ભૌગોલિક-વૈજ્ઞાનિક હેતુઓ એ સાથે સંલગ્ન હતા.

ઠીંગણા છતાં ગઠેલા ને શ્રમસહ બાંધાનો કાર્પિન્સ્કી બે પુત્રો સાથેના મોટા પરિવારને પોલાંડમાં મૂકી, ૪૨ની પાકટ વયે આટલે લાંબે આવેલો. એટલી વયે પણ એના સાહસી સ્વભાવ પર સહેજ પણ રાખ નહોતી વળી. એ ચુનંદા પહાડખેડુની હિંમત મુગ્ધ બનાવી દે તેવી હતી. શિયાળો ને ઉનાળો બંને ઋતુઓમાં તે આલ્પ્સ ચડી વળેલો. ૨૨૦૦૦ ફૂટ ઊંચો આંડીઝ પણ પહેલવહેલો ચડનાર એ. જંપીને બેસવાનું તો જાણે શીખ્યો જ નહોતો. ૧૯૩૪માં તે સ્પિટ્સબર્ગેન પર આક્રમણ લઈ ગએલો, ૧૯૩૫માં કૉકેસસ પર ને ૧૯૩૭માં ગ્રીનલૅંડ પર. પણ એ અજંપો યે એની રસવૃત્તિ સૂકવવા તો નિષ્ફળ જ નીવડેલો. એનું વાચન અનેકક્ષેત્રીય હતું. અનેક ભાષાઓ તે બોલી શકતો ને ગીતા (એડવિન આર્નોલ્ડના અનુવાદ)નો તો અઠંગ આશક હતો.

ગયા મેની ત્રીજી તારીખે તે આલમોડા આવી પહોંચ્યો. એવરેસ્ટના પ્રખ્યાત આરોહક હ્યુ રટલેજની ભલામણથી ત્યાંના જ એક સ્થાનિક વેપારી ને કાર્યકર્તા મિ. આર. ડી. ભટ્ટે આક્રમણ માટેની સઘળી જોગવાઈ તૈયાર જ કરી રાખેલી, એટલે થોડા જ વખત બાદ એના ત્રણ જોડીદારો, શેફન બર્નાડ્ઝિકિયેવિટ્સ, ડૉ. યાકુબ બુયાક અને મિ. જાન્સુસ ખાર્નેર ઉપરાંત પહાડખેડાણના શૉખીન અને દહેરાદુનમાં રહેતા સરકારી પેન્શનર મિ. સ્ટેફન બ્લેક તથા હિંદી સરકાર તરફથી મેજર જે. આર. ફૅાય મળીને છ જણની ટોળી ત્યાંથી મજૂરો ને અસબાબ સાથે ઊપડી નીકળી.

જૂનના પહેલા અઠવાડિયામાં કાપકોટનો કપરો માર્ગ કાપી તેઓ નંદખાલ આવી પહોંચ્યા ને ત્યાં જ મુકામી છાવણી (Base Camp) ઊભી કરી. ત્યાંથી એક પછી એક છાવણી નાખતા, આગળ વધતા, નંદાદેવીના શિખર નીચેજ એક ખડક પર આઠમી છાવણી ઊભી કરી.

બીજી જુલાઈએ ડૉ. બુયાક ને ખાર્નેરે સવારના આઠ વાગ્યે ચડવાનું શરૂ કર્યું ને સાંજે સાડા પાંચ વાગ્યે તો પવનના સખત જોર છતાં ૧૦૦×૫૦ વાર જેટલા સપાટ વિસ્તારના એના શિખર પર પહોંચી ગયા. અત્યાર સુધી એમ મનાતું આવેલું કે શિખરને મથાળે નંદાદેવીનુ મંદિર છે, એટલે આલમોડામાં યે એનું મોટું મંદિર ઊભું કરવામાં આવ્યું છે ને જન્માષ્ટમીથી માંડી પંદર દિવસ સુધી ત્યાં મેળો ભરાય છે.

આમ, કમઠાચળ પછી હિમાલયનું બીજું શિખર સર કરી ટોળી ત્યાંથી બિલામ થઈને ત્રિશૂળ શિખરે

પહોંચી. એ છાવણીઓ નાખી ઍનીડ્કિયેવિટ્સ ને કાર્પિન્સ્કી આગળ વધ્યા ને ૨૦,૫૦૦ ફૂટની ઊંચાઇએ ત્રીજી છાવણી નાખી. પણ ત્યાં બરફનું જબરૂં તોફાન ઊઠ્યું ને આ ત્રીજી છાવણી તેમાં ઝડપાઇ. એ પસાર થઈ જતાં, તા.૨૦મી જુલાઇએ ૨જી છાવણીના જોડીદારો એ બે બહાદરોની તપાસે નીકળ્યા પણ પત્તો ન લાગ્યો.

આમ, આ સદીના બે ચુનંદા પહાડખેડુઓને ગુમાવી એ આરોહક ટોળી હિમાલયની ગોદેથી પાછી ફરે છે. એ રીતે હિમાલયની ગોદમાં ચિરશાંતિ મેળવનારાની સંખ્યા એકએ, કે પાંચસાત નહિ પણ સેંકડો પર થવા જાય છે. એ ન્યોચ્છાવરી પાછળ કઈ કીર્તિ, સિદ્ધિ કે ઉત્કર્ષની ઝંખના હશે?

ગરવા નગાધિરાજ! અમે તો તને દુરિતોનો ત્રાતા માન્યો છે, શિવનું મંગલાસ્પદ માન્યું છે, તારી દુહિતાઓને માતૃપદે સ્થાપી એનાં અમીથી અંગો પોષ્યાં છે, છતાં તારા શિરસ્પર્શ માટે દૂરદૂરનાં સાવકાં સંતાનો જેટલો યે સળવળાટ શા માટે અમારાં દિલોમાં નથી થતો!

'રેનિન'

સંસારનાં શહેરો

૪-વૉરસૉ

આજે બૉંબો ને બંદૂકોના હલ્લાથી તારાજ થએલું પોલાંડની રાજધાનીનું આ શહેર (પોલિશ નામ Warszawa) જર્મનીની રાજધાની બર્લિનથી ૪૦૪ માઇલ દૂર વિસ્લા (Vistula) નદીને ડાબે કાંઠે આવેલું છે. એને જમણે કાંઠે મુખ્યત્વે યહૂદીઓથી વસાએલું પ્રાહા (Praga) પરૂં આવેલું છે, જે વૉરસૉ સાથે પૂલથી જોડાએલું છે. આ વૉરસૉ જેટલી ખરાબી ભાગ્યે જ બીજા કોઈ આધુનિક શહેરની યુદ્ધે કરી હશે. સ્વીડન, રશિયા, ઑસ્ટ્રિયા, ફ્રાન્સ ને જર્મનોના હાથમાં એક કરતાં વધુ વખત તે ફરતું રહેલું.

પૂર્વ યુરોપનાં શહેરોમાં વૉરસૉ એવા તો મધ્યસ્થ સ્થાને આવેલું છે કે પૂર્વ યુરોપની પેલી બાજુ ગમે ત્યાં જાઓ તો તમારા માર્ગમાં વૉરસૉ આવવાનું જ. વિએનાથી માંડી લેનિનગ્રાડ સુધીની સઘળી રેલવેઓનું તે જબરૂં જંકશન છે. વળી વિસ્લા નદીને કાંઠે આવેલું હોઇ જે જે દેશોની નદીઓ વિસ્લાને મળે છે તે તે દેશો સાથે તેનો જળવ્યવહાર પણ સધાય છે.

શહેર ઘણું પુરાણું છે. તેનો કિલ્લો લગભગ હજાર વર્ષ પર બંધાએલો હોવાનું અનુમાન થાય છે. કિલ્લાને અગિયાર દરવાજા તથા અનેક બુરજો છે. એ પહેલેથી જ રાજધાનીનું શહેર ન હતું. આજથી ચારસોએક વર્ષો પર લિથુઆનિયા પોલાંડ સાથે જોડાયું ત્યારે તેની રાજધાનીનું શહેર ક્રેકાવ હતું, પણ પછી આ સંયુક્ત રાજ્યની રાજધાનીનું માન ઈ. ૧૬૦૯માં વૉરસૉને મળ્યું.

પોલાંડની ત્રીજી વહેંચણી વખતે વૉરસૉ પ્રુશિયાના ફાળામાં ગયું ને ૧૮૦૬ સુધી તેના કબજામાં રહ્યું. ત્યાર પછી ફ્રેન્ચો પ્રવેશ્યા ને તિલસિતની સંધિ (ઈ. ૧૮૦૭ના જુલાઈની ૭મી)થી તે ગ્રાન્ડ ડચી ઑવ વૉરસૉની રાજધાની રહ્યું. છ વરસ પછી ૧૮૧૩માં રશિયાએ તે લઈ લીધું. ત્યાર બાદ અનેક ચડતી પડતી અનુભવતું ઇ. ૧૯૧૫ના ઑગસ્ટમાં તે જર્મનોના હાથે પડ્યું. મહાયુદ્ધ પછી પોલાંડના પુનર્નિર્માણ સાથે તે મુક્ત બન્યું હતું, પણ ફરી આ યુદ્ધમાં જર્મનોને હાથે તે પડ્યું.

લોખંડ અને પોલાદ, ગરમ વણાટકામ, હોઝીઅરી તથા જોડાની બનાવટ એ તેના મુખ્ય ઉદ્યોગો છે. મોટા ઉદ્યોગપતિઓ યહૂદીઓ છે ને તેની દસ લાખ જેટલી વસતિનો ત્રીજો ભાગ એ લોકો જ રોકે છે.

(નીચે : વૉરસૉનો રાજમાર્ગ)



અવતરણ લેખક આપી રહ્યો હોય છે તે અવતરણને તે પોતે જ સમજી શક્યો નથી હોતો, નહિતર તેને તેની એટલી બધી કિંમત ન હોય; અને એ દૃષ્ટિએ પણ એવાં અવતરણો ક્ષંતવ્ય બની જાય છે!

અત્યારે યુરોપમાં ચાલી રહેલી લડાઈની ભયંકરતા વચ્ચે વચ્ચે પણ આપણી આંખને ઠારી જાય એવાં કોઈ કોઈ દશ્યો નજરે પડે છે. જેમકે પોલૅંડને મુક્તિ અપાવનાર માર્શલ પિલસુદ્સ્કીની કબર આગળ પહોંચતાં નાઝી લશ્કર એ પ્રજાના તારણહારના અવશેષોને ભવ્ય અદાથી સલામી આપે છે, અને એમ આડકતરૂં સૂચવે છે કે લોકોત્તર પુરુષોની મહત્તા એ પ્રજાઓ વચ્ચેના વેરથી પરની વસ્તુ છે; ત્યારે બીજી બાજુ પોલૅંડના સત્તાધીશો પણ એવી જ અજબ ખેલદિલી વાપરી જર્મન પ્રજાની સહાનુભૂતિ મેળવી લે છે. તેઓ જર્મન પ્રજા અને નાઝીવાદ એ બે વસ્તુ વચ્ચેનો ભેદ બરાબર સમજી લઈ યુદ્ધમાં પકડાએલા નાઝી કેદીઓના કુશળ સમાચાર જર્મન પ્રજાને રેડીઓ મારફત પહોંચાડે છે. દુનિયાની લડાઈઓના ઇતિહાસમાં આ એક અતિ વિરલ ઘટના છે. યુદ્ધના કેદીઓને સન્માનપૂર્વક રાખવામાં આવ્યા હોય એવા પ્રસંગ ઇતિહાસને ચોપડે ચડી ચૂક્યા છે. પણ આજે રેડીઓ એક એવી વસ્તુ શક્ય બનાવે છે જે લડવા તૈયાર થએલી પ્રજાના જિગરને નરમ બનાવી નાખે છે. નાઝી સરકારે પોલૅંડથી આવતા આ સંદેશા સાંભળવા ઉપર પ્રતિબંધ મૂક્યો છે. પણ હિટલરની એ સરકારે જ રેડીઓની ચાંચીઆગીરી શરૂ કરેલી, એટલે એની સામે અત્યારે એ લાઇલાજ છે. કેમકે યુદ્ધ શરૂ થયું ત્યારે અને અત્યારે પણ પોલૅંડના વૉરસૉના રેડીઓ સ્ટેશન માટે જે વેવ લેન્ગ્થ નક્કી થએલું એ જ વેવ લેન્ગ્થ ઉપર પોલીશ ભાષામાં પોલૅંડના વતી ખોટા સંદેશાઓ બર્લિનથી મોકલી દુનિયાને છેતરવાનો પ્રયાસ હિટલરે કરી જોયો છે, એટલે એના પ્રતિબંધ છતાં લડાઇમાં પકડાએલા પોતાના મિત્રો કે સંબંધીઓના સમાચાર મેળવવા જેટલો પોતાનો નૈતિક હક્ક નાઝીવાદ નીચે પીસાએલી પ્રજા પણ હજુ સમજી શકે છે.

ટેલીપથી અને ક્લેઅરવૉયન્સ સંબંધે વૈજ્ઞાનિક ચોક્કસાઇથી અભ્યાસ કરતા એક અમેરિકન પ્રોફેસર રૂહાઇને લગભગ એક લાખ અખતરાઓ પછી એ સંબંધી ચોક્કસ નિર્ણયો બહાર પાડ્યા છે. તે કહે છે કે ટેલીપથી એટલે કે એક માણસના મનમાં જે વિચાર હોય તેનું બીજાના મનમાં થતું પ્રતિબિંબ; અને ક્લેઅરવૉયન્સ એટલે સંજયદૃષ્ટિ અથવા દૂર બનતા બનાવો જોવાની શક્તિ. આ બન્ને એક જ શક્તિનાં જુદાંજુદાં રૂપાંતરો છે. વળી જે માણસમાં એક શક્તિ હોય તેમાં બીજી પણ હોય છે, અને આ શક્તિ વારસામાં પણ ઊતરે છે.

જેઓમાં આ શક્તિ હોય છે તેઓ જેમ જોવાની ઇન્દ્રિય–આંખ–નું સ્થાન બતાવી શકે તેમ એ શક્તિનું ચોક્કસ સ્થાન બતાવી શકતા નથી. એટલે માનવાને કારણ મળે છે કે મગજના કોઈ કેન્દ્ર પર નહિ, પણ માનસની ભૂમિકામાં જ તેનું સ્થાન છે.

આ શક્તિ ધરાવનાર વ્યક્તિની તંદુરસ્તી સાથે એ શક્તિને ઘણો સંબંધ છે. માંદગીમાં કે ચિંતામાં અથવા તો થાકથી એ ઘટી જાય છે. વળી બીજા કોઈ વિષયમાં ચિત્ત રોકાયું હોય ત્યારે પણ આ ક્રિયા અટકી પડે છે.

ટેલીપથીની પરીક્ષા કરવા માટે પ્રયોગ કરનાર તથા તેનો વિધેય સામસામે બેસે છે અને જુદાજુદા આકારની નિશાનીઓવાળાં પતાકડાંમાંથી પ્રયોગ કરનાર એક પસંદ કરી તે કયું છે તે જણાવવા વિધેયને કહે છે.

ક્લેઅરવૉયન્સની પરીક્ષા કરવા પ્રયોગ કરનાર પોતે જોયા વિના જ એક કાર્ડ જુદું મૂકી દે છે અને તેનું નામ જણાવવા વિધેયને કહે છે.

આ બન્ને વચ્ચે સ્થળનું અંતર અંતરાયરૂપ થતું નથી.

પ્રો. રૂહાઇને આ ઉપરાંત દસેક હજાર શિક્ષિતોને અંગત બાબતોની ઊંડી પૂછપરછ કરી અને તેમાંથી ૨૫ ટકા જેટલાએ જીવનમાં કોઇ ને કોઇ વખતે કોઈ અનિર્વચનીય ભાવીની આગાહી પોતાને મળ્યાનું કબૂલ્યું છે.

અંધોમાં કોઇ વિશિષ્ટ શક્તિ છે એમ સામાન્ય-રીતે મનાય છે, અને ડયૂક યુનિવર્સિટી, જ્યાં આ પ્રોફેસરના પ્રયોગો ચાલે છે ત્યાં, માલૂમ પડયું છે કે અંધોમાં આ શક્તિઓ વાસ્તવિક રીતે વધુ પ્રમાણમાં હોય જ છે. અને તેમાં પણ ટેલીપથી ૫.૬૯ના પ્રમાણમાં ગણીએ તો ક્લેઅરવૉયન્સ ૫.૯૬ના પ્રમાણમાં હોય છે.

વળી એ પણ જણાયું છે કે મોટી ઉમરનાં માણસો કરતાં બાળકોમાં આ શક્તિ ૨૦ ટકા જેટલી વધુ હોય છે. આથી બાળકો 'મન વરતે છે' એમ આપણી સ્ત્રીઓ કહે છે એ એક વૈજ્ઞાનિક સત્ય બની જાય

નવી નજરે

સમાજહિતની કોઇ અદૃષ્ટ ભાવનાથી, જનસ્વભાવની અજબ સમજથી કે મજાક-મશ્કરીની વિચક્ષણ રીતથી જગતના જીવનમાં અજમાવાતા અવનવા અખતરાના કિસ્સાઓ;—જેની પાછળનું માનવ તત્ત્વ આપણને આકર્ષી વિચારબળને તાઝગી આપશે એવી યોજનાથી અપાતી તેની લેખમાળા

એક મિત્રનો કાગળ મને મળ્યો છે. પોતે ગુજરાતી ભાષાના આગળપડતા સાક્ષર છે. તેઓ અત્યારે મારી પાસે ગેઝિક શીખી રહ્યા હોવાથી એમની એ શરમ ખુલ્લી ન કરવા ખાતર નામ લખતો નથી. પરંતુ એમની જે ફરિયાદ છે તે એમના જ શબ્દોમાં આપું છું.

'ઘણાં પુસ્તકોમાં અંગ્રેજી ફકરા મૂકવામાં આવે છે, પણ તેનું ગુજરાતી આપતા નથી. ભાષાંતર જે આપે છે તે ફુટનોટમાં મૂકે છે. મને લાગે છે કે ગુજરાતી ગ્રંથોમાં અંગ્રેજી મૂળ આપી એટલી જગ્યા નકામી ન રોકવી જોઇએ. છતાં આપવામાં જ આવે તો પાદ-ટિપ્પણીમાં તે અપાવું જોઇએ. કેવળ અંગ્રેજી આપવું અને ભાષાંતર આપવું નહિ તે તો ગુજરાતી ન જાણનાર વાચકોને માટે એટલા પૂરતું પુસ્તક નકામું બનાવવા જેવું છે. તમે આ બાબતમાં 'કુમાર'માં કોઈ ઠેકાણે લખશો તો ઉપકાર થશે. 'કુમાર'માં પણ ઘણી વાર ચાલુ લેખમાં આમ થાય છે.'

મારા આ મિત્ર સંસ્કૃતના અભ્યાસી હોવાથી પોતાનાં પુસ્તકોમાં સંસ્કૃતનો એવી છૂટથી ઉપયોગ કરે છે કે અંગ્રેજી આગળ જેવી પરાધીન સ્થિતિ એમની પોતાની થાય છે એવી જ સ્થિતિ સંસ્કૃત ન જાણનાર વાચકોની તેમનાં પુસ્તકો વાંચતી વખતે થાય છે. આમ, એક રીતે તેઓ સહધર્મી હોવાથી અંગ્રેજીનો છૂટથી ઉપયોગ કરતા લેખકોની એ ભૂલની પાછળનાં નિર્દોષ તત્ત્વોને તેઓ સહેજે સમજી શકશે. લેખક જ્યારેજ્યારે પણ મૂળ અંગ્રેજી આપવા પ્રેરાય અને તેનો ગુજરાતી અનુવાદ આપે કે ન આપે ત્યારે ત્યારે નીચેમાંનાં કોઈ કારણે હોય છે:

(૧) તેને મૂળ અંગ્રેજી લખાણ એવું તાઝગીભર્યું લાગતું હોય છે કે ભાષાંતર કરવા જતાં તેને હવા લાગી જશે એવી દહેશતે તે મૂળ લખાણ જ મૂકે છે.

(૨) મૂળ લખાણનો ભાવ પોતે માતૃભાષામાં ઊતારવા સમર્થ હોવા છતાં પોતે તે પહેલવહેલું વાંચેલું ત્યારે પોતાને જે અપ્રતિમ આનંદ થએલો એ આનંદ એવો ને એવો જ પોતે વાચકોને પણ આપવા માગતા હોય છે. આમ કરવા જતાં આંધળા આગળ આરસી જેવું કદાચ બની જાય તો બિચારાનાં કમભાગ્ય!

(૩) લેખકમાં માતૃભાષા તરફ ખાસ પક્ષપાત કાંઈ ન હોવાથી જે વિચાર જે ભાષામાં વધુ ચમકથી દર્શાવી શકાય તે વિચાર માટે તે ભાષા તે બેફિકરાઈથી વાપરે છે. એવે પ્રસંગે ગુજરાતી અનુવાદ મૂકવા જાય તો એનો મૂળ હેતુ જ માર્યો જાય.

(૪) મૂળ લખાણનો અનુવાદ આપ્યા પછી પણ એની ખરી ખૂબી પોતે સમજાવી શકેલ નથી એવો તેને અસંતોષ રહી જતો હોય છે, અને તેથી પોતાના અનુવાદની પૂર્તિ રૂપે મૂળ લખાણ આપવાની લાલચ તે રોકી શકતો નથી હોતો.

આમ, આ બધા પ્રસંગોએ અંગ્રેજી અવતરણો અપાય છે તે અનિવાર્ય બની જતાં હોવાથી એ આપનાર લેખક સાથે વાચકે સહાનુભૂતિ દાખવવી ઘટે. માત્ર કોઈક જ વખતે એવું બને છે કે અંગ્રેજી અવતરણો મૂકવામાં લેખકનો દુષિત આશય હોય, અને આ પ્રકારની ભૂલ ખાસ કરીને શરૂઆતમાં જ બને છે. જીવનની પહેલી પચ્ચીશીમાં યુનિવર્સિટિના કાળા જામા સહિત લેખક હાથમાં કલમ પકડી લખવા બેસે છે ત્યારે 'ધન્ય છે મને કે હું આવું અઘરૂં લખાણ પણ સમજી શકું છું.' એવા કોઈ આત્મગૌરવના ભાવથી તે ક્લિષ્ટ રચના વાળાં અવતરણો આપી વાચકને પોતાના ભાષાજ્ઞાનથી આંજવાનો બાલિશ પ્રયાસ કરતો હોય છે. પણ અનુભવી વાચકોની નજર આવા પ્રયાસોને તુરત પકડી શકતી હોય છે. ઘણુંખરૂં કાવ્યનાં કે તત્ત્વજ્ઞાનનાં વિવેચનોમાં આવું બહુ બને છે. એવે વખતે ભાષાની બિડાશ કે વિચારના પ્રવાહની પ્રબળતાને ખાતર નહિ પણ માત્ર અટપટી ભાષાને ખાતર જ જ્યારે અંગ્રેજી અવતરણો ગુજરાતી લેખોમાં જોવામાં આવે ત્યારે એની પાછળ તાજા નિશાળીઆનું આ માનસ છે એમ અનુભવીઓ સમજી લઇને એના પર આછું સ્મિત કરી શકે છે. પણ એ પ્રસંગે આટલું ખાત્રીપૂર્વક કહી શકાય કે જે

છે, કેમકે તમારા ચહેરાના સ્નાયુઓના આકાર ઉપરથી નહિ પણ તમારા મગજમાંના વિચારો ટેલીપથીથી જાણીને જ બાળક તમારા ભાવ પકડે છે એમ આ પ્રયોગો પરથી ફલિત થયું છે. એ પણ એક જોવા જેવી બાબત છે કે સામાન્યથી હલકી કક્ષાની બુદ્ધિવાળાં ૨૨ બાળકો તપાસવામાં આવતાં તેમનામાં આ શક્તિ જરા પણ જોવામાં આવી ન હતી.

ઘણીવાર કોઈ મહાન શોધ આશ્ચર્યકારક સરળતાથી થઇ જાય છે, અને એથી ઉલટું કેટલીક નાની શોધો પાછળ વધુપડતું ભેજું ખર્ચાઇ જાય છે. થોડી મહેનતે થએલી મહાન શોધોનાં ઉદાહરણ તો વાચકે ઘણાં વાંચ્યાં હશે. જેમકે ન્યૂટને ગુરુત્વાકર્ષણનો નિયમ શોધ્યો એ આખી શોધનો જન્મદાતા એક નજીવો અકસ્માત. એ અકસ્માત થયો અને સુભાગ્યે ન્યૂટનનો જીવ એવી કોઇ નાડે ચડી ગયો કે એને સહેજે એ સિદ્ધાંત સ્ફૂરી આવ્યો. અને પછી એણે એ સિદ્ધાંત વિકસાવ્યો એ એની શાબાશી. બ્લૉટિંગ પેપરની અથવા તો ન ભાંગે એવા કાચની વગેરે સેંકડો શોધો માણસ જાતના હાથમાં અનાયાસે આવી પડી છે. પણ જેના પર વિચારપૂર્વક ચિંતન કરવું પડયું હોય અને છતાં એ ચિંતનને અંતે હાથમાં બહુ નાની શોધ આવે ત્યારે જરા નાસીપાસ થવાય.

આવી એક નાની શોધની વાત મહુવાથી આવતી ગાડીમાં રસ્તામાં ભેટેલા એક મિત્ર પાસેથી થોડા વખત પહેલાં જાણવા મળી. એમના પરિચયના એક ભાઇની આ શોધ છે. તેમનું એમ કહેવું છે કે અઠવાડીએ એક વખત દાઢી બોડવી એ વિલાયતમાં ભલે અવિવેક લેખાય, પણ આપણે ત્યાં તો બસ થઈ પડે એમ છે; એટલું જ નહિ, પણ આપણે કુદરતને આ બાબતમાં જરા છેતરી પણ શકીએ તેમ છીએ. અને તે એવી રીતે કે પહેલે અઠવાડીએ તમે સોમવારે સવારે હજામત કરો, બીજે અઠવાડીએ સોમવારે બપોરે, ત્રીજે અઠવાડીએ સોમવારે સાંજે અને ચોથે અઠવાડીએ મંગળવારે સવારે. આમ એક મહિને તમે કુદરતને છેતરી એક દિવસનો ફાયદો કરી શકો! વિચાર ખરેખર મૌલિક છે, ને અઠવાડીએ એક વખત દાઢી લેવાની નિયમિતતા પણ જેને કષ્ટરૂપ બની જતી હોય એવા મારા જેવાને એ વિચારની પાછળ એક ભેજાનું દર્શન થાય છે. કેમકે એ ભાઇની ગણતરી મુજબ આ યોજનાથી હિંદમાં દર વર્ષે અર્ધો અબજ હજામતો બચી જાય!

વાંચનારને પહેલી તકે લાગ્યું હશે કે હું અત્યારે જે ચર્ચા કરી રહ્યો છું એ વસ્તુની કિંમત એની પાછળ ખર્ચાવાના કાગળ અને શાહી જેટલી પણ નથી. પરંતુ આ વાત એમ કેવળ હસી કાઢવા જેવી નથી. એની પાછળ પણ એક દૃષ્ટિ છે, તે હવે જોઇએ. આપણા જીવનક્રમમાં આપણે કેટલી બધી આવી નાની શોધો કરવા પાછળ મગજશક્તિ હમેશાં ખર્ચતા હોઇએ છીએ? બેચાર મિત્રો સાથે ફરવા ગયા હોય ત્યારે હમેશ એકાદ આવી શોધને જન્મ આપે છે. આ વસ્તુને 'શોધ' કહેવામાં હું 'શોધ' શબ્દને અપમાન પહોંચાડું છું એમ માનવાનું નથી. આ વસ્તુ 'શોધ' અલબત્ત છે અને એ શોધ કરવામાં માણસની વિચારશક્તિ પણ એટલી જ ખર્ચાય છે, જેટલી બીજી વધુ ઉપકારક શોધોમાં ખરચવી પડતી હોય. જો મગજશક્તિ કસવાનું માટર આવતું હોય તો કૃષિશાસ્ત્રમાં rotation of cropsની શોધ જે સ્થાન ભોગવે છે એ જ સ્થાન હજામતના ક્ષેત્રમાં આ શોધનું આવે. બન્નેનું નિરપેક્ષ મૂલ્યાંકન સરખું છે. ફેર માત્ર એટલો કે એક શોધ પ્રજાને તારી શકે છે, બીજી તેના શોધકને ઉપહાસનું પાત્ર બનાવે છે.

આ વસ્તુના મૂળમાં ઊતરતાં આપણને એનું કારણ સમજાય છે. આપણી પ્રજામાં પ્રજાકીય પ્રશ્નો તરફ સહૃદયતા ઓછી હોવાને કારણે બેચાર મિત્રો નવરા પડે ત્યારે આવી હલકા પ્રકારની વાતોમાં સમય વીતાવી અથવા તો તેના પર ચર્ચા કરી પોતે એટલો સમય આનંદમાં ગાળ્યો છે એમ માને છે. અને તેથી પ્રજાના નીચેના થરોમાં નજર કરીએ તો મહાન પ્રશ્નોની સફળતાપૂર્વક છણાવટ કરવાની સંભાવના ધરાવતાં પણ તે કરવાની આવડત વિનાનાં, સેંકડો ભેજાં આ હજામતની નવી થીઅરી જેવી શોધો પાછળ સેંકડોની સંખ્યામાં ખરચાયે જાય છે. એ બધા એવા થર છે, જ્યાં સંસ્કાર પહોંચાડવાના ઉપરના થરોમાં થઈ રહેલા આપણા પ્રયાસ પહોંચતા જ નથી. હિંદનું નવસર્જન કરવાની ધગશ રાખનારા બધાએ આ બધી સુષુપ્ત શક્તિઓને રોચક કામ આપવા માટેની યોજનાઓ વિચારવાની હજુ બાકી છે; કેમકે આવાં ભેજાં એ હિંદના બુદ્ધિબળની રીઝર્વ બૅંક છે એ ભૂલવું જોઇતું નથી.

એક સિંહ હતો. જે જંગલમાં તે રહેતો હતો ત્યાં દુકાળ પડવાથી પાણી ખૂટયું. છેવટે તે એક જૂના કૂવાને કાંઠે આવ્યો. તેમાં પાણી તો હતું, પણ તેના પર લાખો મચ્છર બણબણતા હતા. તેઓએ સિંહને પાણી પીવા મનાઇ કરી, પણ સિંહને ગર્વ હતો કે પોતે જંગલ-નો રાજા છે. તેથી થોડી જીભાજોડી પછી મચ્છરો સાથે તેણે લડાઇ આદરી. પરિણામે મચ્છરો તેને ખાઇ ગયા.

આ એક આફ્રિકન લોકકથા છે. આની સાથે નાનપણમાં શીખેલી કીડી અને નાગની વાત સરખાવો એટલે બંનેમાં સિદ્ધાંતનું સામ્ય જણાશે. વાર્તાનાં પાત્રો દેશકાળને અનુસાર છે, પણ એ પાત્રોની મદદ વડે જનકલ્પના એક ને એક જ સત્ય લગભગ એક સરખી બાનીમાં રજૂ કરે છે.

હવે પ્રશ્ન એ થાય છે કે આ શું સાહિત્યચોરીનો કિસ્સો છે, કે એની પાછળ કોઇ વધુ ઊંડું માનવ તત્ત્વ છે? આ પ્રશ્નમાં માનસશાસ્ત્રીઓ, માનવવંશશાસ્ત્રીઓ, પુરાકલ્પશાસ્ત્રીઓ અને ભાષાશાસ્ત્રીઓ, પોતપોતાની રીતે રસ લે છે; કેમકે એ દરેકને જુદાજુદા દેશોમાં વસતી પ્રજાઓ વચ્ચેના આચારસામ્યમાં પોતાની વિદ્યાના કોઇ ને કોઇ ભેદ ઉકલતા લાગે છે.

અને હિંદ તથા આફ્રિકાની જ વાત શા માટે? કોઇ પણ બે દેશને નકશા પરથી આડા અવળા પસંદ કરો અને ત્યાંની દંતકથાઓ જુઓ એટલે સામ્યનું આ જ તત્ત્વ કયાંક ને કયાંક જણાશે.

આ પ્રશ્ન શિકાગોના પ્રદર્શનના પાયામાં પાંચ હજાર વર્ષ પછીની માનવતા પરનો સંદેશો સાચવતી Time capsule નાખતી વખતે બહુ મહત્ત્વનો બની ગએલો. એવી કઇ દંતકથા છે કે જે સંસ્કૃતિઓના ચડતીપડતીના સેંકડો પલટા છતાં પણ માનવજાતના રુધિરમાં ઊતર્યે જાય? એવી દંતકથાની શોધ એટલા માટે અનિવાર્ય બની હતી કે જો એ દંતકથા અત્યારે પૃથ્વી પર હસ્તી ધરાવતી બધી મુખ્ય ભાષાઓમાં લખીને સંગ્રહવામાં આવી હોય તો એ દંતકથાને જોરે એ યુગની પ્રજા પોતાની એ વખતની ભાષા સાથે વધુ નજીકનો સંબંધ ધરાવતી આ યુગની ગમે તે એક ભાષા (કોને ખબર છે કે એ કઇ ભાષા હશે!) શીખી લે, પછી એ ભાષાને આધારે અંગ્રેજી શીખી લે, અને પછી અંદર મૂકેલાં બધાં અંગ્રેજી પુસ્તકો વાંચી શકે અને એ રીતે આપણો સંદેશો તેને પહોંચી શકે. અંતે 'સૂરજ અને પવન'ની વાર્તામાં આ ચિરંજીવ તત્ત્વ લાગવાથી તેજ વાર્તા એ નળીમાં ઉતારવામાં આવી છે.

દંતકથા એ કેટલી મહત્ત્વની વસ્તુ છે એનો ઝાંખો ખ્યાલ આપવા માટે આ બધી ચર્ચા છે. કહેવત પણ એવી જ ચીજ છે. 'કમળો હોય તે પીળું દેખે' એ કહે-વત આપણી સાત પેઢીના વડવા વાપરતા આવ્યા છે, અને અંગ્રેજી ભાષામાં પણ તદ્દન સ્વતંત્ર રીતે એ કહેવત એ જ રૂપમાં કહેવાય છે. આનું કારણ બે પ્રજાઓનું બહુ દૂરના ભૂતકાળનું એક મૂળ હોય અથવા તો દશ્ય જગતે બધી પ્રજાઓના માનસ પર પાડેલી એક જ સરખી છાપનું એ પ્રતિબિંબ હોય.

આ બધાં કારણોથી મ્હૈસુર (?) સ્ટેટે તાજેતરમાં દંતકથાઓ અને લોકકથાઓના સંગ્રહ માટે એક ખાતું ખોલ્યું છે. એનો એક જ હેતુ છે કે દંતકથાઓને બની શકે એટલા શુદ્ધ સ્વરૂપમાં એકઠી કરવી. આમ તદ્દન શુદ્ધ સ્વરૂપમાં દંતકથાઓનો જો સંગ્રહ થાય તો બીજી પ્રજાઓની એવી જ દંતકથાઓ જોડે સરખાવતાં તેમાંથી માનવ ઇતિહાસનાં અનેક પ્રકરણો ઉકેલી શકાય.

[આ નીચે શીઘ્રલિપિમાં છાપેલા ફકરામાં ચાલુ જરૂરિયાત માટેના શબ્દો તેમ જ પ્રત્યયો આખા લખવાને બદલે એને માટે ખાસ નક્કી થએલી સંજ્ઞાઓનો પ્રયોગ કર્યો છે. આવા લગભગ દોઢસોએક સાદા સંકેતો શીઘ્રલિપિમાં છે જેનાથી લખાણ અર્ધાં જેટલું ટુંકાવાઈ જાય છે. એ સંકેતોના વ્યવસ્થિત અભ્યાસ વિના વાંચવામાં જરા મુશ્કેલી પડશે; છતાં અર્થ બંધ બેસાડી તો શકાશે જ.]

ન્યૂઝીલાંડ પાર્લામેન્ટ ૦ પ્રથા પડી ગ
છ ક પાર્લામેન્ટ વાદવિ૦ બારો૦
જ બ્રૉડકાસ્ટ થા છ. ।થી રાજ્યતં- શ
થ રહ્યુ છ ત આપ પ્રજા જાણી શક છ.
। પ્રથા લોક- જીવન ટ ઊંડ
ઊતર ગ છ ક જ લોક । સ્થાપિ- હક
સા પાર્લા૦ ક સભ્ય આંગળ ચીંધ ત
બળવો, ફાટ પડ. ।થી સલા૦ભ૦
માર્ગ લોક જ લેવ પડ છ ક
।ખી પ્રજા- કાન શબ્દ સાંભળી રહ્યુ છ
વા સતત નજર સા રાખી જવાબ
-દ સમજી બોલ.

(ચાલુ)

હરિકૃષ્ણ વ્યાસ

જળજંગલની જીવસૃષ્ટિનો પરિચય આપતી લેખમાળા

વનવગડાનાં વાસી



પ્રકાશપુત્ર શક્કરખોરો

અમારા આંગણામાં પીળી કરેણનું એક વિશાળ ઝાડ છે. સવાર થાય અને રોજ એના ફૂલે ફૂલે ઉજ્જવલ નીલમણિ જેવું કોઈ અલ્પકાય પ્રાણી રમતું ફરતું નજરે પડે છે. એનો સમગ્ર વર્ણ ચમકતો ઘેરો આસમાની. એમાં ચળકતા જાંબુડા કે ઘેરા લીલા રંગની છાયા. દાઢી, ગળું, ગરદન અને છાતી પાણી પાએલ પોલાદની કરવતી જેવા ચળકતા જાંબુડા આસમાની રંગે. છાતી પર તાંબટ વર્ણની આભા. હેડળનો બાકીનો ભાગ ઘેરો કાળાશ પડતો આસમાની. . . .

પણ એનું વર્ણન કરવું નિરર્થક છે. એ સમગ્ર આસમાની દેહલતા જેમજેમ હવામાં ફરે છે, જેમજેમ આડાં અવળાં સીધાં તીરછાં સૂર્યકિરણો એના ઉપર પડે છે, તેમતેમ એના રંગની શોભા બદલાય છે. જ્યાં વાદળી જોયો હોય ત્યાં ઘડીમાં લીલા રંગની ધારાઓ ઉછળતી જોઇએ છીએ, તો બીજી જ ક્ષણે એમાં જાંબુડા કે આછા સુવર્ણ રંગની સાથીઆસામગ્રી ભરેલા દેખાય છે.

તેજ અને છાયાના પરિવર્તનજન્ય આવાં ભ્રમોત્પાદક કિરણમંડળ રચાતાં જોઇને, કોઇ એને પતંગિયું માની બેસે છે. પણ એ પતંગિયું નથી: એ તો છે પ્રકાશના પુત્ર સમો એક પ્રસન્નચેતા પક્ષિવિશેષ. એનું નામ શક્કરખોરો. પ્રકાશમાં રમનારો અને એના તેજ:પુંજ શરીરની શોભા સૂર્યકિરણોમાં જ અનુભવવામાં આવે એથી એનું નામ **Sun Bird.** ફૂલના મધથી જીવનારો એટલે એને શક્કરખોરો કહે છે. એથી જ એનું શાસ્ત્રીય અભિધાન **Nectariniidae.**

અશેષ પક્ષિસમાજમાં જેવી એની સુંદરતા અજોડ છે, એવી જ લોકોત્તર એની જીવનપ્રણાલિકા છે. એના અગાધ રૂપરાશિનો ભેદ પામતાં હજુ વર્ષોનાં વર્ષો જશે, પણ એની જીવનચર્યા—ફૂલના મધનો ઉપભોગ અને એ ઉપભોગને અનુકૂળ અદ્‌ભુત એની ચાંચ—નો થોડો પાર પામી શકાયો છે. એ 'ચાંચ'ના જન્માન્તરની કથા કહેતાં પક્ષિવંશવિદો કહે છે કે સમગ્ર પક્ષિવંશનો આદિ પુરુષ ઘટાનો જ રહેનારો હશે, કારણ પક્ષીની ઉત્પત્તિ ઘટાના વસનારા કોઇ વિશિષ્ટ સરિસૃપ (**Reptile**)થી થયાના પૂરાવા ભૂગર્ભમાંથી મળી આવે છે. જેમજેમ આદિ પંખીઓનો વંશવિસ્તાર થતો ગયો તેમતેમ ઘટાનાં વસનારાં પંખી સમગ્ર વનનાં વસનારાં થઇ ગયાં હશે. પછી ક્રમે ક્રમે એ વનમાંથી ખસીને નદી તળાવ જેવાં જળાશય, વિશાળ મેદાન, ગિરિતટ, સરાણ અને છેવટ સૂકાં રેતાળ રણ પર એમણે પ્રભુત્વ મેળવ્યું હશે. આ બધું બનતાં અનેક યુગ લાગ્યા હશે. વળી આવાં પરિવર્તન કેવળ સ્વેચ્છાથી જ થયાં હશે એમ માનવાનું નથી. એના મૂળમાં તો પ્રાકૃતિક તત્ત્વોની બદલાતી સ્થિતિ, ઋતુઓના અસહ્ય ઉત્પાતો, વનસ્પતિનો વિકાસ, આહારસામગ્રીની ઊણપ વગેરે અનેક કારણો હોવાં જોઈએ.

વસ્તુસ્થિતિ ગમે તે હોય, પણ આવા ઉત્પાતોની પરંપરા વચ્ચે રહીને પણ જીવનસંગ્રામ નભાવવાનું તથા પ્રજાતન્તુનો ઉચ્છેદ ન થાય તે માટે આ બધા ફેરફારને અનુકૂળ બની જવાનું એક પ્રબળ સાધન પંખીઓ પાસે હતું, અને તે એમની ઊડવાની કળા. આ ઊડવાની શક્તિને લીધે જ, જ્યાં ચોપગાં અને બેપગાં પશુઓની ગતિશક્તિ કુણ્ઠિત થઇ જતી એવી દુર્ગમ પર્વતમાળા કે વિશાળ જલવિસ્તારની પાર જઇને નવાં આશ્રયસ્થાન શોધી કાઢવામાં એ સફળ થયાં હતાં. આવી સફળતાને પરિણામે જ આજે પક્ષીઓની આટલી આટલી જાતો બચી જઇ, જીવનસંગ્રામ નભાવતી દેખાય છે. આવી અકુણ્ઠિત પ્રયાણશક્તિના અભાવે જ પશુઓની અનેક યોનિઓ આજ સુધીમાં જીવન સંગ્રામમાં ન નભી શકવાને લીધે ઉચ્છિન્ન થઇ, નામાવશેષ બની ગઈ છે અને બની રહી છે. આજે નહિ નહિ તો પણ પંખીઓની ૧૯,૦૦૦ જેટલી યોનિઓ વિદ્યમાન હશે! મેરુદંડવાળાં પ્રાણીઓમાં એમનો વર્ગ મોટામાં મોટો ગણાય. એમ



શક્કરખોરાનો માળો

નાથી ઊતરતે પાટલે આવે મત્સ્યવંશ. એમની સંખ્યા ૮૦૦૦થી ૯૦૦૦ જેટલી. એ પણ પાણી જેવાં સરળ પ્રવાસ સાધનોને લીધે જ બચી ગઇ છે. જ્યારે આવાં સરળ પ્રવાસસાધન—ઉડ્ડયન શક્તિ કે અપ્રતિબદ્ધ ગમનને અનુકૂળ અનાવૃત્ત આકાશપથ કે નદનદિસાગરનો અગાધ જળરાશિ—જે નથી પામ્યાં એવાં સરિસૃપ અને પશુઓ બીચારાં છે પણ કેટલાં ? સરિસૃપના માત્ર ૩૫૦૦ અને પશુઓના કેવળ ૨૦૦૦–૩૦૦૦ વંશ જ!

પ્રાકૃતિક ઉત્પાતોના દબાણથી પંખીઓને જેમ નવાંનવાં આશ્રયસ્થાનો શોધવાં પડ્યાં તેવી જ રીતે એ સંગ્રામમાં નભવાને માટે તેમને આહારવિહાર અને વર્તન પણ ફરજીઆત બદલવાં પડેલાં. આવા ફેરફારની અસર, અન્ય પ્રાણીઓ પેઠે, પંખીનાં શરીરમાં પણ સ્પષ્ટ દેખાય છે. નિરંતર ઘટાનાં વસનારાં અને જમીન પર જેને ચાલવા કૂદવાનું જ નથી એવાં પંખીના પગ જુઓ: ટૂંકા, નિર્બળ, અશક્ત. એથી ઊલટું, જમીન પર જ હરનારાં ફરનારાંના પગ કઠોર, દૃઢ, ભારે અને શક્તિવાળા હોય છે. વળી જેમને જમીન પરનાં ઘાસ કે પાણી ખૂંદવાનાં હોય છે એવાં (બગલાં, સારસ, સુરખાબ વગેરે અનેક જળચર) પંખીઓના પગ લાંબા, વાળ વિનાના સરળ જોવામાં આવે છે. જેમને તરતાં તરતાં કે ડૂબકી મારીને પાણીમાંથી આહાર મેળવવાનો છે એવાં બતક, હંસ, વગેરેના પગ વળી હલેસાં જેવા જાળપાદ બની ગયા છે. પાંખોમાં પણ આવા જ ફેરફાર થએલા જોઇએ છીએ. અત્યંત ઝડપથી ઊડનારાંની પાંખો લાંબી હોય છે, ત્યારે થોડું ઊડનારાંની નિર્બળ, ટૂંકી અને છેડેથી સામાન્ય રીતે ગોળ જોવામાં આવે છે. લાંબો વખત પાંખ પર જ રહેનારાંને વળી આ બંનેથી જુદી જ જાતની, પહોળી કઠોર અને મોટી પાંખો મળી છે. આ બધું એક દિવસે કે એક યુગમાં બન્યું નથી. છતાં ફેરફારનો ક્રમિક વિકાસ આવી સરખામણી દ્વારા સ્પષ્ટ જોઇ શકાય છે.

પણ સૌથી વધુ ફેરફાર તો પંખીઓની ચાંચમાં થએલો છે. સ્વભાવે જ પરસ્પરવિરોધી એવાં બાજ, સમળી, ગરુડ જેવાં હિંસ્ર અને પોપટ જેવાં ફળભક્ષ પંખીની ચાંચો સરખાવો. બંને વચ્ચે કેટલું અસાધારણ સામ્ય છે? બંને વર્ગની ચાંચ કઠોર, ટૂંકી, છેડેથી અણીદાર, વળેલી અને ભારે છે; માંસ કે કઠણ ફળ જેવા ભક્ષને તોડી ફોડી ખાવાને પૂરેપૂરી સમર્થ. એથ. ઊલટું, જીવાત જેવો નરમ આહાર ખાનારાં અને ચાવવાની ખટપટ વિનાનાં અબાબીલ, પતરીંગા, દશરથિયાં વગેરેની ચાંચ ઝીણી, પાતળી, લાંબી, સીધી, નિર્બળ. વળી ચકલી, સુગરી જેવાં કણાદ પંખીઓની ચાંચ ટૂંકી, કઠોર અને જાડી, ત્યારે કાદવ-કચરાનાં ફેંદનારાં સુરખાબ, ચમચા, ઢોંકડાં વગેરે અસંખ્યાત જળચરોની લાંબી, સીધી કે ચીપીઆ ચારણીની ગરજ સારે એવા વિશિષ્ટ ઘાટની. આવી તો કેટલી યે ગણાવી શકાય. એ બધીમાં કોઇ ચાંચો સામાન્ય પ્રતિની તો કોઇ લોકોત્તર રચનાવાળી, પણ બધીયનો ઉપયોગ જાડાપાતળા, કઠણ નરમ આહારને ચૂંથવા ચીરવા પકડવા ભાંગવા કે ગળવામાં કરવાનો હોય છે.

એ બધીયમાં કોઇ અનોખી ભાત પાડનારી, અજોડ, અનન્યસાધારણ ચાંચ હોય તો 'મધુભક્ષક' પંખીઓની જ. આ વિશિષ્ટ પંખીઓ તે અમેરિકાનાં 'હમિંગ બર્ડ' અને આપણા શક્કરખોરા.

આ બંને વર્ગનાં પંખીઓનો આહાર છે ફૂલના ગર્ભમાં રહેલું મધ અને એ મધમાં ડૂબેલી માખીઓ વગેરે અણુતમ જીવાત. એ મધ (અને એમાં ડૂબેલી જીવાત) લેવા માટે આ પંખીઓ ફૂલ ઉપર બેસતાં

નથી, પણ ઊડતાં ઊડતાં પાંખો પર અદ્ધર લટકી રહે છે અને ફૂલના કોશમાં ચાંચ પરોવી દઈ અંદરનું મધ ચૂસી લે છે. પછી તરત બીજા ફૂલ ઉપર ઊડી જાય છે. હમિંગ બર્ડની પાંખો આવે વખતે એટલા તો વેગથી હાલતી હોય છે કે એના હવા સાથેના સંઘર્ષણથી 'હુંઉઉ' કરતો (વીજળી ઉત્પન્ન કરનાર મોટા જનરેટરમાંથી નીકળે છે એવો) અવાજ નીકળે છે. આવા અવાજને લીધે જ એનું નામ 'હમિંગ' બર્ડ પડ્યું છે. પાંખોના એ વેગને લીધે, ભલભલા વિચક્ષણ છબી પાડનારા પણ એની છબી પાડી શકતા નથી. શક્કરખોરાની પાંખોનો વેગ આટલો અમાપ નથી હોતો.

આહારોપાદાનની આવી સમાન પદ્ધતિ ઉપરાંત હમિંગ બર્ડ અને શક્કરખોરા વચ્ચે અન્ય પણ સામ્ય છે. બંનેની ચાંચો એક જ પ્રકારની વિશિષ્ટ રચનાવાળી: બંનેનાં શરીર પણ સમાનવરણાં, અપ્રતિમ શોભાવાળાં; છતાં બંને વચ્ચે શાસ્ત્રીય દૃષ્ટિએ ગોત્રાપત્ય સંબંધ નથી. હમિંગ બર્ડ છે 'સ્વિફ્ટ' (અબાબીલ)નું કુટુમ્બી, 'નૉન-પેસર'; શક્કરખોરો છે ચકલીના વર્ગનું, 'પેસર' પંખી (એનો અવાન્તર વર્ગ **Tenuirostris: सुकोमल चंचु**; એ વર્ગનું અન્ય પંખી હુદહુદ). હમિંગ બર્ડની આશરે ૫૦૦ જેટલી જાતો થાય છે. એમાંનું મોટામાં મોટું દેવચકલી જેવડું અને નાનામાં નાનું બે આંગળનું છે. જગત ભરનાં પંખીઓમાં નાનામાં નાનું પંખી તે આ (**Trochilidae**) હમિંગ બર્ડ જ.

શક્કરખોરાની પંદરેક જાતો ભારતવર્ષમાં થાય છે. એમાંની માત્ર એક જ આપણા ગુજરાતમાં નજરે પડે છે—બારે માસ રહેનારી, સર્વ સ્થળે દૃગ્ગોચર થતી. એનું અંગ્રેજી નામ **The Purple Honey Sucker** કે **Indian Purple Sun Bird.**

એનું કદ: આશરે ચાર આંગળનું. આંખો: ઘેરી બદામી. પગ: કાળા રંગના.

ચાંચ: કાળી; પાતળી, લાંબી, વચ્ચેથી વળેલી ઢાળ પડતી. આગળના ભાગે અરધ ઉપરાંત ચાંચનાં બંને પાંખીઆંની બાજુની ધારો પર કરવત જેવા અસંખ્ય ઝીણા બારીક દાંતા. ચાંચ બંધ કરતાં, આ દાંતા એક બીજાના વચલા ગાળામાં બંધબેસતા ભરાઈ જાય છે એટલે આખી ચાંચ એક પોલી નળીની ગરજ સારે છે.

જીભ: નળી જેવી, બાજુની ધારો અંદરના ભાગે વળેલી હોવાને લીધે. જીભનું ટેરવું: પીંછી જેવું, એની અંદર પાતળા ચીરા હોવાથી.

ચાંચ અને જીભ, આ બંને સાધનો વડે પુષ્પકોશાભ્યન્તરથી મધ ચૂસી લેવામાં ભારે સુગમતા પડે છે.

રૂપ: સંવનનકાળના નરના અદ્‌ભુત રૂપવિકાસની વાત ઉપર થઈ ગઈ. એ વખતની એની શોભા જેવો તેજ અને છાયાનો દૃષ્ટિભ્રમ, પતંગિયાની માત્ર એકાદ બે જાતમાં, કબૂતરના કંઠપ્રદેશ પર અને એક જાતના સાપના માથા સિવાય આપણે ત્યાં બીજા કોઈ પ્રાણીની કાયામાં મેં જોયો નથી.

સંવનનકર્મ પૂરું થતાં જ નર આ ચિત્રવર્ણ વાઘા ફગાવી દે છે અને એને સ્થાને પીઠ પર લીલાશ પડતો અને હેઠળના ભાગે આછા પીળાશ પડતા રંગની કાયાવાળો બની જાય છે. પહેલાંનો રૂપમણિ આ જ: એની એંધાણી જેવો ચાંચના મૂળથી તે છાતી સુધી પહોંચતો હેઠળના ભાગે માત્ર એક ચળકતો કાળો પાતળો પટો જ બચી રહી ગયો હોય છે.

પણ માદા તો આવું બહુરૂપ કદીય ધારણ કરતી નથી. એ તો સદાકાળ એક જ રંગી, ઉપરના ભાગે લીલાશ પડતા બદામી વર્ણની અને પેટના ભાગે મેલા કે ચળકતા પીતવર્ણની જ હોય છે. એના ગળા પર નરના જેવો કાળો પટો પણ નથી હોતો. અપક્વ વયનાં નર પંખી પણ માદાના જેવાં જ રૂપરંગવાળાં હોય છે. માત્ર એમના જીવનની પહેલી વસંત આવે છે ત્યારે ચાંચથી છાતી સુધીનો કાળો ચળકતો પટો ધારણ કરે છે. એટલી વિશિષ્ટતા.

વસંત, ગ્રીષ્મ અને વર્ષા એનો ગર્ભાધાન કાળ (પણ એના માળા ઘણુંખરું વૈશાખ–જેઠમાં જ વધારે પ્રમાણમાં જોવામાં આવે છે). એ વખતની એની મસ્તી અને ઉન્માદ અજબ હોય છે. પતંગિયાં પેઠે પુષ્પે પુષ્પે તે આખો દિવસ ફર્યા કરે છે. ફરતાંફરતાં, પુષ્પો પર ઠરે એટલી ઘડી મૌન રહી બાકીનો સમય ઉચ્ચૈ: સ્વરે 'ચીં ચીં ચીં' કરી વાતાવરણ ગજવી મૂકે છે. બાગબગીચાનાં દેશાવિદેશી ફૂલ ઉપર તેમજ વગડામાં લીમડા–કેરડાના મોર ઉપર પણ સરખા ઉલ્લાસથી ફરતાં દેખાય છે. અમારા બગીચાનું પીળી કરેણનું ઝાડ શક્કરખોરાનું પ્રિય રમણસ્થાન છે. એના એક એક

ફૂલ ઉપર એક એક શક્કરખોરો—એમ આખા ઝાડમાં નહિ નહિ તોય ૨૫–૩૦ શક્કરખોરા—નર, માદા, બચ્ચાં—સહેજે ભમતાં દેખાશે. છતાં એમનો માળો આ ઝાડમાં એ કદી ય બાંધતાં જોવામાં આવતાં નથી. એ માટે તો એ ઘણે ભાગે ચીકુ અને પારિજાતક પસંદ કરતાં દેખાયાં છે. અન્ય સ્થળે બીજી અનેક જાતનાં ઝાડમાં સંતાનોત્પત્તિ કરતાં જોવામાં આવે છે. પણ આ બધાય માળા જમીનથી છ ફૂટ કરતાં વધુ ઊંચે કદીય તે બાંધતા નથી.

જેવી એમની ચાંચ અને રંગની તથા આહારો-પાદનની વિશિષ્ટતા છે એવી જ એમની માળો બાંધવાની વિચિત્રતા છે. શક્કરખોરો માળો બાંધે છે હમેશાં લટકતો: સુગરીની પેઠે. પણ એ માળાની બનાવટ સુગરીથી ભિન્ન પ્રકારની છે. શક્કરખોરાના માળા છોતરાં, છાલ, કાગળના ટુકડા, પીંછાં, ઘાસનાં તણખલાં, ચીંથરાં એમ જે હાથમાં આવ્યું એનાથી બાંધેલા હોય છે. એનો આકાર અણીવાળા જામફળ જેવો. એના એક પડખે પ્રવેશદ્વાર. એ દ્વાર ઉપર વાછાંટિયું. અંદર ઊંબરાથી જરા નીચાણ પડતો ખાડો કરી એમાં બેથી ત્રણ ઈંડાં મૂકે છે: મેલા શ્વેત રંગનાં, બદામી રંગનાં છુંદણાંવાળાં.

આ રૂપાળાં પંખી માત્ર ફૂલના મધ પર જ જીવનારાં હોવાથી એમને આપણે ત્યાં પાળવાનો રિવાજ નથી, પણ જરા કાળજી રાખવામાં આવે તો એ સહેજે પાળી શકાય છે. એનો એક અનુભવ કહું. લંડનની ઝુઑલૉજિકલ સોસાએટીના ભૂતપૂર્વ સેક્રેટરી સર પૅટ્રિક ચામર્સ, હમિંગ બર્ડ અને શક્કરખોરાની વંશાનુપૂર્વીના પ્રખર અભ્યાસી છે. એમણે પાંચ છ વર્ષ ઉપર મારી પાસે થોડા શક્કરખોરા મંગાવ્યા હતા. તે વખતે મારે આ પંખીઓને થોડા વખત પાંજરામાં રાખવાં પડેલાં. એ ઉપરથી હું માનું છું કે એમને પાળવાનું દુષ્કર નથી. એ વખતે હું એમના ખોરાકમાં દૂધ, ખાંડ અને મધ તથા ગ્લૅક્સોનું એક જાતનું મિશ્રણ બનાવી ચીની માટીના વાસણમાં ભરી મૂકતો જે એ પંખી હોંશે હોંશે પીતાં કલ્લોલ કરતાં હતાં. એ વખતે આહારની ખોણપથી વ્યથિત થતાં મેં એમને કદી જોયાં ન હતાં.

ખાલી તો યે જોમભર્યું ફીનિક્સ

લડતમાં જનારાઓએ ફીનિક્સ ખાલી કર્યા પછી અમે દસ બાળકો પાછળ રહ્યાં હતાં. ઘરમાં નોકર ન રાખવાની પ્રથાને બાપુજી હજુ યે કડકપણે વળગી રહ્યા હતા. ઝાડૂ અને વાસણ એ એવાં કામ હતાં જે સવારસાંજ બંને વખત અચૂકપણે થવાં જ જોઈએ. બાળકો એ કરે ખરાં, પણ એમના ઉત્સાહ-માં ઓટ આવે તો એ કામને કેમ પહોંચી વળાય!

બાપુજીએ એવી રચના કરી કે ઉત્સાહ મોળો પડે જ નહિ. પાંચ પાંચ બાળકોની બે ટોળી પાડી નાખી. એકના નાયક દેવદાસ કાકા અને બીજીનો હું. જમી લીધા પછી એક ટોળી વાળઝૂડ અને પોતું ફેરવવાનું કામ કરે. અને બીજી ટોળી વાસણ માંજવાનું કામ કરે. દરેક ટોળીમાં ૪ થી ૧૨ વરસની ક્રમશ: ચડતી ઉંમરના અમે હતા. કઈ ટોળી પોતાનું કામ પહેલાં પતાવે છે અને પૂરી સફાઈથી કરે છે એ હરીફાઈમાં બધું કામ વીસથી ત્રીસ મિનિટમાં આટો-પાઈ જતું. અમને પીરસી જમાડીને બાપુજી પોતે જમતા હોય તેટલા સમયમાં અમે સફાઈ કામ હસતાંરમતાં કરી નાખતા. સવારસાંજનો એ અર્ધો કલાક કદાચ અમારે સારુ સૌથી વધુ આનંદનો હતો. નિયમિત રીતે દરેક જણ પોતાથી વધુમાં વધુ થાય તેટલું કરી વળતો.

સ્ટેશનેથી ટપાલ લાવવાનું કામ પણ નોકર વિના પાર ઉતારવું કપરું હતું. દેવદાસકાકા અને મારે ભાગે વધુ જરૂરી કામ હતાં. સવારની ટપાલ અમે વારાફરતી લાવતા. સાંજની માટે બાપુજીએ અને મગનકાકાએ અમારાથી નાનાઓને શૂર ચડાવ્યું. ચાર જણને તૈયાર કર્યા: નવીન, કેશુ અને કૃષ્ણ અને છોટમ. બધાની ઉંમર આશરે છ વરસની ગણાય. પાછલાં પ્રકરણોમાં વર્ણન આવી ગયું છે કે સ્ટેશન સુધી રસ્તે પડતું જંગલ કેટલું સૂનું અને ડરામણું હતું. બપોરે એક-દોઢને શુમારે ચારે જણ નાનકડી પરોણીઓ હાથમાં લઈ ઊપડતા અને પાંચેક વાગ્યે ટપાલ લઇને આવી પહોંચતા. ટપાલનું ભારે પોટકું બબ્બે જણા વારાફરતી લાકડીમાં ટાંગી

જીવનનું પરોઢ



ભાગ ત્રીજો · પ્રકરણ ચોથું

ઉપાડી લાવતા. આથી બે કામ સરતાં. એક તો ટપાલ આવતી, અને બીજું નકામા રખડપટ્ટીથી બચાવવા કોઈ શિક્ષકને હાજરી ન ભરવી પડતી. બીજાં ચાર બાળકો જે બહુ નાનાં હતાં તેમને મગનકાકા પોતાના દફતર (ઑફિસ)માં કાગળો ગોઠવવા અને ચિઠ્ઠી પહોંચાડવા વગેરેમાં રોકી રાખતા. સાંજે અને સવારે અમે બધા યે એક એક કલાક ફળવાડી અને શાકવાડીમાં જઈ તૈયાર પાક ઉતારી આવતા અને ક્યારી વગેરે ઠીકઠાક કરી આવતા.

નિશાળ પણ સાવ બંધ પડી ન હતી. વહેલા ઊઠીને સૂરજ ઊગતાં સુધી દેવદાસકાકા અને હું બેસીને 'ઇન્ડીઅન ઓપીનિયન'નાં સરનામાં લખતા. ત્યાર પછી પથારી સંકેલવી, નહાવુંધોવું, નાનાઓને નવરાવવાધોવરાવવામાં મદદ કરવી અને લોટ બાંધવો વગેરે પતાવી અમે નિશાળે પહોંચી જતા. શિક્ષક વિના અમારા પાઠ વાંચતા અને અંકગણિત ગણતા. થોડો વખત નાના ભાઈઓને બાળપોથી પણ શીખવતા. બીજેત્રીજે દિવસે મગનકાકા છાપખાનામાંથી વખત મેળવી આંટો મારી જઈ અમારું ભણતર તપાસી જતા.

આમ કામ ચલાવનારા માણસોની પૂરેપૂરી અછત છતાં ફીનિક્સ આશ્રમનું બધું કામ નિયમસર અને સંતોષપૂર્વક ચાલુ રહ્યું એ ખરેખર બાપુજી અને મગનકાકાનો ચમત્કાર જ હતો. તણખલામાંથી લસ્કર ઊભું કરવાની એ બાપુજીની શક્તિ હતી.

બીજી વાત પર આવું એ પહેલાં આ સ્થળે દેવીબ્હેનનું પવિત્ર સ્મરણ આપવાનું મારે ન ભૂલવું જોઈએ.

મિસ્ટર વેસ્ટનાં બ્હેન મિસ વેસ્ટ ફીનિક્સથી ટૉલસ્ટૉય ફાર્મ ગએલાં ત્યારથી બાપુજીએ એમનું નામ દેવીબ્હેન પાડેલું. બધા જેલ ગયા એ સમયે તેમની ઉમર આશરે પાંત્રીસ વરસની હશે. લગભગ એ બધી ઉમર તેમણે કંઈ ને કંઈ સેવામાં જ વીતાડેલી. તેઓ પરણ્યાં ન હતાં, એટલે જગત એ જ એમનું કુટુંબ હતું. મારી બા વગેરે જેલ જતાં એમણે અમારી માતાનું સ્થાન લીધું. રસોડાનો ભાર તેમણે ઉપાડ્યો. લાગટ ત્રણ મહિના સુધી બંને વખત એમણે અમારા રોટલા ટીપ્યા. 'બા નથી એટલે હવે એ ચીજ ક્યાંથી મળે!' એવો નિસાસો નાખવાનો પ્રસંગ અમને આવ્યાનું સાંભરતું નથી. એમને ગુજરાતી કે હિંદી આવડતું નહિ. પોતે જન્મે અને સ્વભાવે અંગ્રેજ હોઈ અમારામાં ઓતપ્રોત થવું એમને માટે બહુ અઘરું હતું. અમારાં ભાંગ્યાંતૂટ્યાં વાક્યો ત્રણત્રણ ચારચાર વાર સાંભળે ત્યારે તેમની સમજમાં આવતું. છતાં બે છોકરાઓ લડે તો તેને ન્યાય આપવાનું, દરેક પક્ષની વાત ધીરજથી સાંભળી લેવાનું અને કજીઆ અટકાવવાનું તેઓ થોડું ન કરતાં. થોડું હસીને, થોડી મશ્કરી કરીને અને થોડું પંપાળીને રસોડામાં તેઓ આનંદનું વાતાવરણ જગવી રાખતાં પણ જ્યારે ચીડાઈ ઊઠતાં ત્યારે બહુ લાલચોળ થઈ જતાં. એમનો એવો ચહેરો જોઈ એમની પાસે ફરકવાની અમારી હિંમત ન જ થતી.

કેટલીક વાર દેવીબ્હેન અમારી વાત સમજી ન શકતાં ત્યારે ભારે ગમ્મત થતી. ઘણી વાર અમારી ઇચ્છા પ્રમાણે તેઓ વાનગી બનાવે, અમને પૂછે, અને ન પૂછે તો અમે માગણી કરીએ. અમારી રૂચિ તેઓ સમજી ન શકતાં ત્યારે વાત ગુંચવાતી. એક દિવસ દેવદાસકાકાને અડદની દાળ ખાવાની ઇચ્છા થઈ. તેમણે દેવીબ્હેનને વાત કરી. અમને તે દિવસે અડદની દાળ મળી કે નહિ તે સાંભરતું નથી, પણ દેવીબ્હેનની ઝાટકણી યાદ છે. તેમણે કહ્યું, 'દાળના તે વળી કેવા સ્વાદ! દાળ બધી સરખી. અડદ શું કે મગ શું!' છતાં આવી ઝાટકણી પછી તેઓ અમને ભાવતું કરી આપવાની ભારે જહેમત ઉઠાવતાં. ટેબલ ઉપર ઊભાં ઊભાં, પણ સોળે આની દેશી ઢબની રસોઇ કરતાં. પોતાની આંગળીનાં ટેરવાં રોટલી શેકતાં દાઝવાથી કે વાસણ સાફ કરતાં આંગળાંના નખ ઘસાતાં તેમને કંટાળો ન આવતો. એમનું એ દર્શન આજે યે અમારું માથું ઝુકાવે છે. ખરેખર તેઓ મુનિ હતાં— સાવ થોડું બોલનારાં, પ્રસન્ન વદન અને વધુમાં વધુ ઉત્સાહથી કામ કરનારાં તેઓ સાક્ષાત દેવી હતાં.

પાર્વતી–જાનકીની માનું માયાળુ વર્તન પણ સૂના થએલા ફીનિક્સમાં નાનાં બાળકોને સારી પેઠે હૂંફ આપતું હતું. મિ. સેમ (ગોવિંદુ રાજુલુ)ની કારીગરી અને રમતિયાળપણાની વાત આગલા પ્રકરણમાં આવી ગઇ છે. તેઓ સોળ જણની ટુકડી સાથે જેલમાં ગયા ત્યારે એમનાં પત્ની અને બાળકો ફીનિક્સને એક દૂરને છેડે નિર્ભયપણે રહેતાં. એ મિસિસ સેમ એવાં બડ હતાં કે ઘરની ચોમેર જંગલ હોવા છતાં અંધારી રાત્રીઓ અને મહિનાના મહિનાઓ એકલાં વીતાડતાં, ગભરાતાં નહિ. તેઓનો સ્વભાવ એવો કે આખો દિવસ ઘરમાં કંઈ ને કંઈ કામ કર્યા જ કરે. ફીનિક્સની અમારી વસતી વચ્ચે જવલ્લે જ નજરે પડે. કોઇની સાથે વાતવણપરો કરવાની એમને જરૂર જ ન પડતી. એ ભલાં અને એમનાં બાળકો ભલાં. પોતાની માની જેમ પાર્વતી–જાનકી બે ય બેનો—જે ઉમરે મારાથી કાંઈક નાની હતી તે—પણ બડ હતી. કોઈક જરાક આકરૂં વેણ કહે ત્યાં તો એમની તીખા તીર જેવી જીભ વછૂટતી અને બોલનારાને ચૂપ કરી મૂકતી. અમારા એકલવાયા વાતાવરણમાં આ ઘર નવીનતાનો રંગ પૂરતું. નાનકડાં રાધાબેનને માથું ગુંથાવવા મારે વારે વારે પાર્વતીની મા પાસે પહોંચાડવા પડતાં. પણ એ કામ મારે માટે બહુ વસમું હતું. પાર્વતીની માનો પીળો ઢીંગણો કુતરો બહુ દૂરથી મને જોઇ મારા પર ધસી આવતો. એ ધસારામાં રાધા બેન તો રડી પડતાં પણ મારી યે ચીસ નીકળી જતી. હું પૂરપાટ ચીસો નાખતો પાર્વતીના ઘર તરફ દોડતો. એ બહાર આવી કુતરાને વારતી અને પછી મને હસતી. મારાથી એ મશ્કરી વેઠાતી નહિ. પેલા કુતરાનો ડર પણ છૂટતો નહિ. એ દુઃખ મને એવડું ભારે લાગતું કે તે વેળા બા અને કાકી યાદ આવી જતાં. મનમાં એમ થતું કે હવે જલદી એ લોકો પાછાં ફરે તો સારૂં. બાળકને કેવે નજીવે કારણે વિખૂટાં માવતર સાંભરી આવે છે એનો ઉપરનો કિસ્સો એક રમૂજી નમૂનો છે.

દેવીબ્હેન, પાર્વતી–જાનકીની મા, મિસ્ટર વેસ્ટનાં ઘરડાં મા એ સૌ એકલાં પડી ગએલાં અમ બાળકો પર કુદરતી રીતે જ માયામમતા રાખે. એમને સારૂ એ વાત નવાઇની ન ગણાય પરંતુ અમારા આશ્રમની ચોમેરની ટેકરીઓ પર કૂબામાં વસતાં હબસી બાઈબ્હેનો અમારે ત્યાં અમૃતઝરતી આંખે આંટાફેરો કરી જતાં એ સાધારણ વાત ન કહેવાય. વાત તો અમે શું કરીએ? તેઓની બોલી ભાગ્યે જ અમને સમજાતી. તેઓ પણ ઉજળિયાતોની બનાવટ કરી ન જાણતાં. પરંતુ એમની પ્રેમભરી માયાળુ નજર હજી યે મારી સ્મૃતિમાં તાજી છે. એમાંના એકબે સિવાયને ભાગ્યે જ અમે નામથી ઓળખતા. ચહેરેથી પણ ઘણાખરાને ન ઓળખતા. પણ અમને ટીનકુડીઆંઓને છોડીછોડી માબાપ સમાજસેવાને કાજે જેલ સિધાવ્યાં છે એવી ઊંડી અસર એ લોકો પર અંકાએલી સ્પષ્ટ દેખાતી. જ્યારે આવે ત્યારે બહુ જ મિત્રતાથી, નરમાશથી અને સ્મિતપૂર્વક તેઓ નીચા નમીનમી અમારી સામે જોઇ રહે. પરસ્પર કંઈક ગણગણે અને પછી જાણે અમે દીર્ઘાયુ થઇએ, ભગવાન અમારૂં ભલું કરે, એવા આશીર્વાદ વરસાવતાં હોય નહિ એમ ઉલટભેર પાછાં જતાં રહે.

એ દિવસોને હું શ્રદ્ધા અને ભક્તિ ભર્યે હૃદયે જોઉં છું ત્યારે આપણા મહાગ્રંથોના કર્તાની આર્ષદૃષ્ટિ યાદ આવે છે. કણ્વાશ્રમની સમીપે વહેતી નાની નદીને કાંઠે એકલી પડેલી બાળ શકુંતલાને પંખીઓએ આવરી લીધી એ ભલે કોરી કલ્પના જ હોય અથવા રામ લક્ષ્મણ સીતા સુકુમાર દેહે જમુના પાર કરી ચિત્રકૂટ ચાલ્યાં ત્યારે વાદળોએ એમના પર છાંયડો કર્યો એ ભલે ગોસ્વામી તુલસીદાસજીની ભક્તિની અતિશયતા ગણાય, પણ એ આખ્યાનોમાં જે તત્ત્વ ભર્યું છે એ તો એ છે કે પ્રકૃતિમાતા ખરેખર કોઇને અનાથ રહેવા નથી દેતી. જ્યાં પુણ્યકાર્યમાં પગરણ થયું, પ્રકૃતિને ખોળે માથું મૂકી સત્પથે ડગલું મંડાયું ત્યાં ચોતરફનું વાતાવરણ કડવું નહિ, અમૃતભર્યું બની જાય છે. ઈશ્વરને કરવું હતું તે ફીનિક્સથી ઉપાડેલો સત્યાગ્રહસંગ્રામ ત્રણ મહિનામાં જ સફળ થયો. પરંતુ એ દસ વીસગણો લંબાયો હોત અને અમ બાળકોની ઘણી વધુ આકરી કસોટી થાત તો યે એ સૂના જંગલમાં પણ અમને વધુ ને વધુ ઓથ મળતી જ રહેત. ફીનિક્સ સાવ ખાલી થઈ જવા છતાં જાણે કંઇ બન્યું જ નથી એવા આનંદ અને ઉમંગમાં અમે ત્યાં જોતજોતામાં તરવા લાગ્યા એ એનો પુરાવો છે.

(ચાલુ) **પ્રભુદાસ છગનલાલ ગાંધી**

બા ળ વિ ભા ગ

પંચતંત્રની વાર્તાઓ

આખ્યાન થઈ રહ્યું એટલે સંજીવક દમનકને કહે, 'કોઇ દુર્જને રાજાને મારાથી વિરુદ્ધ કર્યો છે. ઠીક કહે છે, કે "કોમળ જળથી ગિરિશિખરો પણ તુટી પડે છે, તો પછી ચતુર નિન્દકો માણસના મૃદુલ ચિત્તને કેમ ન તોડે?'

હવે તો મારીને મરવું એ જ ઉત્તમ છે. કેમ કે યજ્ઞના સંઘથી, તપશ્ચર્યાથી, તીર્થથી તથા દાનપરંપરાથી જે ગતિ માણસને મળે છે તે જ ગતિ રણધીર પુરુષ સંગ્રામયજ્ઞમાં દેહ હોમીને એક ક્ષણમાં પામે છે. કહ્યું છે કે,

જીતે તો મેળવે લક્ષ્મી મરે તો યે સુરાંગના।
ક્ષણવિધ્વંસિની કાયા શી ચિન્તા મરણે રણે.

હિ. સુ. ૧૭૨॥

દમનક કહે, 'ભદ્ર, આ યોગ્ય ઉપાય નથી; કારણ

શત્રુશક્તિ ન જાણીને વૈરારંભ કરે જ જે।
પરાભવ જ પામે તે ટીટોડાથી સમુદ્રવત ॥૩૩૭॥


સંજીવક કહે, 'એ કેમ?' દમનક બોલ્યો:

કથા ૧૬

એક સમુદ્રને તીરે ઉત્તાનપાદ નામે ટીટોડો તથા પતિવ્રતા નામે ટીટોડી રહેતાં હતાં. ટીટોડી કદાચિત્ આસન્નપ્રસવા હતી એટલે એણે ભર્તારને કહ્યું, 'નાથ, કોઇ પ્રસવયોગ્ય ઉપદ્રવ વિનાનું સ્થાન ગોતો.' તેણે કહ્યું 'આ સમુદ્રપ્રદેશ રમ્ય છે, અહિં જ સુવાવડ કરવી.' ટીટોડી બોલી, 'અહિં જોખમ છે. પૂર્ણિમાને દિને સમુદ્રમાં મત્ત ગજેન્દ્રને યે તાણે એવી ભરતી આવે ને મારાં બચ્ચાં તણાઈ જાય.' તેણે કહ્યું, 'ભદ્રે, સમુદ્રના શું ભાર છે કે મારી હારે વેર બાંધે? અને કહ્યું છે,

જે પરાભવસંત્રસ્ત સ્વસ્થાન ત્યજતો નર।
તેનાથી પુત્રિણી માતા તો વન્ધ્યા કોણ તે કહો ॥૩૪૨॥

ટીટોડીએ હસીને કહ્યું, 'સમુદ્ર ક્યાં ને તમે ક્યાં?



જેવો કાચબો બોલ્યો એવી જ તેના દાંતમાંથી લાકડી છૂટી ગઈ ને તે જમીને પડીને તેના ફોદેફોદા વેરાઇ ગયા

હિતેચ્છુ મિત્ર કેરું જે ન માને વાક્ય પૂરુષ।
કાચબો જેમ દુર્બુદ્ધિ કાષ્ઠભ્રષ્ટ મરે ખરે ॥૩૪૪॥

તેણે કહ્યું, 'એ કેમ?' ટીટોડી બોલી:

કથા ૧૭

મગધદેશના ફુલ્લોત્પલ નામે એક સરોવરમાં કંબુગ્રીવ નામે કાચબો વસતો હતો. સંકટવિકટ નામે બે હંસ એના પરમસ્નેહી હતા. એક વાર બાર વર્ષનો દુષ્કાળ પડ્યો ને સરોવર શોષાવા મંડ્યું એટલે હંસોએ બીજે જવાનો વિચાર કર્યો અને ચિરપરિચિત પ્રિયમિત્ર કંબુગ્રીવ આગળ શીખ લેવા ગયા.

કંબુગ્રીવ કહે, 'શીખ લેવા શું આવ્યા? જો સ્નેહ હોય તો મને પણ મૃત્યુમુખથી બચાવો.' હંસ કહે, 'અમે તને અવશ્ય લઈ જઈએ; પણ પંથ કરતા હોઈએ ત્યારે તારે ચપલ થઈ ને બોલવું નહિ પણ મૌનવ્રત પાળવું. તારે આવવાની ઇચ્છા હોય તો આટલું અમારું કહ્યું કર.' કાચબો કહે, ભલે; એટલે હંસે લાકડી આણી ને કાચબાને એના મધ્યમાં દાંત ભરાવીને વળગી રહેવા કહ્યું. કાચબો વચ્ચે વળગ્યો એટલે બે છેડા બે હંસે ઝાલ્યા ને ચાલી નિકળ્યા. વચ્ચે નગર આવ્યું ત્યાંના લોકો 'આ પક્ષી ચકરડા જેવું શું લઈ જાય છે! જુઓ તો ખરા,' એમ કલકલ કરવા મંડ્યા. તે સાંભળીને કાચબાને પોતે આપેલા વચનની વિસ્મૃતિ થઈ ગઈ, ને લાકડી મૂકીને તે બોલ્યો, 'આ કોલાહલ શેનો થાય છે?' આમ બોલે છે એવો જ એ ભૂમિ ઉપર પડ્યો ને એના ફોદેફોદા વેરાઈ ગયા. એટલે કહું છું: 'હિતેચ્છુ મિત્ર કેરું જે' ઇત્યાદિ.

(ચાલુ) દેસાઇ વાલજી ગોવિંદજી

કહેવત કથન અને કવિતા

卐

सर्वे गुणाः कांचनमाश्रयन्ते

સકર્મીના સાળા ઘણા, લીલા વનના સૂડા ઘણા
જર બિસ્યાર, મરદ હુશિયાર
જરને જુહાર
દામકે સબ ગુલામ
ધમધમતી વહેલે સૌ બેસવા આવે

卐

માયાકો માયા મિલે, કરકે લંબે હાથ,
તુલસીદાસ ગરીબકી કોઈ ન પૂછે બાત.

ચાંદો અને સૂરજ

રાત પડી ને સૂરજ ઊગ્યો. ઊગીને તેણે જોયું કે તેની સાથે કોઇ રમનારૂં છોકરૂં નથી, એટલે તે એકદમ તેની બા પાસે જઇને નાચવા લાગ્યો. આથી તેની બા ઘણી રાજી થઇ ને તેને એક ચૂંટી ખણી. એટલે તો સૂરજ ખૂબ ખિજાઇ ગયો અને ઠેઠ ઉપર ઉપર આકાશમાં પહોંચી ગયો. તેની બાએ તેને ચૂંટી ખણી એટલે તે ગુસ્સે થઇને લાલલાલ થઇ ગયો અને દિવસે ખૂબ અંધારૂં કરવા લાગ્યો. એથી તારા, ચાંદો અને તેના બીજા ભાઇબંધો તેના ઉપર ખિજાયા અને તેઓ બધા સૂરજને મનાવવા ચાલ્યા. કહે, 'તું શાને રિસાયો છે? તને જોઇએ તો એક પાઈના મમરા આપીએ!'

આથી સૂરજ ઘણો ખુશ થયો અને બધા ભાઈબંધોની સાથે બજારમાં મમરા ખરીદવા ચાલ્યો. બધા જણે મળીને એક પાઇને પકડીને ઉંચકી હતી. બધા એક મંકોડા શેઠને ત્યાં ગયા. મંકોડા શેઠે પેલા લોકો પાસેથી એ પાઇ લઇને મમરાનો એક દાણો સૂરજને આપવા માંડ્યો. પણ સૂરજ કહે. 'ના, એક દાણો નહિ, અરધો જોઇએ.' આમ ખૂબ રકઝક ચાલી. એવામાં ચાંદો છાનોમાનો નાસીને આકાશમાં જ્યાં સૂરજ બેઠો હતો ત્યાં પહોંચી ગયો ને પોતે આખી દુનિયા ઉપર ધોળું દૂધ જેવું અંધારૂં કરી દીધું.

આ વાત મેં ક્યારે જાણી હશે? તમે જ કહોને?

નહિ કહો! તો લ્યો હું કહું. જ્યારે હું અને મારા ભાઇબંધો અજવાળી રાતે ફરવા જતા હતા, ત્યારે આકાશમાંથી સાદ પાડીને ચાંદે મને આ વાત કહી હતી.

ગુલાબસિંહ બારહટ

બાળજોડકણાં

તાવડી પાસે રોટલો શેકાવી દો

વનમાં બોલે ઝીણા મોર
કાળી રાતે ભાગ્યો ચોર
ચોર દોડે ચૂપ ચાપ
ફૂંફૂં કરતો નાસે સાપ
સાપ રંગે કાળો મેશ
બાબીબેનના સુંદર કેશ
કેશનો બાંધ્યો ચોટલો
ને તાવડી શેકે રોટલો

ગુલાબસિંહ બારહટ

આ મહિનો (ઑક્ટોબર) . . . અને એની પ્રતિભા

તા. ૧ બ્રિટિશ અને અરબના સંયુક્ત લશ્કરની સહાયે જનરલ અલેન્બીએ તુર્કી પાસેથી દમાસ્કસ લીધું-ઈ.૧૯૧૮ ** જર્મન લશ્કરનો સુડેટન પ્રદેશમાં પ્રવેશ—ઇ. ૧૯૩૮

તા. ૩ શ્રી હરબિલાસ સારડાનું બાળ લગ્નનિષેધક બિલ ધારાસભામાં પસાર થયું-ઇ. ૧૯૨૯

તા. ૯ યુગોસ્લાવિયાના રાજા એલેક્ઝાંડરનું માર્સેલ્સમાં ખૂન--ઇ. ૧૯૩૪

તા. ૧૦ હિમાલયન ચિત્રકાર મહર્ષિ રોરીકનો જન્મ-ઈ. ૧૮૭૪

તા. ૧૨ કોલંબસે અમેરિકા ખંડ શોધ્યો–ઈ. ૧૫૦૨ ** ૩૮મે વર્ષે મુગલ શહેનશાહ જહાંગીરનું રાજ્યારોહણ -ઇ. ૧૬૦૫

તા. ૧૬ હિંદી પ્રજાના કટ્ટર વિરોધ છતાં બંગભંગ આવ્યો-ઈ. ૧૯૦૫ ** યુરોપની શાંતિઅર્થે જુદાજુદા રાષ્ટ્રોના પરદેશ મંત્રીઓએ લોકાર્નો મુકામે સંધિખત ઘડયાં-ઈ. ૧૯૨૫

તા. ૨૧ અમદાવાદના સૂબા શેખ સૂફી સાથે અંગ્રેજ કૅપ્ટન બેસ્ટે ગુજરાતમાં અંગ્રેજોના વેપારને લગતા કોલકરારો કર્યાં–ઈ. ૧૬૧૨

તા. ૨૩ મુંબાઈ સરકારે સવિનયભંગની ચળવળમાં સરકારે ખાલસા કરેલી મિલકતો તેમના હકદારોને પાછી સોંપી–ઈ. ૧૯૩૭

તા. ૨૮ સિસ્ટર નિવેદિતાનો જન્મ -ઈ. ૧૮૬૭ ** ફ્રાન્સે સોવિયેટ સરકારને માન્ય રાખી-ઈ. ૧૯૨૪ ** ગાંધીજીએ રાજકારણમાંથી નિવૃત્તિ જાહેર કરી–ઈ. ૧૯૩૪

તા. ૨૯ તુર્કી પ્રજાસત્તાક જાહેર થયું ને મુસ્તફા કમાલ તેનો પ્રથમ પ્રમુખ ચુંટાયો-ઈ. ૧૯૨૩

તા. ૩૧ સાયમન કમિશનના વિરોધી સરઘસનો મોખરો સાચવતાં લાલા લજપતરાય પર લાઠીમાર–ઈ. ૧૯૨૮ ** હિંદના અજોડ ક્રિકેટીઅર મેજર કોટરી કનૈયુનાયડુનો જન્મ-ઇ.૧૮૯૫



આ માસની વિભૂતિ
સિસ્ટર નિવેદિતા

યુરોપના ભોગવિલાસ છોડી, તપોમય જીવન સ્વીકારી ભારતની સેવાનું વ્રત ગ્રહણ કરનાર આ આયરિશ કુમારિકાનો જન્મ ઈ. ૧૮૬૭ના ઑક્ટોબરની ૨૮મીએ રેવ.સૅમ્યુએલ રિચમંડ નોબલને ત્યાં ઇંગ્લંડ મુકામે થએલો. એનું મૂળ નામ માર્ગરેટ ઈ. નોબલ.

શિક્ષણ પ્રત્યે એને ખૂબ પ્રેમ હોઈ સઘળી શિક્ષણ પદ્ધતિઓનો એણે અભ્યાસ કર્યો ને શાળા છોડતાં એક કન્યાશાળામાં શિક્ષિકા તરીકે દાખલ થઇ. સ્ત્રીનું અને માતાનું ગૌરવ વધારવા સદા ઈંતેજાર રહેતી આ કુમારિકાએ જુવાન કન્યાઓમાં અથાગ ઉત્સાહ અને નવીન પ્રાણબળ રેડવા 'સિસેમ કલબ' સ્થાપી, જેમાં સાહિત્ય સમાજ તથા નીતિ પર ચર્ચા ચાલતી.

એવામાં અમેરિકામાં વેદાંતનો વાવટો ફરકાવનાર સ્વામી વિવેકાનંદનું ઇંગ્લંડમાં શુભાગમન થયું. એમના સચ્ચારિત્ર્ય તરફ એની સુરુચિ ઢળી. એમનો વિશેષ સંપર્ક એણે સાધ્યો ને સ્વામીજીએ એને જીવનદિશા બતાવી આપતાં એણે હિંદનો સંદેશ અપનાવ્યો ને ૧૮૯૮ના આખરે હિંદને કાંઠે ઊતરી.

કલકત્તાથી થોડે દૂર આવેલા બેલુર મઠમાં જ એક સુંદર પ્રભાતે માર્ગરેટની આર્જવતા જોઈ સ્વામીજીએ તેને હિન્દુ ધર્મની દીક્ષા આપી. ત્યારથી એ સિસ્ટર નિવેદિતા બન્યાં. દીક્ષિત થયા પછી યે એમના મનની શંકાઓનું નિરસન બહુ લાંબે કાળે થયું.

અને આમ સંપૂર્ણ હિંદુ બન્યા પછી એ પોતાનું જીવનકાર્ય શરૂ કરે ત્યાં તો ૧૯૦૨ના જુલાઇની ચોથીએ વિવેકાનંદનું અવસાન થયું. છતાં એમણે હિંમત રાખી કલકત્તામાં બાગ બઝારના ઝૂંપડામાં એક નાનું ઘર ભાડે રાખી 'ભગિનીગૃહ' ચલાવવાનો નિરધાર કર્યો. અનાથ બાળકો ને નિરાધાર વિધવાઓ માટે એમનું ઘર આશ્રય સ્થાન થઇ પડયું ને પછી તો કુલીન કુટુંબની સ્ત્રીઓ પણ તેમને ત્યાં શીખવા આવવા લાગી.

પોતાના ખાનગી ખર્ચમાંથી જ એ શાળા ચલાવતાં. એમને મન શાળા જ એમનો પ્રાણ હતો. હિંદુસ્તાન માટે તે હમેશાં 'આપણી ભારત માતા' સંબોધન વાપરતાં. શરીર ગમે એવું કૃશ અને પટકાએલું છતાં હિંદની પ્લેગ, રેલ, કે મૅલેરિયા જેવી આપત્તિઓમાં એમણે ખડે પગે સેવા ઉઠાવેલી.

'કામ, કામ ને કામ'ને જ જીવન મંત્ર સ્વીકારનાર આ કુમારિકાનો, હિન્દુ ધર્મનો આત્મા સચેતન કરવાનો જ દૃઢ સંકલ્પ હતો. ઊંચો ને મજબૂત બાંધો, ચળકતા આસમાની રંગની ભવ્ય આંખો, સ્વદેશી સાડી ને ગળે રુદ્રાક્ષની માળા સાથે એમના કંઠમાંથી સંગીત જેવી વાણી નીકળતી. એમનાં અગીઆર પુસ્તકો ને અનેક લેખોમાં હિંદનો આત્મા પ્રકાશી ઊઠે છે.

જિંદગીનાં છેલ્લાં ત્રણ વર્ષ યુરોપ અમેરિકામાં ગાળી ઇ. ૧૯૧૧ની બેસતી વસંતે એ દાર્જિલિંગ આવ્યાં ને એકાએક બિમાર પડયાં. આક્ટોબરની ૧૩મી એમનો મરણ સંદેશ લઇ ઊગી. એ સવાર માટે શ્રી જગદીશ બોઝનાં ધર્મપત્ની લખે છે, 'આવી જ કોઇ સવારે હૈમવતી ઉમા પિયર જવા નીકળ્યાં હશે. અહીં બીજી ઉમા સૂતી હતી. ત્રણ વરસના વિયોગ પછી તે પાછી પોતાની પ્રિય ભૂમિને ખોળે ઠરવા આવી હતી.'




માધુકરી

કરો શરીર વજ્રનું, વિપદ–ઘા ખમો કારમા,
ઉઘાડી મુખ ના કદી હરફ એક ઉચ્ચારવો,
નહિ ભડકવું જગે, અચળ બેસવું આસને,
ગ્રહી જીવનમર્મને જીવન ફેરવું ચૌદિશે,
લઈ મનુજપાપને વિરલ પુણ્ય વિસ્તારવું,
પછી ખપી જશે ભલે સકળ કાય એ સિદ્ધિમાં
અને અમર પ્રાણ આ અખિલ વિશ્વ શું જોડવો. —મોહિનીચન્દ્ર

ઈંગ્લંડનો રાજકવિ જ્હૉન મેઇઝફીલ્ડ

ઇંગ્લૅંડમાં આજે મહાન ગણી શકાય એવા ઘણા યે કવિઓ છે, પણ એ બધામાં ત્યાંના ૨૮મા રાજકવિનું માન પામેલા જ્હૉન મેઇઝફીલ્ડનું નામ વધુ ધ્યાન ખેંચે એવું છે.

'ખારવાઓના કવિ' તરીકેનું એને બિરદ મળ્યું છે. અને એ સાચું જ છે. એણે નથી કોઇ બાદશાહોનાં ગુણગાન ગાયાં કે નથી કોઇ શ્રીમંતને ખુશ રાખનારાં કવિતો જોડયાં. મુડીદારોના ભાટ બનવાનો પ્રયાસ એણે કદી નથી કર્યો. એણે તો દુનિયાના અજાણ્યા અને અંધારા ખૂણામાં પડી રહેતા ગામડીઆઓ, ઝુંપડાંઓમાં જ જિંદગી પૂરી કરતા રંકજનો, મોતથી રમતા નાવિકો અને જિંદગી નીચોવતા



કારીગરોની વાસ્તવિક સ્થિતિનાં હૃદયભેદક તથ્યો જગતને સાદર કર્યાં છે. તેની પ્રસિદ્ધિનું ખરૂં કારણ તો તેની આ પ્રવૃત્તિ જ ગણી શકાય.

જીવનની શરૂઆતમાં જ પછાત ગણાતા વર્ગના કવિ બનવાનું તેણે પણ લીધેલું. જિંદગીની પહેલી વીશીમાં તે ઘણીવાર કહેતો કે, 'મારે એક ઊંચું વહાણ જોઇએ અને તેને હંકારવામાં માર્ગદર્શક બનવા આકાશમાં એકાદ ચળકતો તારલો જોઇએ.'

મેઈઝફીલ્ડ અત્યારે વનમાં પ્રવેશી ચૂક્યો છે છતાં તેના ગ્રંથો કોઈ યુવાન લેખક જેમ જોમ, નિર્ભયતા, તીક્ષ્ણ ભાવતા અને પ્રેમતત્ત્વથી એટલાં ભરપૂર રહે છે કે આજ પણ ઘણા સારા સાહિત્યરસિકોનાં હૃદયો તે પોતાની તરફ વાળી રહ્યો છે.

ઇ. સ. ૧૮૧૭ના જુનની પહેલી તારીખે ઇંગ્લંડના હરફર્ડશાયરમાંના લેડબરી મુકામે તેનો જન્મ થએલો. થોડા જ વખતમાં અનાથ બનતાં લિવરપૂલમાં તેની કાકીને ત્યાં એ ઉછર્યો. નાનપણથી જ વહાણો તરફ તેને આકર્ષણ રહેલું. રોમનાં જૂનાં ગીતો ત્યારે તે ખૂબ આનંદથી વાંચતો.

ચૌદ વર્ષની વય થતાં તો દરિયાઇ જીવન ગાળવાના કોડે, મેઇઝફીલ્ડ એક વહાણની નોકરીમાં દાખલ પણ થઇ ગયો. ખૂબ સફરો ખેડી સત્તર વર્ષની વયે તે ન્યૂ યૉર્ક ગયો. તે વખતે તેના ખીસાની મૂડી પાંચ ડૉલરની હતી. સાહિત્ય જીવનનાં તે ખૂબ સ્વપ્નો સેવતો. ત્યાં ગ્રીનીજના એક ગૃહસ્થ લ્યૂક ઑ'કૉનરને આ છોકરો ગમી જવાથી માસિક દસ ડૉલર આપવાના ઠરીને પોતાને ત્યાં રાખ્યો.

ત્યાર પછી તો આજીવિકા માટે અનેક ઉપાયો તેણે અમેરિકામાં હાથ ધરેલા. એને લઇને ત્રણ વરસ પછી

ઇંગ્લૅંડ પાછા ફરતાં એનું મગજ અનેક ખાટાંમીઠાં અનુભવોથી સમૃદ્ધ થયું હતું, અને વાચનથી દૃષ્ટિની ક્ષિતિજ પણ વિકસી ચૂકી હતી. પાંચ વર્ષ પછી ઇ. ૧૯૦૨માં એણે 'ખારા પાણીનાં ગીતો' (Salt-Water Ballads) બહાર પાડ્યું. ત્યાર પછી એક વરસ રહીને એવું જ બીજું પુસ્તક 'Ballads' બહાર પાડ્યું. આ બીજા પુસ્તકમાં એણે સૂક્ષ્મ લાગણીઓને વાચા આપી પોતાની કલમને ધન્ય બનાવી એમ કહી શકાય.

ધીમે ધીમે પણ દૃઢતાપૂર્વક એણે પોતાનું જીવન સાહિત્યને જ સમર્પી દીધું. મહાયુદ્ધના વખતમાં ને તે પછી અદ્ભુત રસનાં અંગ્રેજી નાટકોમાંથી પ્રેરણા મેળવી એણે ઘણાં સુંદર નાટકો રજૂ કર્યાં, જેમાં 'ઇસુની તપાસ' (Trial of Jesus), 'મહાન પૉમ્પી' (Pompy the Great) વગેરે પ્રખ્યાત છે. 'ઇસુની તપાસ' પર કેટલાકોએ ટીકા કરી કે તેમાં ત્રણ ભરવાડો સમાજવાદ વિષે જે ચર્ચા કરે છે તે અજુગતું લાગે છે. મેઈઝ્ફીલ્ડે સામો પ્રશ્ન કર્યો, 'ત્યારે ભરવાડો કઇ બાબતની ચર્ચા કરે એ યોગ્ય લાગે છે—પગના ને મોંના રોગોની ?' એણે 'સાર્ડ હાર્કર' જેવી નવલકથાઓ ય લખી છે, પણ એની પ્રતિભાને વહેણની મોકળાશ તો નાટકો ને વર્ણનાત્મક (Narrative) કવિતામાં જ મળે છે એમ કહી શકાય. 'આવળનાં ખેતરો' (The Daffodil Fields)થી માંડી 'રાજપુત્રી' (A King's Daughter) સુધીનાં તેનાં સઘળાં કાવ્યો એની પ્રતીતિરૂપ છે.

ઑક્સફર્ડ નજીક રહેતા રાજકવિ રોબર્ટ બ્રીજીસના રહેઠાણ પાસે જ મેઇઝ્ફીલ્ડ હાલ પોતાના કુટુંબ સહિત રહે છે. તેને એક પુત્ર અને એક પુત્રી છે. પુત્રી જુડીથે તો તેનાં પુસ્તકોનાં ચિત્રો પણ આલેખેલાં છે. પત્ની પણ તેને એવી સુયોગ્ય મળી છે કે કુટુંબની બાબતમાં તેને કદી માથું મારવું પડતું નથી.

—'મોહિનીચન્દ્ર'

અસ્સલ પઠાણ

અફઘાન અને પઠાણ એ પર્યાયો નથી. 'અફઘાન' શબ્દ, તેના વિશાળ અર્થમાં, આધુનિક અફઘાનિસ્તાનના રહેવાસી માટે વપરાય છે; જ્યારે 'પઠાણ' શબ્દ ભાષા સાથે સંબંધ ધરાવે છે. તે 'પખ્તોન' શબ્દનો અપભ્રંશ છે ને એનો અર્થ 'પુખ્તો' બોલનાર થાય છે. દક્ષિણ અને પૂર્વ અફઘાનિસ્તાન તેમજ હિંદી સરહદના તમામ પુશ્તુ કે પખ્તોન બોલનાર લોકોનો તેમાં સમાવેશ થાય છે. સરહદના વડા પ્રધાન ખાન સાહેબ તો કહે છે કે જે કોઈ સરહદ પ્રાન્તમાં ઘર કરી રહે છે ને પખ્તોન બોલે છે તે પઠાણ જ છે અને તે હિંદુ, સીખ કે મુસલમાન હોય તેની સાથે એ શબ્દને ઝાઝી લેવાદેવા છે જ નહિ. અને વાતે ખરી છે. ત્યાં એવા હિંદુઓ, સીખો, સ્ત્રીઓ અને બાળકો પઠાણો વચ્ચે વસે છે જેઓએ પઠાણ પોશાકને પોતાનો કર્યો છે ને પુશ્તુ જ માત્ર બોલી શકે છે. પુશ્તુ પ્રત્યય 'ઝઈ'-નો પુત્ર-ને પણ તેમણે અપનાવી લીધો છે.

પઠાણ દેખાવે સશક્ત, પાતળો અને ખડતલ લાગે છે. અમારા આખા પ્રવાસમાં એક ફાંદાળો પઠાણ અમારી નજરે ચઢ્યો નથી. ચરબી ન ચઢાવે એવો ગોસાહાર ને વાયડા પદાર્થો માફકસર ખાવાના રિવાજને ફાળે એનો જશ જાય છે. એનાં શસ્ત્રો વિના એ ડગલું પણ માંડતો નથી. એનાં ઢોર ચરાવતાં કે એનાં પશુ હાંકતાં, ખેતર ખેડતાં કે મેળામાં જાહેર ઉત્સવમાં જોડામાં પણ એ તો શસ્ત્રસજ્જ રહેવાનો જ. એની રાઈફલ અથવા એની લાંબી બારે જેઝેલ (જૂની જામગરીવાળી પઠાણ બંદૂકનું નામ) જે એના ડાબે ખભે ઘણુંખરું આરામ કરતી હોય છે તે, એનાં કારતૂસનો પટ્ટો, અને એના છરા ને ખંજરો એ જાગતો હોય ત્યાં સુધી અને ઘરની બહાર, એ જરાએ વીલાં મૂકતો નથી ને સદૈવ પહેરી રાખે છે. તે આબાદ તાકણિયાં હોય છે ને ઓચિંતા હુમલા કરવામાં કે સંતાકૂકડી જેવું યુદ્ધ ખેલવામાં તો ને એક્કા હોય છે.

પઠાણો સંબંધી લખતા અંગ્રેજ લેખકો—જેઓનો મોટો ભાગ ભૂતપૂર્વ લશ્કરી અફસરોનો બનેલો હોય છે ને એટલે જેઓ એના દુશ્મનો હોય છે તેઓ—માં તો પઠાણોને હીણા ચીતરવાની એક ફૅશન જ થઈ પડી છે, "ચોટ્ટો અને નખશીખ ઠગાવગીર" એવું તેનું વર્ણન અપાયું છે. કમાન્ડર સ્ટીવન કિંગ હોલ લખે છે, "સૂનેલા માણસની ધાબળી પણ પઠાણ ચોરી જશે" પરંતુ પેલી મઝાની ચોપડી "ખૈબર કારવાન" ના લેખક અને ડેવીસનો આપણને સબળો પુરાવો છે કે આજે લશ્કરી અમલદારોને મૂંઝવતો પ્રશ્ન શહેરી તગેનો ધાબળો ચોરી જતાં પઠાણને અટકાવવાનો નથી, પરંતુ જે ખોવાય વા લશ્કરી કાયદો સજા કરે છે તેવી, ચોકી સાચવતા સંત્રીની રાઈફલ ચોરી જતાં તેને અટકાવવાનો છે. ફરજ સાચવતા એ સિપાહીની કમરે અને કાંડે સાંકળથી બંદૂક જોડી દેવામાં આવે છે તો પણ આ મૂંઝવણ હજી ટળી નથી.

સામાજિક સંબંધોમાં પઠાણ જેને 'પુખ્તોવાલી' અથવા પઠાણોની ઇજ્જતની નિયમાવલિ કહે છે તેને અનુસરે છે, ને સરહદવાસીઓ માટે એ એવી તો ફરજિયાત છે કે એનો ભંગ ભયંકર પાપ મનાય છે ને માનહાનિ અને બહિષ્કારમાં તે પરિણમે છે. એ નિયમો આ છે: (૧) દરેક ભાગેડુને એણે આશ્રયસ્થાન આપવું જોઈએ (નાનાવટાઈ), (૨) ઉદાર દિલે પરોણાગત (મેલામસ્ટીઆ)—કટ્ટા દુશ્મનની પણ કરવી, (૩) અપમાનનું અપમાનથી જ સાટું વાળવું (બદલ); આ છેલ્લો નિયમ લોહીઆળ કલહોનું જનનસ્થાન છે, અને પઠાણ જાતિનો એ મહારોગ છે. દરેક શાખા કે ટોળીના વિભાગમાં આંતર કલહો થયા જ કરતા હોય છે. દરેક કુટુંબને લોહી નીકળતા કજિયા વારસામાં મળે છે, ને દરેક વ્યક્તિને એના પોતાના અંગત શત્રુઓ હોય છે. "દરેક માણસ પોતાનાં કરેલાં ખૂનોનો હિસાબ રાખતો

હોય છે અને દરેક ટોળીને પાડોશીઓ સાથે જમે ઉધારનો ચોપડો ચૂકવવાનો હોય છે, જેમાં જીવન જીવન વડે ચૂકવાય છે.'' 'દુર્ભાગ્યે', ડેવીસ લખે છે, 'ઉન્મત્ત પઠાણને કદી યે ખબર પડતી નથી કે આ જંગલી રિવાજની અનિષ્ટ અસરને લીધે કંઈયે કુમદા કુટુંબો મરી પરવાર્યાં છે, અને આ આંતરકલહો નહિ શમે ત્યાં સુધી પ્રજા એક નહિ થાય ને શાંતિ સ્થપાશે નહિ.' આ હિંસક વેરઝેરને ખાન બાદશાહખાન ખૂબ નિંદે છે અને માને છે કે પઠાણના અંતરમાં અહિંસા જો ઊંડાં મૂળ નાખશે તો જ આ અક્કલ-હીણા કજિયાનો નાશ થશે અને પઠાણ જીવી જશે.

(પ્રજાબંધુ) —પ્યારેલાલ

એંજીન વગર

ના. શહેનશાહની સરકારે હિંદ માટે જે સમૂહતંત્ર અમલમાં લાવવાની ઈચ્છા વ્યક્ત કરી છે તેના પર હિંદમાં અને ઈંગ્લંડમાં ખૂબ ચર્ચા થઈ છે અને થઈ રહી છે. બ્રિટન કે રશિયા જેવા દેશોને બાદ કરતાં બીજા દેશોનાં રાજ્કીય બંધારણ વિષે આપણે ઓછું જાણીએ છીએ. અત્રે લઘુ ફૂંકમાં અમેરિકન સમૂહતંત્ર વિષે ખ્યાલ આપવાનો એક પ્રયત્ન છે. સમૂહતંત્રનો મુખ્ય ઉદ્દેશ અને અમેરિકન સમૂહતંત્રનો પ્રકાર ખ્યાલમાં રાખવાથી હિંદી સમૂહતંત્ર વધારે સ્પષ્ટતાથી સમજાશે. માનવાને કારણ છે કે હિંદી સમૂહતંત્રનો પ્રકાર કેવો છે તેનો સ્પષ્ટ નહિ તો અસ્પષ્ટ ખ્યાલ ઘણાને હશે એટલે એ વિષેની માહિતી અત્રે રજૂ કરવાની તસ્દી લીધી નથી.

સમૂહતંત્રનો મુખ્ય ઉદ્દેશ જુદા જુદા પ્રદેશોના હક્કો અને રાષ્ટ્રીય એકતા તેમ જ બળનો સમન્વય કરવાનો છે.[1]

અમેરિકન સમૂહતંત્રના ઘડવૈયાઓએ પ્રથમના હક્કો અને સિદ્ધાંતોનું રક્ષણ કરવા નીચેની ત્રણ બાબતો લક્ષમાં રાખી બંધારણ ઘડ્યું હતું:

(૧) દરેક જણને શહેરી તરીકે સરખા જ હક્ક.

(૨) છેલ્લી સત્તા લોકોની જ.

(૩) અમલદારો તરફથી સત્તા ઝૂંટવી લેવાના અથવા સત્તાનો દુરુપયોગ કરવાના પ્રયત્નો સામે પ્રજાને રક્ષણ.

આ હેતુઓ લક્ષમાં રાખીને એ ઘડવૈયાઓએ રાજ્યનાં ત્રણે મુખ્ય ખાતાંને એકબીજાથી સ્વતંત્ર બનાવ્યાં. ત્રણ ખાતાં તે: (૧) રાજકારોબાર કરનાર, (૨) ન્યાય સંભાળનાર અને (૩) કાયદા ઘડનાર.

એ બંધારણ ઈ. સ. ૧૭૮૧માં ઘડવામાં આવ્યું. તે વખતે અમેરિકામાં ૧૩ સ્વતંત્ર રાજ્યો હતાં એટલે તેર રાજ્યો યુ. એસ.એ.માં સમાયાં. એ જ વરસમાં એ બંધારણમાં પ્રથમ સુધારો દાખલ કરી લોકો જેની સામે વાં લે એવી કેટલીક બાબતો તેમાંથી કાઢી નાખવામાં આવી. બીજો સુધારો ૧૭૯૮માં અને ત્રીજો ૧૮૦૪માં કરવામાં આવ્યો. આ સુધારાઓ બાદ કરતાં આંતરિક વિગ્રહ પછી બીજા તેર સુધારાઓ કરવામાં આવ્યા, એ ઉપરાંત વળી ચૌદમો સુધારો દાખલ થયો. તે અગત્યનો ગણાય છે કારણ કે પહેલી જ વાર એ સુધારાથી હબશીઓને શહેરી તરીકેના હક્ક મળ્યા. ત્યાર બાદ ૧૯૧૧ ને '૨૦ની વચ્ચે બીજા ચાર સુધારાઓ થયા. એમાં ત્રણ અગત્યના છે. એકથી કૉંગ્રેસમાં સેનેટરો મોકલવાનો હક્ક પ્રાંતોની ધારાસભાઓને બદલે પ્રાંતોના લોકોને મળ્યો. બીજાથી સ્ત્રીઓને મતાધિકાર મળ્યો. ત્રીજાથી દરેક પ્રકારના દારૂનાં ઉત્પન્ન અને વેચાણ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો.[1]

હવે એ બંધારણનાં મુખ્ય અંગો નીચે પ્રમાણે છે:

(ક) પ્રેસિડેન્ટ: કારોબારીનો વડો; હોદ્દાની મુદત ચાર વરસની; એને ચૂંટી કાઢનાર લોકોને બધા પ્રાંતોના લોકો ખાસ ચૂંટી કાઢે છે.

(ખ) મધ્યસ્થ ધારામંડળ જેને કૉંગ્રેસ કહેવામાં આવે છે અને જે બે ભાગમાં વહેંચાએલું છે: (૧) પ્રતિનિધિસભા અને (૨) સેનેટ. પ્રતિનિધિ સભાના સભ્યોને સરખી જ વસતીવાળા વિસ્તારોના લોકો સીધા જ ચૂંટી કાઢે છે. દર વર્ષે વસતીગણત્રી કરીને વસતીના વધારાના પ્રમાણમાં એ સભ્યોની સંખ્યા વધારવામાં આવે છે. હાલમાં એ સભામાં લગભગ ૪૫૦ સભ્યો બેસે છે. ૧૮૬૦ના સુધારાથી દરેક વર્ગના શહેરીને સરખો જ મતાધિકાર આપવાની યોજના થઈ હતી, પણ દક્ષિણના પ્રાંતોમાં એ સુધારાનો અમલ બરાબર થતો નથી. એક અગર બીજાં બહાનાં હેઠળ હબશીઓને એ અધિકારથી વિમુખ રાખવામાં આવે છે. હવે સેનેટમાં નાનો કે મોટો વિસ્તાર ધરાવાર દરેક પ્રાંતને બે પ્રતિનિધિ મોકલવાનો હક્ક છે. સેનેટરની મુદત છ વરસની છે. તેને પગાર મળે છે. હાલ લગભગ દર વર્ષે ૧૫૦૦ પૌંડ મળે છે જે રકમ યુરોપની એવી કોઈ પણ સભાના સભ્યને મળતી રકમ કરતાં મોટી છે.

(ગ) કારોબારીમંડળ: જુદાં જુદાં ખાતાંઓના વડાઓનું એ બનેલું હોય છે. ઉપરાંત પ્રેસિડેન્ટે નીમેલા અમલદારોની મોટી સંખ્યા એમાં હોય છે. એ અમલદારો પ્રેસિડેન્ટને જવાબદાર હોય છે અને પ્રેસિડેન્ટ અને પાર્ટીના બદલાવા સાથે બદલાઈ જાય છે.

(ઘ) ન્યાયખાતું: આખા દેશમાં નાની અદાલતો સ્થાપવામાં આવેલી છે. તેઓ ઉપર એક સુપ્રીમ કોર્ટ છે.

[1] A. V. Dicey: Law of the Constitution: P.139

[1] દારૂબંધીમાં અમેરિકન સરકારને નિષ્ફળતા મળી હતી એ વાત આગળ કરીને આપણે ત્યાં પણ એ નિષ્ફળ જશે એમ કહી અપશુકન કરવાનું ઘણા ચૂકયા નથી.

તેમાં ન્યાયાધીશોને પ્રેસિડેન્ટ સેનેટની સંમતિથી આજીવન–મુદત સુધી નીમે છે. એ ન્યાયાધીશોને રાજદ્રોહ, ગેરવર્તણૂંક, અવ્યવસ્થિત કારભાર અથવા બીજા કોઈ ગંભીર ગુનાને આધારે ખસેડી શકાય છે. ઉપલાં કારણોસર આજ સુધીમાં ઘણા ન્યાયાધીશોને હોદ્દા પરથી ખસીજવુંપડયુંછે.

પ્રાંતોનું અંગત બંધારણ લગભગ ઉપરના પ્રકારનું જ છે. બે કે ચાર વરસની મુદત માટે દરેક પ્રાંતના લોકો પોતાના પ્રાંત માટેનો ગવર્નર સીધો જ ચૂંટી કાઢે છે. તે કારોબારીનો વડો ગણાય છે. કારોબારીમાં બે પ્રકારના અમલદારો હોય છે: (૧) લોકોએ સીધા જ ચૂંટી કાઢેલા અને (૨) ગવર્નરે નીમેલા. બંને વર્ગનાને પાર્ટીમાંથી જ લેવામાં આવે છે. દરેક પ્રાંતના ધારાસંડળના બે ભાગ હોય છે. બંનેના સભ્યોની ચૂંટણી સામાન્ય મતાધિકારથી થાય છે. ગણ્યા પ્રાંતો બાદ કરતાં બીજા પ્રાંતોમાં ન્યાયાધીશોને લોકો ઘણી ટૂંકી મુદત માટે ચૂંટવામાં આવે છે. છેવટની સત્તા લોકોના જ હાથમાં રહે એ સિદ્ધાંત ઉપર કારોબારી ને ન્યાયખાતું રચાય એવી યોજના રાખવામાં આવી છે. એટલે કે અમલદારો અને ન્યાયાધીશોને એમ જ ભાન રહે કે તેઓ સીધા લોકોને જ જવાબદાર છે અને લોકોની મરજીને આધારે જ તે અંદર રહી શકે અથવા બહાર જઈ શકે.

આ એક સ્વતંત્ર, પ્રગતિકારક અને ધનાઢ્ય દેશનું સમૂહતંત્ર. એનાથી પણ ત્યાંના લોકોને સંતોષ નથી! પુષ્કળ સુધારાઓ પછી પણ મિ. સ્ટીમસન ને મિ. કૉર્ડેલ હલ જેવા અમેરિકન રાજનીતિજ્ઞોને અમેરિકન બંધારણમાં કેટલીક બ્રિટિશ પદ્ધતિઓ અનુસરવાનું આવશ્યક લાગે છે!

આ એક ઍંજિનવાળી ગાડીની વાત થઈ. પણ આપણે માટે તો વગર ઍંજિનની ગાડી આવવાની છે. સમૂહતંત્રનો મુખ્ય ઉદ્દેશ, અમેરિકન સમૂહતંત્રની માહિતી અને હિંદી સમૂહતંત્રની રચના એ ત્રણે ધ્યાનમાં લેવાથી નીચેના અભિપ્રાયમાં કેટલું સત્ય છે એ તમને સમજાશે.

‘આપણે માટે તો સાંકળો અને બેડીઓ, અને આગળા અને તાળાંથી આપણી હીલચાલને ઈરાદાપૂર્વક રોકી રાખવામાં આવી છે. એકો (ચાંપો)વાળી પણ ઍંજિન વિનાની ગાડી આપણને સોંપવામાં આવી છે. એ બંધારણ એવા લોકોએ ઘડયું છે કે જેમણે લશ્કરી કાયદાને સદા પાયા રૂપે નજરમાં રાખ્યો છે.’[૧] —અમ્બેલાલ નાયક

ગરીબની કસ્તુરી ડુંગળી

અંગ્રેજીમાં એક એવી મતલબની કહેવત છે કે ‘રોજ ખાય કાંદો તે કદી ન પડે માંદો!’ આ કહેવત વહેમમાંથી નથી જન્મી, પણ અનુભવ અને વૈદકીય શોધખોળના આધારે કથવામાં આવી છે.

૬૦૦૦ વર્ષ પૂર્વે ઇજીપ્તના લોકો તૃષા છીપાવવાનો ઉપાય ડુંગળીને માનતા હતા અને હીરોડોટસ કહે છે કે પેલી વિશાળ પીરામીડ બાંધવાને માટે રોકાએલા કામદારોને ડુંગળી અને લસણ પૂરૂં પાડવા ૧૬૦૦ ટેલન્ટ (૪,૨૮,૮૦૦ પાઉન્ડ)નો ખર્ચ થયો હતો! ને પ્રો. ઇલીયટ સ્મીથ, જેણે ઈજીપ્તની પીરામીડો અંગે ઘણી શોધખોળ કરી છે તેણે ત્યાંના શબોના પેટમાં, આંખના ખાંગણામાં તથા કાનના પડદા સામે ભરી રાખેલી ડુંગળી જોઈ હતી!

ડુંગળીની ૧૬૬ કરતાં વધુ જુદી જુદી જાત થાય છે. આધુનિક રસાયણીઓ કહે છે કે, દરેક જાતની ડુંગળીમાં ઓછેવત્તે ભાગે જલદીથી ઊડી જાય તેવું ગંધક મિશ્રિત તેલ, અમુક જાતની ચિકાશ, ઈંડાની સફેદી, ફોસફોરીક ઍસિડ, છુટો અને મિશ્ર ચૂનો તથા પુષ્કળ લોહ ભરેલાં છે. ઘણીક સ્ત્રીઓ ડુંગળી પરનાં છોડાં કાઢી નાખી તેને ગરમ પાણીમાં આંખો બળે નહિ તે માટે નાખી દે છે. પણ તેમ કરવાથી તેમાંનું અગત્યનું ઍક્રીડ ઑઈલ જે ફક્ત કાચી ડુંગળીમાંથી જ છૂટે છે તેનો નાશ થાય છે. પૂર્વના દેશોમાં વૈદો પણ ભયંકર તાવમાં, ઉદર રોગમાં ડુંગળીનાંના ઍક્રીડ ઑઇલને દવા તરીકે વાપરે છે. એક ડૉકટર ડૉસ્કોરાઇડસ કાનના દુખાવામાં ડુંગળીનો રસ આપતો હતો. હિંદુસ્તાનમાં પણ એ રોગ પર એ જ રસ રેડવામાં આવે છે.

કોઇ ઝેરી માખી કે વીંછીના ડંખ પર ડુંગળીનો રસ ચોપડતાં વેદના ઓછી થાય છે, પણ ઘણા માણસો એ નહિ જાણતા હોય કે કાપેલી ડુંગળીની ગંધ સામે સર્પ જેવાં પેટે ચાલતાં પ્રાણીઓ પણ ઊભાં રહી શકતાં નથી. આફ્રિકાના મૂળ વતનીઓ આ કારણને લીધે જ ખોરાકની ચીજો આગળ કાપેલી ડુંગળીના કટકા મૂકી રાખે છે.

અરબસ્તાનમાં મધ્યકાળ દરમિયાન ડુંગળીનો ઘણો ભાવ પૂછાતો. ઈઝરાયલી નામનો પ્રખ્યાત ડૉક્ટર ડુંગળીનો ખૂબ ઉપયોગ કરતો અને તેણે અનેક કેસોમાં મેળવેલી ફત્તેહથી તેની ખ્યાતિ ખૂબ વધી હતી. એણે જ પહેલીવાર ડુંગળી કચરીને રસના સીસા ભર્યાં અને જેમ અત્યારે હીસ્ટીરિયાના દર્દમાં અમુક જાતનું મીઠું સુંઘાડવામાં આવે છે તેમ ત્યારે પણ એ રસનો એ દરદમાં ઉપયોગ થતો. અરબી સ્ત્રીઓ જથ્થાબંધ ડુંગળી સંઘરી રાખતી અને તેમની ચામડી ‘પૅશન ફ્લાવર’–લાગણી ઉત્તેજક ફૂલની પાંખડીના કરતાં ય વધારે સુંદર અને સુંવાળી રહેતી એમ કહેવાય છે.

કાપેલી ડુંગળીના જેવું એક પણ શાકભાજી નથી કે જે ઘણું જલદી બગડી જાય; તે જ કારણે ડુંગળીના કટકા ચારેક કલાક પછી આહારને યોગ્ય રહેતા નથી. કેમકે એ સમય સુધીમાં તેના પર જંતુ બાઝી જાય છે. જો આ કટકા તુરતમાં ખાઇ ન શકાય કે રાંધી ન શકાય તો તે ફેંકી દેવા કે બાળી નાખવા. માંદા માણસના ખંડમાં છોડાં

---

[૧] પં. જ. નેહરુની આત્મકથા, પા. ૬૨૮.

ઉતારેલી ડુંગળી એક રકાબીમાં મૂકી રાખવાથી ગંદકી વાસ મારતી નથી. હવા ચોકખી બનાવી ચેપને ફેલાતો તે અટકાવે છે. હિન્દુસ્તાનમાં મુખ્યત્વે ગ્રામપ્રજા કૉલેરા અને પ્લેગ જેવા ચેપી રોગોમાં ડુંગળીના હારડા પહેરી રાખે છે, જેની અસર ઘણી જ અસરકારક હોય છે.

હજુ ડુંગળી વિષે સંપૂર્ણ તપાસ નથી થઇ. વૈદક ધંધાને તેનો ઘણો ખપ પડે છે. સને ૧૮૩૫માં એક યુરોપિયન ડૉક્ટરે હિંદમાં ડુંગળીનો ઘણા મોટા રોગોમાં થતો ઉપયોગ વાંચીને ઉદરરોગ પર તેનો અખતરો કર્યો. આવા રોગીને ડુંગળી અને દૂધનો જ ખોરાક આપવામાં આવ્યા જેથી તેને ઘણો જ ફાયદો થયો. ૧૮૯૯માં એક બીજા યુરોપિયન દાક્તરે ગુર્દાના રોગીઓને દૂધમાં ઉકાળેલી ડુંગળી આપી. તેથી તે રોગ મટી ગયો. તેની ફતેહ એટલી બધી હતી કે તે રોગીઓનાં ટોળેટોળાં તેના દવાખાને ઉમટતાં. એ જ પ્રમાણે ૧૯૧૦માં ડૉ. મગોરે લાંબા કાળજાના અને ઉદરના રોગથી પીડાતા એક દરદીને ત્રણ દિવસ ડુંગળી ખવડાવી તદ્દન સાજો કર્યો. એવા ઘણા દાખલા મોજુદ છે કે ખાસ કરીને ઉદરરોગ ડુંગળી ખાવાથી મટી ગયા છે. દિવસની ૧૫-૨૦ ડુંગળી ખવડાવવી જોઈએ.

યુરોપના મહાન વિગ્રહ દરમ્યાન રોગિષ્ટ સૈનિકોને ડુંગળી જ આપવામાં આવતી અને તેને લઇને ઘણા રોગથી મુક્ત થઈ ગયા હતા.

થોડા વખત પછી ઈટલીના ઇ. કુબોની અને સી. મોરીઓન્ડી નામના બે દાક્તરોએ એવી શોધ કરી કે, ડુંગળી પર જંતુ રહી શકતાં નથી; જો કે તેઓ તેનાથી આકર્ષાય છે એ ખરેખર વિચિત્ર છે. ટેબલ પર ડુંગળીના કટકા મૂકો તો તુરત દેખાશે કે જંતુઓ તેનાથી ખેંચાય છે, પણ તુરત મરી જાય છે. ડુંગળી તેઓને મારી નાખે છે. આ બે દાક્તરોએ ગાયોનાં હુક્કરોનાં શરીરમાં ક્ષયરોગના જંતુ દાખલ કર્યાં. અને જ્યારે રોગ ખૂબ વધ્યો ત્યારે તેમને ત્રણ ત્રણ દિવસે ડુંગળીના રસનું એક ઇન્જેક્શન આપ્યું. આની અસર તાત્કાલિક થઇ. રોગ નાબૂદ થવા લાગ્યો અને છેવટે હુક્કરો તદ્દન સારાં થયાં.

ડુંગળીમાં દરેક જાતનાં આશ્ચર્યજનક તત્ત્વો રહેલાં છે એમ કહેવામાં આવે છે. કેટલાક કહે છે કે કાચી ડુંગળી નિદ્રાજનક છે; બીજા કેટલાક કહે છે કે ડુંગળીનો તાજો રસ લૂ લાગવા પર ઘણો અસરકારક છે. અને દરદ પર રસ ઘસવાથી વધારે અસર થાય છે તથા લાહ્યને શાંત પાડે છે. આવા ગુણોને લીધે જ એ સસ્તી વનસ્પતિ 'ગરીબની કસ્તુરી' લેખાય છે. (દાંડીઓ)

ફિન્લૅન્ડ

યુરોપ ખંડના છેક ઉત્તર છેડે બાલ્ટિક સમુદ્રથી તે ધ્રુવપ્રદેશ સુધી પથરાએલા ફિન્લૅન્ડ દેશનો પરિચય અગાઉ 'કુમાર'માં આવી ગયો (જુઓ અંક ૧૮૧). એની પૂર્વમાં રશિયા પથરાએલો છે, પશ્ચિમે બોથ્નીઅન સમુદ્રની પેલે પાર સ્વીડન અને નૉર્વે આવેલાં છે, અને યુરોપનો એ સાતમા નંબરનો મોટો દેશ છે.

આજે એ દેશ સ્વતંત્ર છે. આજથી લગભગ બાવીસ વર્ષ પહેલાં જનરલ મૅનરહાઈમ પોતાના 'વ્હાઈટ ગાર્ડસ' સાથે તેની રાજધાનીમાં દાખલ થયો ને સાડી સાત સદીઓ પછી પહેલી જ વાર ફિન્લૅન્ડની સ્વતંત્રતા જાહેર કરી. ઈ. ૧૧૫૪માં સ્વીડને તેને પરતંત્ર બનાવ્યું અને તેના હાથમાંથી ઈ. ૧૮૦૯માં રશિયાએ ઝૂંટવી લઈ પોતાનું 'big bad wolf'નું નામ સાર્થક કર્યું ત્યારબાદ ઠેઠ ૧૯૧૭ના ડીસેંબરમાં એણે પોતાનું ખરેખરૂં સ્વાતંત્ર્ય હાંસલ કર્યું ને ૧૯૨૦માં એસ્ટોનિયાના તાર્તુ મુકામે એનું સ્વાતંત્ર્ય માન્ય રાખવામાં આવ્યું.

સ્વાતંત્ર્યની લડત તો ફિન્લૅન્ડે ઠેઠ ૧૭૪૦થી શરૂ કરેલી. એ પછીની સદીના આરંભમાં ઇલિયાસ લૉનરૉટે તેનું રાષ્ટ્રીય મહાકાવ્ય 'કાલેવાલા' લખ્યું ને ૧૮૫૮મા ફિન્નિશ ભાષાની પહેલવહેલી શાળા ખોલવામાં આવી. અને સ્વતંત્ર થયા પછી આ થોડાં જ વર્ષમાં એણે જે પ્રગતિ સાધી છે તે યુરોપમાં આશ્ચર્યજનક જ લેખાય છે.

એ ખેતીપ્રધાન, ખેડૂતોનો જ દેશ છે એમ કહી શકાય. ઈ. ૧૯૧૦માં ૧,૨૫,૧૬૨ સ્વતંત્ર ખેડૂતો (freehold farmers) ત્યાં હતા એ સંખ્યા આજે ૩ લાખ પર પહોંચી ગઈ છે. આજે પોતાની ખોરાકી માટે એને પહેલાં જેમ રશિયા પર નભવું પડતું નથી. ઘઉં, જવ, ઓટ, રાઈ વગેરેનો ભરચક પાક ત્યાં હવે ઊતરે છે. એવી જ રીતે એનાં જબરાં જંગલોનો ઔદ્યોગિક ઉપયોગ વધ્યો છે, ઢોરઉછેરમાં પ્રગતિ થઈ છે ને વાહનવ્યવહાર પણ વિકસ્યો છે; આજથી પંદર વર્ષ પર જ્યાં ૧૫૪ બસ હતી ત્યાં આજે એ સંખ્યા ૧૩ હજાર પર પહોંચી છે.

એવી જ રીતે સિવિલ સર્વિસ, સંરક્ષણ, શિક્ષણ ને વૈદકીય ખાતાંઓનું સમજી લેવું. પાંચ વરસમાં બેકારોની સંખ્યા ૬૦ હજાર જેટલી ઘટી ગઈ છે ને રેલવે, હવાઈ માર્ગો તથા મોટરી રસ્તાઓના વિકાસ સાથે એનું રાષ્ટ્રીય ઋણ પણ ઘટતું ગયું છે.

તક

ગ્રીસના એક પુરાણા નગરમાં એક પ્રતિમા ઊભી કરવામાં આવેલી. આજે તો એ પ્રતિમા નામશેષ બની ગઈ છે પણ એ ઘડનારની સુનંદી હથોટી જેવું જ સુનંદું લખાણ હજુ તેના પર કાયમ રહ્યું છે. કોઈ વટેમાર્ગુ અને એ પ્રતિમાના સંભાષણના રૂપમાં આ મુજબ એ લખાણ છે:

'ઓ, પ્રતિમા! તારૂં નામ શું છે?'

'ઓ, વટેમાર્ગુ! મારૂં નામ તક છે.'

'કોને હાથે તારું સર્જન થયું, પ્રતિમા ?'

'લીસિપસ નામના શિલ્પીને હાથે મારું સર્જન થયું.'

'તું પગના અંગૂઠા પર કેમ ઊભી રહી છે.'

'હું માત્ર પળવાર જ થોભી શકું છું એ બતાવવા માટે.'

'અને તારે પગે પાંખો શા માટે છે?'

'મારી ત્વરા સૂચવવા માટે.'

'પણ તારા વાળ બધા કપાળ પર કેમ વિખરાએલા છે?'

'મારો ભેટો થતાં જ માણસ મને પકડી શકે, પાછળથી નહિ તે સૂચવવા સારુ.'

કિલ્લેબંદીને બદલે બોસ્તાન

કોઈ પણ જાતની કિલ્લેબંદી વિનાની લાંબામાં લાંબી કોઈ સરહદ હોય તો અમેરિકાના યુનાઇટેડ સ્ટેટ્સ અને કૅનેડા વચ્ચેની. આવી એખલાસભરી મૈત્રિ જાળવવા માટે બંને દેશો મગરૂબ છે. એક પછી એક એમ અનેક સરહદો રક્તરંજિત બનવા છતાં ઉત્તર અમેરિકાના આ બે દેશોએ આજે ત્રીસ વરસથી પોતાની સરહદ પર નાનામોટા બગીચા રચી અવનવા ફૂલોના રંગે ને સુગંધે એને રંગી નાખી છે. ૩૦૦૦ નાનાં નાનાં સરોવરો સાથે હજારો માઈલ વિસ્તીર્ણ આ બોસ્તાન એકબીજાથી દૂર હડસેલવાને બદલે બંને દેશોને વધુ ને વધુ નિકટ આણતું જાય છે. એ બંને દેશોનું હાર્દ ત્યાં ઊભા કરવામાં આવેલા આ શિલાલેખમાં ટંકાએલું માલૂમ પડે છે:

'To God in His glory
We two nations do pledge ourselves
That as long as men shall live
We will not take up arms against one another.'

બંને દેશોના પચાસ હજાર જેટલા વતનીઓની દુવા સાથે ટંકાએલા આ શબ્દો સાર્થક નીવડો એમ આપણે પણ ઈચ્છીએ.

કૃત્રિમ આંખો

કાચની કૃત્રિમ આંખો આજકાલ એવી તો આબેહૂબ બનાવવામાં આવે છે કે તેને સાચી આંખથી જુદી પારખવી મુશ્કેલ થઇ પડ્યું છે. આજથી એક સો વર્ષ પહેલાં એક જર્મને આંખના ડોળાને મળતા દૂધીઆ કાચની બનાવટ શોધી કાઢી અને આજ સુધી એ આખી પ્રક્રિયા માત્ર એ શોધકનું કુટુંબ જ જાણે છે. જર્મનીમાં એ કૃત્રિમ આંખોની બનાવટ માટે જ એક જંગી કારખાનું ચાલે છે. પહેલાં તો દૂધીઆ કાચની એક પાતળી નળીનો એક છેડો ઓગાળી તેને ફૂલાવીને આંખનો આકાર આપવામાં આવે છે. ત્યાર પછી કાચની સળીઓ વડે તેમાં આંખને મળતા રંગો પૂરી, છેવટે 'ક્રિસ્ટલ ફિનિશ' દ્વારા સાચી આંખ જેટલો જ ચળકાટ તેને આપવામાં આવે છે.

નવી કેડીઓ

ફોટોગ્રાફીની કળાની શરૂઆતમાં જે જાતના શૉખ અસાધારણ લાગતા તે આજ સર્વસામાન્ય થઈ ગયો છે. એવું જ અત્યારે ગ્રામોફોન રેકર્ડીંગ તથા સીનેમેટોગ્રાફી માટે કહી શકાય. જેમ ગામેગામ ફરતા ફોટોગ્રાફરોને પહેલાં સારું બીઝનેસ મળતું એ જ પ્રમાણે ગામેગામ ફરી રેકર્ડીંગ કરનારાઓ તથા બેબીફિલ્મ લેનારાઓ ધારે તો એક વર્ગમાંથી સારું કામ મેળવી શકે તેમ છે. એવા ઘણા માણસો મળી આવે જેઓને પોતાની રેકર્ડ તથા ફિલ્મોનો શોખ ભલે ન હોય પણ પોતાનાં માતા, પિતા, બાળકો, સ્ત્રી વગેરેની રેકર્ડો કે ફિલ્મો લેવરાવવા ઈચ્છતાં હોય. જો કે આ બધા કામમાં રીહર્સલ માટે અવકાશ નથી હોતો, અને બીજી પણ કેટલીક મુશ્કેલીઓ નડે. પણ વૃદ્ધ લોકોની રેકર્ડો કે ફિલ્મો લેવરાવનારા ઘણા પિતૃપરાયણ પુત્રો મળી શકે તેમ છે. આવા લોકોએ પોતાનાં માતાપિતાની દૈનિક કોઇ સાદી ક્રિયાની ફિલ્મ લેવરાવી હોય તે જોવા તેઓની પાસે પ્રોજેક્ટ ન હોય ને તે જોવાનો વિચાર થાય ત્યારે કોઇનું માગીને કે ભાડે પણ લઈ આવે, અને એ રીતે ગત વૃદ્ધોનાં ફરીથી દર્શન કરવાની પોતાની ઇચ્છા તૃપ્ત કરે. નવજુવાનો માટે આ બે ઉઘડતી લાઇનો છે. —દેવકૃષ્ણ પીતાંબર જોશી

વિકસતું વિજ્ઞાન

નકામા જતા લાકડાના વ્હેર માટે અમેરિકાના ખેતીવાડી ખાતાની પ્રયોગશાળાના વિજ્ઞાનીઓએ નવો ઈલાજ શોધી કાઢ્યો છે. વ્હેરની અંદર તેટલા જ વજનનું પાણી ઉમેરી કુલ વજનના ૨૦ ટકા એનીલાઈન ઉમેરી સઘળાને ધાતુના એક મોટા વાસણમાં મૂકી દર ચોરસઈંચે ૧૬૦ રતલનું વરાળનું દબાણ દેવામાં આવે છે. ત્રણ કલાકના દબાણ પછી એને ધોઈ નાખતાં અંદરનું એનીલાઈન તથા બીજા દ્રાવ્ય પદાર્થો ગળી જઈ, સરસ પ્લાસ્ટિક તૈયાર થાય છે, જેને ગમે તે ઘાટમાં ફેરવી શકાય છે; અને એનું ખરચ જુઓ તો એક રતલે માત્ર ૧ પેની.


બ્રિટનમાં શિક્ષણ પામેલા રશિયન વિજ્ઞાની પ્રો. પીટર કાપિટ્ઝાએ હવાને પ્રવાહી બનાવવાનું બહુ નાજુક યંત્ર શોધી કાઢ્યું છે. આ નવું રોટરી ટર્બાઈન માત્ર ૮.૮૧ ઔંસ વજનનું ને કદમાં દીવાસળીના ખોખા જેવડું છે, પણ કલાકે ૩૦ કિલોગ્રામ હવાને દ્રવરૂપમાં ફેરવે છે. આ શોધ માટે મોસ્કોની એકેડેમીએ પ્રો. કાપિટ્ઝાને ૧૦૦૦ પૌંડનું ઈનામ આપ્યું છે.

લંડનના ખૂબ પ્રકાશિત દીવા અને ખૂબ ભારે રજકણોને કારણે ગ્રીનિચની શાહી વેધશાળાને ૨૬૪ વરસ પછી ત્યાંથી ખસેડવાનું નક્કી થયું છે. ત્યાંની સરકારે પણ એ દરખાસ્ત સ્વીકારી લીધી છે. જો કે તેની ફેરબદલી માટેનો નવો મુકામ હજુ નક્કી થયો નથી.

ફોટોગ્રાફી

હરીફાઈનું પરિણામ

પહેલું ઈનામ: મોકૂફ; બીજું ઈનામ: જૈન દેરાસરો. ગિરનાર—હાસમ સુતાર (નડિયાદ); ત્રીજું ઈનામ—'અદકું નાચે રે'—નરેન્દ્ર એસ. અધ્વર્યુ (અમદાવાદ); ઉત્તેજના: 'કાર્યમગ્ન'—રમણિકલાલ શાહ (કચ્છ-માંડવી); નોંધપાત્ર: ડી.ડી.બારોટ (વડોદરા); એન.જી.શાહ (મુંબાઇ); એન.એસ. અધ્વર્યુ (અમદાવાદ); ચન્દ્રકાન્ત કે. પંડ્યા (અમદાવાદ).



આપણે ત્યાં લેવાતાં ઐતિહાસિક સ્થળો કે મકાનોનાં ચિત્રો તમે જોશો તો જણાશે કે સામાન્યરીતે તે અમુક પ્રચલિત ચીલે જ લેવાએલાં હોય છે. તેનાં બે કારણ છે. એક તો એ કે પાડનારમાં વસ્તુને ચારે બાજુથી નિહાળી ઉત્તમ દૃષ્ટિબિંદુ શોધવાનું જ્ઞાન કે ધીરજ હોતી નથી. કૅમેરા સાથે મુસાફરીએ નીકળનાર, નિર્ણીત સ્થાન નજીક પહોંચતાં વેંત તેને જોઈ 'ઓહો ! બહુ સરસ છે' એમ બોલતાં લાગલી જ ચાંપ દાબે છે. માર્ગથી આડા ઊતરી, ને મકાનને પાછળથી, બાજુએથી કે કોઇ અનન્ય ખૂણેથી લેવાનો કોઇ પ્રયાસ કરતું નથી. પરિણામે એક જ બીબાની છાપ જેવાં ચિત્રો બહાર પડે છે, અને લેનાર, ચિત્રો લીધાનો અલ્પ સંતોષ માણી લે છે. વળી મોટો ભાગ મકાન કે દૃશ્યને તદ્દન સામેથી (આ સાથેનાં ચિત્ર નં. ૧ અને ૨માં બતાવ્યા પ્રમાણે) ઝડપે છે. પરંતુ તે બરાબર નથી. લાંબાં મકાનો, પુલો અને દરવાજા, સીધાં લેવાથી આકર્ષક લાગતાં નથી, કારણકે ચિત્રમાંની લીટીઓ ચિત્રની ધારોધાર સમાન્તરે જ દોડતી હોય છે. આવા વિષયો લેવાની સાચી રીત આ સાથેનાં ચિત્ર નં. ૩ અને ૪માં બતાવી છે. દૃષ્ટિકોણથી પડતો ફેર ચિત્ર નં. ૧ અને ૩ તથા ૨ અને ૪માં નિહાળો.

ઉપર કહ્યું તેમ ભાઈ હાસમ સુતારે ગિરનારનાં દહેરા પછવાડેથી લીધાં છે. નવીન દૃષ્ટિકોણથી ને સીધા પ્રકાશની સામેથી લીધેલું આ ચિત્ર એથી જ આકર્ષક લાગે છે. 'અદકું નાચે રે'માં ચિત્રસંયોજનાના નિયમોનું ઉલ્લંઘન જણાય છે, તે અપવાદ રૂપ પણ ગુણયુક્ત છે. ખેડાએલા ખેતરમાં ચાસ અને ખેતરોની આડીઊભી રેખાઓ ડિઝાઈન ઉપજાવે છે. તેમાં વાતાવરણની જમાવટ પણ છે. ભાઈ શાહનો પ્રિન્ટ નબળો છે, પરંતુ કોઇ સુભગ પળે ચાંપ દબાઇ ગઈ હોવાથી પાત્રની ક્રિયા દર્શાવતું સુંદર ચિત્ર નીપજી આવ્યું છે. બૅકગ્રાઉન્ડ બરાબર નથી.

બલવન્ત ભટ્ટ

ફોટોગ્રાફી હરીફાઇમાં ભાગ લેનારા ઘણા ભાઇઓ તરફથી પોતાનાં ચિત્રોનાં પરિણામ માટે વારંવાર અકાળે માગણીઓ આવ્યા જ કરે છે. તેમનું તથા બીજા નવા ભાગ લેનારાઓનું નીચેના નિયમો તરફ ધ્યાન ખેંચીએ છીએ: (૧) પ્રત્યેક માસની પંદરમી તારીખ સુધીમાં આવતા ફોટોગ્રાફોનું પરિણામ તે પછીના માસની પંદરમી તારીખે બહાર પડતા અંકમાં પ્રકટ થાય છે; માટે ત્યાં સુધી તો સૌએ ધીરજપૂર્વક રાહ જોવી જ જોઇએ, અને ત્યાર પછી જ પોતાના ફોટોગ્રાફની ઉઘરાણી કરવી જોઇએ. (૨) ફોટોગ્રાફો પાછા મોકલવા માટે છુટી ટિકિટ નહિ, પણ ટિકિટ ચોડેલું સરનામાવાળું કવર મોકલવું જોઇએ. અને ખાસ વધેલા કદની જરૂર હોય તેમાં તે માટે બીજું પોસ્ટેજ બીડવું જોઇએ. —તંત્રી

ચાતકનો શાપ

• શિખરિણી •

મને તેં આપ્યું ના જલકણ બહુ યાચ્યું પણ; તો
હવે આઘાં આઘાં જલદ, દલ તારાં બટકજો.
ઘણી લાંબી ઊંચી નભપગથીઓની પર ચડી
જજો વાની સાથે અતિવિકટ હેમાદ્રિશિર, ને
ટકે ના બિન્દુ યે જલતણું જ્યહિં ત્યાં વરસજો.

ઊર્મિલા દવે

[જે જે વાદળાંને દેખે તેને તેને જળકણ માટે યાચવાની ચાતકની વૃત્તિ કવિસમયસિદ્ધ છે પણ અમુક વાદળાં, ચાતકની હજારો વીનવણી છતાં એને જળનું ટીપું પણ આપતાં નથી. હવામાનવિદ્યાની (meteorologyની) દૃષ્ટિએ આવાં વાદળાં ઘણાં ઊંચાં હોય છે તેથી તે મેદાનો પર અથવા સાધારણ ઊંચાઈવાળી ભૂમિપર વરસી શકતાં નથી. આવાં વાદળાંને ચાતક, હૈયાના સંતાપથી શાપ આપે છે કે તમે મને જળનું એક ટીપું પણ નથી આપતાં તો તમારૂં જળ ક્યાંય પણ ઉપયોગમાં ન આવજો. આવા કલ્પનાતરંગમાં આ કાવ્યનો જન્મ છે]



મંગલ કલશ
ચિત્રકાર - રસિકલાલ પરીખ









ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ

ઉપર: ડાબી બાજુ, 'જૈન દેરાસરો'–ભાઈ હાસમ સુતાર (નડિયાદ), બીજું ઇનામ; જમણી બાજુ, 'અદ્દલું જાજે રે'–ભાઈ નરેન્દ્ર એસ. અધ્વર્યુ (અમદાવાદ), ત્રીજું ઈનામ; નીચે: ડાબી બાજુ, 'ધુવાંધાર ધોધ'–ભાઇ એન. જી. શાહ (મુંબાઇ), નોંધપાત્ર; જમણી બાજુ, 'કાર્યમગ્ન'–ભાઈ રમણિકલાલ શાહ (કચ્છ-માંડવી), ઉત્તેજના.



પ્રલય-નૃત્ય

ચિત્રકાર · કનુ દેસાઈ



પોલાંડની ટિકિટો પર તેનાં ઐતિહાસિક અને સાંસ્કૃતિક ચિહ્નો

નાઝી આક્રમણ સામે આજે પરાસ્ત થએલા પોલાંડને પોતાની સ્વતંત્રતા માટે સૈકાઓથી લડ્યા જ કરવું પડ્યું છે. ગયા મહાયુદ્ધ પછી સ્વતંત્ર થયા બાદ તેણે પોતાના એ સ્વાતંત્ર્યમથન અને સંસ્કૃતિનાં લાક્ષણિક પ્રતિકોને પોતાના દેશની ટિકિટો ઉપર સ્થાન આપેલું તેની આ ઉપરની આખી હારમાળા તેના ઇતિહાસને આપણી નજર આગળ સજીવ કરી જતી લાગે છે

પહેલી હાર: (૧) ગડીનિયા મૉલ સ્ટેશન; (૨) ગડીનિયા બંદરમાં 'પિલસુદ્સ્કી' સ્ટીમર; (૩) પોલાંડની પ્રાચીન રાજધાની ક્રેકોવમાં વાવેલનો દરબારગઢ; (૪) ટાટ્રા પર્વતમાં 'સાગરનયન' નામે સરોવર; (૫) Dogs Rock. બીજી હાર: (૧) શૅસ્ટોકોવામાં ચારના ગોરાનું દેવળ-યાત્રાનું સ્થળ; (૨) વાર્ષિક ઔદ્યોગિક મેળા માટે જાણીતા પોઝનાન શહેરમાં રાસઝીન્સ્કી પુસ્તકાલય; (૩) ક્રેકોવનો જૂનો કિલ્લો; (૪-૫) જૂના મધ્યયુગીન કિલ્લાઓ. ત્રીજી હાર: (૧) ટોરૂન (ખગોળવેત્તા કોપર્નિકસનું જન્મસ્થાન)નો ટાઉનહૉલ; (૨) વિલ્નોનું દેવળ; (૩) રાષ્ટ્રનું પ્રતીક; (૪) વૉરસૉનો બેલ્વેડીઅર રાજ્યમહેલ; (૫) લેમ્બર્ગમાં સોબીએસ્કીનું પૂતળું. ચોથી હાર: (૧) ૧૩૮૬માં લીથુઆનીઆના રાજકુંવર સાથે પોલાન્ડની રાણી યાડવીગાનાં લગ્ન, જે જર્મનીના આક્રમણ સામે એ બને રાજ્યોનું એક રાજદ્વારી પગલું હતું; (૨) ઝીગમંટ ઑગસ્ટના સમયમાં ક્રિશ્ચિયન સંપ્રદાયોના જોડાણના સ્મરણમાં; (૩) ટર્કીના આક્રમણ સામે પોલાંડના જોન સોબિએસ્કીએ કરેલું વિએનાનું પરિત્રાણ—પ્રસિદ્ધ ચિત્રકાર માટેયકોના તૈલચિત્ર ઉપરથી; (૪) જોન સોબિએસ્કી; (૫) બે સેનાનાયકો. પાંચમી હાર: (૧) લોકહિતની ભાવનાપર રચાએલા ૧૭૯૧ના બંધારણની જાહેરાત, જેને માટે બર્કે બ્રિટિશ પાર્લામેન્ટમાં પોલાંડને અભિનંદન આપ્યાં હતાં; (૨) પ્રસિદ્ધ ખગોળવેત્તા કોપર્નિકસ ૧૪૭૩-૧૫૪૩; (૩) સીલેસીઆની ખાણોમાં કામ કરતો મજૂર; (૪) સાહિત્યનું નોબેલ પારિતોષિક મેળવનાર પોલીશ નવલકથાકાર સિંકીએવિચ (૫) ૧૮૩૦-૩૧ની ક્રાન્તિ. છઠ્ઠી હાર: ૧૯૧૪માં પોતાના સૈનિકો સાથે ક્રેકોવમાંથી પિલસુદ્સ્કીનું પ્રયાણ; (૨) નૂતન પોલાંડનો ઘડનાર માર્શલ પિલસુદ્સ્કી; (૩) પોલાંડના લશ્કરનો વડો માર્શલ સ્મીગલી-રીડ્ઝ (૪) પોલાંડનો પ્રમુખ વૈજ્ઞાનિક મોશિટ્સ્કી (૫) અમેરિકાની સ્વાધીનતાના દોઢસો વર્ષના સ્મરણમાં કાઢેલી ટિકીટ. એ જાહેરાત વેળા પોલાંડની પહેલી ક્રાન્તિનો નેતા કોશિયુસ્કો હાજર હતો. સાથે ટોમસ પેઇન અને વૉશિંગ્ટન.